بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૪**

**રબીઉલ અવ્વલ-રબીઉલ આખર**

**હિજરી સન : ૧૪૩૫**

**વર્ષ : ૧૧, અંક : ૦૨, સળંગ અંક : ૧૨૨**



**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


01 પ્રો. તાહિર વિશે : ફૈંસલો તમારા હાથમાં !! 02

02 ફર્માને ગ઼ૌષે આ'ઝમ :
**મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે** 03

03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 09

04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 12

05 હદાઈક઼ે બખ્શિશ 14

06 હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 20

07 ગલતફહમી તથા તેની સુધારણા 22

08 અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં 24

09 ઉમ્મતના મહાન ઈમામો 25

10 ભીખ માગવું કોના માટે જાઈઝ અને કોના...... 29

11 મીલાદુન્નબી ﷺ મનાવવા સંબંધે.......... 32

12 દેવબંદી અક઼ીદો : ''હુઝૂર ખુદાને ત્યાં કશાય
કામ નહીં આવે''નું ઓપરેશન ! 37

13 ૧૧ વીં શરીફ અવલિયા તથા ઉલમાની દષ્ટિએ 43

14 બરકાતે ખ્વાજાની ટપાલ 47


## સબકો બહાર તાઝા દિખાતી હૈ ૧૧વીં

જબ અપને ગ઼ૌષે પાક કી આતી હૈ ગ્યારહવીં
સબકો બહાર તાઝા દિખાતી હૈ ગ્યારહવીં
હોતી હૈં ધૂમ ધામસે આલમમેં મજલિસેં
કાનોંકો મદહે ગ઼ૌષ સુનાતી હૈ ગ્યારહવીં
અજરે અઝીમ અહલે મજલિસ કો મિલતી હૈ
રહમત ખુદાએ પાકકી લાતી હૈ ગ્યારહવીં
કૈસે તુઝ્કસે હોતી હૈં હર સિમ્ત મેહફિલેં
મુન્કિર કો દબદબા યહ દિખાતી હૈ ગ્યારહવીં
હોતા હૈ હર મુરીદકા ક્યા બાગ બાગ દિલ
ગુલે ગુલશન જમાઅત દિખાતી હૈ ગ્યારહવીં
મુશ્તાક઼ દિલ મુરીદોંકા હોતા હૈ શાદમાં
મિસ્લે ઉરૂસ જલ્વા દિખાતી હૈ ગ્યારહવીં
''ગૌહર'' બના ક઼સીદા સુનાનેકા હૈ શૌક઼
લેકિન યહ દેખના હૈ કબ આતી હૈ ગ્યારહવીં
બગો અય અહલે સુન્નત રોઝો શબ અઝ સિદ્ક઼ે ઈક઼ાની
અગિષ્ના યા રસૂલલ્લાહ ! મદદ ! અય ગ઼ૌષે જીલાની رحمۃ اللہ علیہ

# પ્રો. તાહિર વિશે

## ફૈંસલો તમારા હાથમાં !

કાર્યાલય

અકાઈદ બાબતે વિવિધ ફિર્કા (શીઆ, વહાબી, દેવબંદી, એહલે હદીષ વગેરે)ના અકીદાને લગતા મસ્લક સંબંધી સવાલના જવાબમાં પ્રો. તાહિરુલ્ કાદરી પોતાનો મસ્લક સ્પષ્ટ શબ્દોમાં શું જાહેર કરે છે તે જુઓ :–

*"પ્રથમ તો જણાવે છે કે કોઈ માણસ એવો નથી હોતો કે એક જ સમયે સુન્ની પણ હોય, શીઆ પણ હોય, વહાબી અહલે હદીષ પણ હોય. દરેકનો કોઈ એક મસ્લકનો અકીદો હોય છે. પછી જણાવે છે કે પાકિસ્તાન મસ્લકો માટે નથી બન્યો, મુહમ્મદ અલી ઝીણા ઈસ્માઈલી શીઆ હતા...... પણ તેમના મસ્લકે પાકિસ્તાનમાં કોઈ દખલ નથી કરી. પછી કહ્યું, પાકિસ્તાન સઊદી અરબ નથી કે કોઈ એક મસ્લક (વહાબી)ની હુકૂમત હોય, પાકિસ્તાન ઈરાન નથી કે કોઈ એક મસ્લક (શીઆ)ની હુકૂમત હોય.......... (સારાંશ કે વહાબી, દેવબંદી, શીઆ, અહલે હદીષ વગેરે ફિર્કા સંબંધી અકીદાના મસ્લકની વાત થઈ રહી છે) પછી પ્રો. તાહિર જણાવે છે કે* ***"મસ્લક કી આપ બાત કરતે હૈં ?! મેરા મસ્લક હૈ, મૈં અહલે સુન્નત વલ જમાઅત હૂં, મગર મેરે મસ્લક મેં અહલે સુન્નત વ જમાઅત હોકર મૈં દુસરે મસાલિક (એટલે શીઆ, વહાબી, દેવબંદી, વગેરે)કો કાફિર નહીં કહતા ! ન કાફિર સમઝતા હૂં.*** *જિન લોગોંને યહ ફિત્ના ચલાયા હૈ ઉન્કે ઔર મેરે મસ્લકમેં ફર્ક યહ હૈ કે વો દૂસરે મસ્લક વાલોંકો યા કાફિર કહતે હૈં યા સિયાસતી (પોલિટિકલ) એતબારસે ઝુબાનસે નહીં કહતે તો દિલસે સમઝતે હૈં.* ***મૈં કિસીકો કાફિર ન કહતા હૂં ન સમઝતા હૂં..........."***

*–(પ્રો. તાહિરને પાકિસ્તાનમાં પૂછાયેલ પ્રશ્નનો જવાબ, પ્રશ્નકર્તા : ડો. દાનિશ)*

સારાંશ કે પ્રો. તાહિર સાહબ એવા સુન્ની છે કે વહાબી, દેવબંદી, શીઆ વગેરે ફિર્કાવાળાને કાફિર નથી જાણતા! **શું આવો માણસ સુન્ની રહી શકે ખરો ?!** આ લખાણને વારંવાર વાંચશો અને નક્કી કરી લેશો કે પ્રો. તાહિર સાહબ કેવળ જોર શોરથી કસમો ખાઈને કેવળ દાવા જ કરે છે, પણ અસલિયત એનાથી ઉલ્ટી જ હોય છે ! અહીં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે હું અહલે સુન્નત છું પણ એના સિવાયના મસ્લકવાળા (એટલે અન્ય ફિર્કાવાળા) એટલે વહાબી, અહલે હદીષ, શીઆ, દેવબંદી .... વગેરેને કાફિર ન કહું છું ન સમજું છું !

**સિક્કાની બીજી બાજુ !** : જ્યારે કે આ જ પ્રો. તાહિર સાહબને ઈ.સ. ૧૯૮૭માં સવાલ પૂછાયેલો કે વહાબી, દેવબંદી મસ્લકવાળા, ગુસ્તાખે રસૂલ ફિર્કાવાળાના વિશે "હુસ્સામુલ હરમેન"માં તેમના કાફિર હોવાનું તથા **مَنْ شَكَّ فِي كُفْرِهٖ وَعَذَابِهٖ فَقَدْ كَفَرَ**"જે તેમના કુફ્રમાં શક કરે તે પણ કાફિર" દર્શાવેલ છે તેને માનો છો કે નહીં ?! (જામે નૂર મંથલી–દિલ્હી, ડિસે. ૨૦૧૩, પેજ : ૧૩) તેના જવાબમાં પ્રો. સાહબે એ જ જામે નૂર મંથલીના પેજ નં. ૧૭ પર જણાવ્યું છે કે :–

આપે ગુસ્તાખે રસૂલને કાફિર કહેવાના બારામાં પૂછયું છે અને એવું પૂછયું છે કે, હું (પ્રો. તાહિર) **مَنْ شَكَّ فِي كُفْرِهٖ وَعَذَابِهٖ فَقَدْ كَفَرَ** "જે તેઓના કુફ્રમાં શક કરે તે પણ કાફિર છે"ને માનનારો છું કે નહીં ? (પછી લખે છે) : ***બિહમ્દિલ્લાહિ તઆલા મૈં ઈસ્કા સૌ બાર કાઈલ (માનનાર) હૂં....*** *કોઈ ઈન્તેહાઈ કમજોર ઈમાનવાલા શખ્સ ભી હુઝૂર ﷺ કે ગુસ્તાખકે કુફ્રમેં શક નહીં કર સકતા ઔર* ***જિસ્કો ઈસ્મેં શક હો વહ હરગિઝ સાહિબે ઈમાન (મુસલમાન) નહીં હો શક્તા."*** *–(જામે નૂર મંથલી–દિલ્હી, ડિસે. ૨૦૧૩, પેજ : ૧૭)*

હવે શરૂઆતનું લખાણ વાંચો..... એ જ પ્રો. તાહિર કહે છે...... *"અહલે સુન્નત વ જમાઅત હો કર મૈં દુસ્રે મસાલિક (શીઆ, વહાબી, અહલે હદીષ, દેવબંદી વગેરે) કો કાફિર નહીં કહતા, ન કાફિર સમઝતા હૂં !"* તો આં જનાબ પોતે જ પોતાને કાફિર ઠરાવી રહેલ છે કે નહીં ?! ફૈંસલો તમારા હાથમાં ! આને કહેવાય છે બે મોઢાંની વાત કરનાર ! બહુરૂપી !!

## ફર્માને ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ

# "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે"

(તંત્રી લેખ...)

**વાહ ક્યા મર્તબા અય ગ઼ૌષ હૈ બાલા તેરા**
**ઊંચે ઊંચોં કે સરોં સે ક઼દમ આ'લા તેરા** –(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)

સૈયદુલ અવલિયા હુઝૂર ગ઼ૌષે આ'ઝમ સરકારે બગદાદ શાહ મુહયુદ્દીન અબ્દુલક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની શાનની મહાનતા સમજવા માટે આજનો આ રૂહાનિયતથી ભરપુર લેખ આપની સમક્ષ હાજર છે જેમાં સરકાર ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના ફર્માન **قَدَمِی ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ** "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે"ના સામે દુનિયાભરના અવલિયાએ કિરામે શું પ્રત્યાઘાતો આપ્યા છે તે જાણીને આપના દિલમાંનું ઈમાનનું નૂર ઔર જગમગી ઉઠશે અને ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہની અક઼ીદતમાં ઔર વધારો થઈ જશે. અલ્લાહના વલીઓ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના ફર્માનની વિરુદ્ધ કદી વર્તતા નથી, અને જે **અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના ફર્માનની વિરુદ્ધ વર્તે તે હરગિઝ વલી નથી થઈ શકતો.** જેથી નક્કી થયું કે અલ્લાહના હુકમથી જ આ ફર્માન ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہએ બહાર પાડયું અને સર્વ વલીઓએ તેનો ખુશી ખુશી સ્વીકાર કર્યો, એટલું જ નહીં પણ પોતાના તરફથી વિવિધ પ્રત્યાઘાતો રજૂ કરી ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہથી કેવી અક઼ીદત પ્રદર્શિત કરી તેને જોતા ચાલો.

### ★ ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہના ફર્માન પર સૌની ગરદનો ઝુકી ગઈ ! ★

હાફિઝ અબુલ ઉઝ્ર અબ્દુલ મુગીષ બિન હર્બ બગદાદી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે જ્યારે અમે લોકો હલબની ખાનક઼ાહમાં હઝરત શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા તો ઈરાક઼ના મશાઈખની એક જમાઅત આપની મજલિસમાં મૌજૂદ હતી જેમાં ઘણા બધા મશહૂર મશાઈખ પણ હતા જેમાંથી અમુકનાં નામો આ પ્રમાણે છે :–

શયખ અલી ઈબ્ને હીતી, શયખ બક઼ા ઈબ્ને બતૂ, શયખ અબૂ સઈદ ક઼યલવી, શયખ અબૂ નજીબ સુહરવર્દી, શયખ શહાબુદ્દીન સુહરવર્દી, શયખ ઉષ્માન કર્શી, શયખ મકારિમ અકબર..... વગેરે વગેરે. (رحمۃ اللہ علیہم اجمعین) હઝરત ગ઼ૌષુષ્ષકલૈન શાહ મુહયુદ્દીન અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ મિમ્બર પર જલ્વા અફરોઝ હતા અને એક બલીગ ખુત્બા દરમ્યાન એકદમ આપના પર કશ્ફની હાલત છવાઈ ગઈ અને આપે અલ્લાહના હુકમથી આ ઈર્શાદ ફર્માવ્યો કે **قَدَمِی ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ (ક઼દમી હાઝા અ઼લા રક઼બતિ કુલ્લિ વલિય્યિલ્લાહ !)** "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે" તો તે સૌએ આપનો એ ઈર્શાદ સાંભળીને પોતાની ગરદનો ઝુકાવી લીધી, તદ્‌ઉપરાંત પૃથ્વીના પટ ઉપર જ્યાં જ્યાં કોઈ કુતુબ, અબ્દાલ અથવા વલી મૌજૂદ હતા તેમણે પણ આપનો અવાજ સાંભળ્યો અને પોતાની ગરદનો ઝુકાવી લીધી. વર્ણન કરવામાં આવે છે કે આ ફર્માન સાંભળતાં જ શયખ અલી બિન હીતી મિમ્બરની પાસે ગયા અને હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہનો ક઼દમ મુબારક પકડીને પોતાની ગરદન પર

રાખ્યો. મજલિસમાં મૌજૂદ સર્વ અવલિયા અલ્લાહે પોતાની ગરદન ઝુકાવી લીધી. *(કલાઈદુલ જવાહિર)*

### ★ શયખ અદી બિન મુસાફિર رحمۃ اللہ علیہનું બયાન ★

શયખ અબૂ મુહમ્મદ યૂસુફ આકૂલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : એકવાર હું શયખ અદી બિન મુસાફિર رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો તો શયખ અદીએ મને પૂછયું કે આપ ક્યાંના રહેવાસી છો ? તો મેં અર્ઝ કરી કે બગદાદ શરીફનો રહેવાસી છું અને શયખ ગૌષુષ્ષકલૈન رحمۃ اللہ علیہના મુરીદોમાંથી છું. આપે ફર્માવ્યું, સરસ ! સરસ ! એઓ તો સમયના કુતુબ છે ! જ્યારે તેમણે قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે" ફર્માવ્યું, ત્યારે ત્રણસો અવલિયા અલ્લાહ તથા સાતસો રિજાલે ગયબ જેમાંથી અમુક જમીન પર બેસનારા, અમુક હવામાં ઉડનાર હતા તેમણે પોતાની ગરદનો ઝુકાવી લીધી. તો એ મારી દષ્ટિએ તેમની મહાનતા તથા બુઝર્ગીના માટે પૂરતી દલીલ છે. *(બહજતુલ અસ્રાર)*

### ★ શયખ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہનું બયાન ★

એ જ શયખ અબૂ મુહમ્મદ યૂસુફ આકૂલી رحمۃ اللہ علیہ વર્ણન કરે છે કે એક અરસા પછી હું હઝરત શયખ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો અને શયખ અદી رحمۃ اللہ علیہએ જે ઉપર મુજબનું વાક્ય સરકારે બગદાદ رحمۃ اللہ علیہની શાનમાં કહ્યું હતું તે વર્ણન કર્યું તો આપે પરત જ ફર્માવ્યું, "શયખ અદીએ તદન સાચુ કહ્યું !"

"કલાઈદુલ જવાહિર"માં લખ્યું છે કે જ્યારે હઝરત સૈયદ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે" તો શયખ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہએ પોતાની ગરદનને ઝુકાવીને અર્ઝ કરી, "મારી ગરદન પર પણ !" હાજરજનોએ અર્ઝ કરી, હુઝૂર ! આપ આ શું ફર્માવી રહ્યા છો ?! આપે ફર્માવ્યું કે અત્યારે બગદાદ શરીફમાં હઝરત શયખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે"નું એલાન કર્યું છે અને મેં ગરદન ઝુકાવીને આદેશનું પાલન કર્યું છે.

### ★ શયખ અબૂ મદયન મગરબીનું બયાન ★

એક દિવસ શયખ અબૂ મદયન મગરબી رحمۃ اللہ علیہએ શહેરમાં પોતાની ગરદન નીચી કરતાં કહ્યું, "હે અલ્લાહ ! હું તને અને તારા ફરિશ્તાઓને ગવાહ બનાવું છું કે મેં તારો હુકમ સાંભળ્યો અને તારું આજ્ઞાપાલન કરું છું."

આપના મુરીદોએ આ શબ્દો કહેવાનો સબબ પૂછયો તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે શયખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ બગદાદ શરીફમાં ફર્માવ્યું, قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે." એના કેટલાક સમય બાદ હઝરત ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના મુરીદો બગદાદ શરીફથી પરત આવ્યા તો હઝરત અબૂ મદયન મગરબી رحمۃ اللہ علیہના મુરીદોએ તે દિવસ તથા તે સમય બતાવ્યો જ્યારે હઝરત અબૂ મદયન رحمۃ اللہ علیہએ પોતાની ગરદનને નીચી કરી હતી. તો ગૌષ પાકના મુરીદોએ સમર્થન કરતાં કહ્યું કે એ જ દિવસે અને એ જ સમયે ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ બગદાદમાં قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે"નું એલાન કર્યું હતું.

### ★ શયખ માજિદ કર્વી رحمۃ اللہ علیہનું બયાન ★

આપનો ઈર્શાદ છે કે જ્યારે સૈયદિના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ

"મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે" ફર્માવ્યું હતું તો એ વખતે કોઈ વલી અલ્લાહ જમીન પર બાકી ન રહ્યો કે જેણે તવાઝોઅ (નમ્રતા) સાથે આપના ઈલ્મ તથા મર્તબાનો સ્વીકાર કરીને ગરદન ન ઝુકાવી હોય, અને ન તો એ સમયે સાલેહ જિન્નતોમાંથી કોઈ એવી મજલિસ હતી કે જેમાં આ બાબતની ચર્ચા ન હોય. દુનિયાના તમામ આલમોના સાલેહ જિન્નાતોનાં પ્રતિનિધિમંડળો આપના દરવાજા પર હાજર હતાં. તે સૌએ આપને સલામનો હદિયો પેશ કર્યો અને સર્વે આપના દસ્તે હક્ક પરસ્ત (મુબારક હાથ) પર તૌબા કરી પરત થયા. *(બહજતુલ અસ્રાર)*

### ★ શયખ અબૂ સઈદ કૈલવી رحمۃ اللہ علیہનું બયાન ★

આપનું બયાન છે કે જ્યારે હઝરત ગૌષ પાક رحمۃ اللہ علیہએ **قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ** "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે" ફર્માવ્યું તો એ વખતે આપના કલ્બ (દિલ) પર અલ્લાહની તજલ્લીઓ ઉતરી રહી હતી અને રસૂલુલ્લાહ ﷺની તરફથી એક બાતિની ખિલ્અત આપવામાં આવી જેને મુકર્રિબીન ફરિશ્તાઓની એક જમાઅતે લાવીને અવલિયાએ કિરામના મજમામાં ગૌષે પાક رحمۃ اللہ علیہને પહેરાવી. એ વખતે ફરિશ્તાઓ તથા રિજાલુલ ગયબ આપની મજલિસની આસપાસ સફો બનાવીને એ રીતે ઉભા હતા કે આસમાનના કિનારાઓ ભરાયેલા દેખાતા હતા. એવા વખતે પૃથ્વીના પટ પર કોઈ વલી એવો ન હતો કે જેણે પોતાની ગરદન આપના ફર્માનની આગળ ન ઝુકાવી હોય. *(કલાઈદુલ જવાહિર)*

### ★ શયખ હયાત બિન કૈસ હિરાની رحمۃ اللہ علیہનું બયાન ★

એક શખ્સે ૩–રમઝાન મુબારકના રોજ હિ.સ. ૫૯૯માં હિરાનની જામેઅ મસ્જિદમાં હાજર થઈને શયખ હયાત બિન કૈસ હિરાની رحمۃ اللہ علیہથી બયઅત થવાની દરખાસ્ત કરી, તો આપે પૂછયું કે તમને મારા સિવાય કોઈ અન્યથી પણ નિસ્બત પ્રાપ્ત છે ? તેણે જવાબ આપ્યો કે હું શયખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہથી સંબંધિત રહ્યો છું, પરંતુ ન તો મેં તેમનાથી ખિર્કો મેળવ્યો છે અને ન તો કાંઈ બીજુ હાંસલ કરી શક્યો. એના પર હઝરત શયખ હિરાનીએ કહ્યું કે મેં પણ લાંબા અરસા સુધી આપના સાયામાં જિંદગી ગુજારી અને આપની મઅરેફતના નૂરથી ખૂબ જ ઉમદા જામ પીધા છે. આપ જે વખતે શ્વાસ લેતા ત્યારે આપના મુખ મુબારકથી એક કિરણ જાહેર થતું જેનાથી સમગ્ર આલમ રોશન થઈ જતું હતું અને સર્વ મગરિબવાસીઓના હાલાત તેમના મર્તબાઓના એતબારથી આપના પર રોશન થઈ જતા. અને જે વખતે આપને એવું કહેવાનો હુકમ આપવામાં આવ્યો કે **قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ** "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે" તો અલ્લાહ તઆલાએ તમામ અવલિયાએ કિરામના દિલોમાં અન્વારનો વધારો કર્યો, તેમના ઈલ્મોમાં બરકત અતા કરી, તેમના મર્તબાઓમાં ઉચ્ચતા આપી અને તેમને માથુ ઝુકાવી દેવાના બદલામાં અંબિયા, સિદ્દીકો, શહીદો તથા સાલેહોના ગિરોહમાં સામેલ કરી આપ્યા. *(કલાઈદુલ જવાહિર)*

### ★ અવલિયાની જમાઅતનું સમર્થન ★

મશાઈખની એક મહાન જમાઅતથી એ નકલ થયેલ છે કે હઝરત સૈયદ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, **قَدَمِیْ ھٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ** "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે" તો એ વખતે એક ઘણી જ મોટી જમાઅત હવામાં ઉડતી જોવા મળી. તે જમાઅત આપની ખિદમતમાં હાજર થવા માટે આવી, અને સૈયદના હઝરત ખિઝર علیہ السلامએ તેમને આપની ખિદમતમાં હાજર થવાનો

હુકમ આપ્યો હતો. જ્યારે આપે એલાન ફર્માવ્યું તો સર્વ અવલિયા અલ્લાહે આપને મુબારકબાદ આપી અને આ પ્રમાણે સંબોધન કર્યું : ''હે બાદશાહ તથા સમયના ઈમામ ! હે અલ્લાહના હુકમથી ક઼ાઈમ થનાર ! હે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ (હદીષ)ના વારિસ ! હે ઉચ્ચ મર્તબાવાળા ! કે જમીન તથા આસ્માન તેનું દસ્તરખાન છે અને સર્વ અહલે ઝમાના જેના અહલો અયાલ છે, હે તે શાનવાળા જેની દુઆથી વરસાદ વરસે છે, જેની બરકતથી જાનવરોના બાવલાંમાં દૂધ ઉતરે છે, જેની સમક્ષ અવલિયાએ કિરામ ઝુકાવવામાં આવેલા છે, જેની પાસે રિજાલુલ ગયબની ચાલીસ સફો ન્યાઝમંદાના તરીક઼ાથી ઉભેલી છે, તેમની દરેક સફમાં સિત્તેર સિત્તેર મર્દ છે, હે તે આલી મક઼ામ ! જેના હાથની હથેળી પર એવું લખેલું છે કે અલ્લાહ તઆલા તેમની સાથે કરવામાં આવેલા વાયદાને પૂર્ણ કરશે, અને જેની ત્રણ વરસની ઉમર શરીફમાં જ ફરિશ્તા તેની આસપાસ ફરતા હતા અને જેની વિલાયતની ખબર આપતા હતા.'' *(બેહજતુલ અસ્રાર)*

## ★ હઝરત ખ્વાજા ઉવૈસી કરની رحمۃ اللہ علیہનું ફર્માન ★

''તફરીહુલ ખાતિર ફી મનાક઼િબે શયખ અબ્દુલ ક઼ાદિર''માં ઈબ્ને મુહયુદ્દીન અર્બલીએ ''મિનાઝિલે અવલિયા ફી ફઝાઈલુલ અસ્ફિયા''ના હવાલાથી લખ્યું છે કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ તથા હઝરત અલી رضی اللہ عنہને હઝરત ઉવૈસ કરની પાસે જવાની વસિયત ફર્માવી અને ફર્માવ્યું કે ઉવૈસી કરની (رضی اللہ عنہ)ને મારા સલામ અને મારી કમીસ પહોંચાડીને કહજો કે તે મારી ઉમ્મતની બખ્શિશની દુઆ કરે.

જેથી જ્યારે એ હઝરાત તેમની ગયા અને હુઝૂર صلی اللہ علیہ وسلمનું ફર્માન સંભળાવ્યું તો ઉવૈસ કરની رضی اللہ عنہએ સજદામાં જઈને ઉમ્મતે મુહમ્મિદિયાની બખ્શિશની દુઆ માગી. નિદા આવી કે તારું માથુ ઉઠાવી લે કે મેં તારી શફાઅતથી અડધી ઉમ્મત બખ્શી આપી, અને અડધીને મારા મહબૂબ ગ઼ૌષે આ'ઝમ (رضی اللہ عنہ)ની શફાઅતથી બખ્શી દઈશ જે તારા બાદ પેદા થશે. ઉવૈસ કરની رضی اللہ عنہએ અર્ઝ કરી કે હે પરવરદિગાર ! તારો એ મહબૂબ કોણ છે અને કયાં છે કે હું તેની ઝિયારત (દીદાર) કરું ?! નિદા આવી કે તે دَنٰی فَتَدَلّٰی فَکَانَ قَابَ قَوْسَیْنِ اَوْ اَدْنٰیના સ્થાને છે, તે મારો મહબૂબ છે مَقْعَدِ صِدْقٍ عِنْدَ مَلِیْكٍ مُّقْتَدِرٍ તથા અને મારા મહબૂબ (صلی اللہ علیہ وسلم)નો પણ મહબૂબ છે. તે ક઼યામત સુધી જમીનવાળાઓ માટે હુજ્જત થશે અને સહાબા તથા ઈમામો સિવાય તમામ અવ્વલીન તથા આખરીન અવલિયાની ગરદનો પર એનો મુબારક ક઼દમ હશે, અને જે એને ક઼બૂલ કરશે તેને હું દોસ્ત (પ્રિય) રાખીશ. ઉવૈસ કરની رضی اللہ عنہએ ગરદન ઝુકાવી અને કહ્યું કે હું પણ એને ક઼બૂલ કરું છું.

## ★ હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہનો કિસ્સો ★

એ જ કિતાબમાં ઈબ્ને મુહયુદ્દીન અરબલીએ ''મુકાશફાતે જુનૈદિયા''ના હવાલાથી લખ્યું છે કે સૈયદુત્તાઈફા હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ એક દિવસ મિમ્બર પર બેસીને જુમ્આનો ખુત્બો આપી રહ્યા હતા એવામાં આપના ક઼લ્બ મુબારક પર તજલ્લિયાતે ઈલાહીનું ઉતરાણ થયું અને બહરે શહૂદ તથા મુકાશિફા (કશ્ફ)માં ડૂબી ગયા અને ફર્માવ્યું, ''મારી ગરદન પર એનો ક઼દમ વિના કોઈ ઈન્કારે !'' અને મિમ્બરનું એક પગથિયું ઉતરી આવ્યા. ખુત્બા તથા જુમ્આની નમાઝથી ફારિગ થયા બાદ લોકોએ આપને એ શબ્દોના વિશે આપને પૂછયું તો આપે ફર્માવ્યું કે કશ્ફની હાલતમાં મને જણાયું કે પાંચમી સદી હિજરીના મધ્યમાં હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمની ઔલાદે પાકમાંથી એક બુઝુર્ગ કુત્બે આલમ થશે જેનો લક઼બ મુહયુદ્દીન તથા નામ અબ્દુલક઼ાદિર હશે, અને તે અલ્લાહ તઆલાના હુકમથી કહેશે :

قَدَمِیْ هٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે" મારા દિલમાં એવો ખયાલ આવ્યો કે, જ્યારે હું એમનો સમકાલિન નથી તો તેમના ક઼દમ નીચે મારી ગરદન શા માટે રાખું ?! તો હક્ક઼ તઆલા તરફથી વૉર્નિંગ આવી કે કઈ ચીજે તને આ બાબત ભારે લગાડી છે ?! જેથી મેં તુરંત જ મારી ગરદન ઝુકાવી લીધી અને આ પ્રમાણે કહ્યું જે તમે સાંભળ્યું.

### ★ ખ્વાજા બહાઉદ્દીન નક઼્શબંદ رحمۃ اللہ علیہનું ફર્માન ★

આપને હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના આ કથન قَدَمِیْ هٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે"ના વિશે પૂછવામાં આવ્યું તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે ગરદન તો જુદી વાત છે આપનો ક઼દમ મારી આંખો પર છે." *(તફરીહુલ ખાતિર)*

### ★ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہએ શું કહ્યું ?! ★

ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ખુરાસાનના પહાડોમાં મુજાહિદા તથા રિયાઝતો, ઈબાદતોમાં મશ્ગૂલ હતા. જ્યારે હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ બગદાદ શરીફમાં મિમ્બર પર બેસીને ફર્માવ્યું, قَدَمِیْ هٰذَا عَلٰی رَقَبَۃِ کُلِّ وَلِیِّ اللّٰہِ "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે" તો ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ રૂહાની તૌર પર આ ઉચ્ચ આદેશ સાંભળીને પોતાની ગરદન એટલા અંશે નમાવી કે પેશાની જમીનને સ્પર્શવા લાગી અને અર્ઝ કરી, "આપના બંને ક઼દમ મારા માથા તથા આંખો પર !"

હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ ખ્વાજા સાહબના આ નિયાઝમંદીના ઈઝહારથી ખુશ થઈને ફર્માવ્યું કે સૈયદ ગ્યાષુદ્દીનના સાહબઝાદાએ ગરદન ઝુકાવવામાં અગ્રતા અપનાવી છે જેના સબબે નજીકમાં જ હિંદની વિલાયતથી નવાઝવામાં આવશે.

### ★ હઝરત બાબા ફરીદ ગંજે શકર رحمۃ اللہ علیہનું ફર્માન ! ★

"તફરીહુલ ખાતિર"માં ઈબ્ને મુહયુદ્દીન અરબલીએ "નુકાતુલ અસ્રાર"ના હવાલાથી લખ્યું છે કે એકવાર બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہની મજલિસ મુબારકમાં "વલીઓની ગરદનો પર ગ઼ૌષે આ'ઝમનો ક઼દમ મુબારક !"નો ઉલ્લેખ થયો. બાબા સાહબે ફર્માવ્યું કે આપનો ક઼દમ મુબારક મારી ગરદન પર જ નહીં બલ્કે મારી આંખની કીકી પર છે, એટલા માટે કે મારા પીર ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ મશાઈખમાંથી છે જેમણે આપનો ક઼દમ મુબારક પોતાની ગરદન પર રાખ્યો, જો હું એ જમાનામાં હોત તો ખરેખર આપનો ક઼દમ મુબારક મારી ગરદન પર રાખતો અને ગર્વથી અર્ઝ કરતો કે આપનો ક઼દમ મુબારક મારી આંખની કીક઼ી પર પણ !

### ★ હઝરત ખ્વાજા સુલૈમાન તોંસવી رحمۃ اللہ علیہનો જવાબ ★

'મખ્ઝનુલ અસ્રાર'માં લખ્યું છે કે ખ્વાજા સુલૈમાન તોંસવી ચિશ્તી સિલસિલાના ઘણા જ કામિલ બુઝુર્ગ હતા. આપની ઝિયારત (મુલાકાત, દીદાર)ના માટે આપના કેટલાક મુરીદો તોંસા શરીફ જઈ રહ્યા હતા, તેમની સાથે એક શખ્સ જે કાદરી સિલસિલાથી સંબંધિત હતો. વાતચીત દરમ્યાન હઝરત ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہના ક઼દમ મુબારકની ચર્ચા આવી. ક઼ાદરી મુરીદે કહ્યું કે આપનો ક઼દમ મુબારક અવ્વલીન તથા આખરીન સર્વ અવલિયાએ કિરામની ગરદનો પર છે. સુલૈમાન તોંસવી رحمۃ اللہ علیہના મુરીદોએ કહ્યું કે, પરંતું અમારા પીરો મુર્શિદની ગરદન પર નથી, કેમ કે અમારા પીર આ જમાનાના ગૌષ છે ! જ્યારે

તોંસા શરીફ પહોંચ્યા તો ક઼ાદરી મુરીદે આખો બનાવ હઝરત સુલૈમાન તોંસવી رحمۃ اللہ علیہને સંભળાવ્યો. આપે પૂછયું કે હઝરત શયખનો ક઼દમ મુબારક કેવળ અવલિયાએ કિરામની ગરદનો પર છે કે આમ લોકોની ગરદનો પર પણ છે ?! ક઼ાદરી મુરીદે કહ્યું કે કેવળ અવલિયાએ કિરામની ગરદનો પર છે, અવામ (પબ્લિક) એનાથી અપવાદ છે. ત્યારે શયખ સુલૈમાન તોંસવી رحمۃ اللہ علیہ જલાલમાં આવી ગયા અને કહ્યું કે, આ કમ્બખ્ત મુરીદો મને વલી અલ્લાહ નથી માનતા ! નહીં તો હઝરત ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہનો ક઼દમ મુબારક મારી ગરદન પર જરૂર સ્વીકારત.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*ગરદનેં ઝુક ગઈ સર બિછ ગએ દિલ તૂટ ગએ–કશ્ફે સાક઼ આજ કહાં ?! યહ તો ક઼દમ થા તેરા*

એ જ પ્રમાણે નજીકના સમયના મહાન વલી હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફારઝાખાં رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*યહ દિલ યહ જિગર યહ આંખે યહ સર હૈ–જહાં ચાહો રખ્ખો ક઼દમ ગ઼ૌષે આ'ઝમ*

## ★ શરીઅત પર ન ચાલનારથી ગ઼ૌષ પાક رضی اللہ عنہ નફરત કરતા ★

ઉપરોક્ત લખાણમાં આપે ગ઼ૌષે પાક رضی اللہ عنہની મહાનતાને સમજી લીધી કે આપ તમામ અવલિયાએ કિરામના સરદાર છે. આપની ખૂબ જ કરામતો જાહેર થયેલી છે પણ આપનો શરીઅતની પાબંદીથી લગાવ કેવો હતો તેના વિશે હઝરત શયખુલ ઈસ્લામ અઝુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આટલા પ્રમાણમાં તવાતુર (સતત રાવીઓ થકી) સાથે કોઈની કરામતો નથી મળતી જેટલી સુલ્તાનુલ અવલિયા શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہથી જાહેર થઈ છે. હઝરત ગ઼ૌષ પાક رضی اللہ عنہ અતિશય કક્ષાના સાવધાન હતા અને શરીઅતના ક઼ાનૂનો પર સખ્તીથી અમલ કરતા હતા અને તેમની તરફ સર્વ લોકોને ધ્યાનિત કરતા હતા. શરીઅતના વિરોધીઓથી હમેશાં નફરત પ્રદર્શિત કરતા. પોતાની સર્વ ઈબાદતો, મુજાહિદાઓ છતાં આપ બીવી બચ્ચાંનો સંપૂર્ણપણે ખયાલ રાખતા હતા. આપ ફર્માવતા હતા કે જે શખ્સ હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્ક઼ો) તથા હુકૂકુલ એબાદ (બંદાઓના હક્ક઼ો)ની રાહો પર ચાલે છે તે અન્ય લોકો કરતાં મુકમ્મલ તથા જામેઅ (સંપૂર્ણ તથા સમૃધ્ધ) હોય છે, કેમ કે એ જ સિફત નબી કરીમ صلی اللہ علیہ وسلمની પણ હતી. એ જ મક઼ામ પર પહોંચીને હઝરત શખય અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہએ ફર્માવ્યું હતું કે, ''મારો ક઼દમ દરેક વલીની ગરદન પર છે.'' કેમ કે એ દૌરમાં અન્ય કોઈ વ્યક્તિ આપના સમાન મર્તબાવાળો ન હતો જેનામાં આ સર્વ કમાલો સમાયેલા હોય. અને આ કથન થકી આપની મહાનતા તથા સન્માનનો હેતુ છે કેમ કે આપ હક઼ીક઼તમાં તાઝીમ તથા ઈજ્જતને પાત્ર પણ છે. અલ્લાહ તઆલા જેને ચાહે છે સિરાતે મુસ્તક઼ીમ અતા કરે છે. *(હવાલો : સીરતે ગ઼ૌષે આ'ઝમ, અઝ : આલમ ફક઼ી)*

આ લખાણ પરથી જેઓ શરીઅતની પાબંદીથી દૂર રહી કેવળ બાપ દાદાના નામનો ભપકો પાડી લોકોને ડરાવીને પ્રભાવિત કરીને દુનિયાની દૌલત તથા ઈજ્જત પામી લે છે તેમણે પણ ખુદાથી ડરવું જોઈએ કે જ્યારે ગ઼ૌષ પાક رضی اللہ عنہ આટલા મહાન મર્તબા પર હોવા છતાં શરીઅતના દામનથી દૂર થનારથી નફરત કરતા હતા અને પોતે અતિશય પાબંદ હતા શરીઅતના, સુન્નતોના, નમાઝો તથા સર્વ હુકમોના, તો પછી આપણે 'કિસ ખેતકી મૂલી' છીએ ?! એ સમજવું જોઈએ. તેમજ જે લોકોના દિલોમાં ગ઼ૌષપાક رضی اللہ عنہની ચાહત નથી, અને તેમના મર્તબાને જેઓ ગણકારતા જ નથી, તેવા બાતિલ ફિર્ક઼ાવાળા સાથે સગાઈ, સંબંધ, દોસ્તી કરવાથી દૂર રહીને, બલ્કે ગુસ્તાખો સાથેથી સંબંધો કટ કરી પોતાની તથા પોતાની ઔલાદના ઈમાનની રક્ષા કરવી જોઈએ.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

કાર્યાલય

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

یٰبَنِیْۤ
اِسْرَآءِیْلَ اذْكُرُوْا نِعْمَتِیَ الَّتِیْۤ اَنْعَمْتُ عَلَیْكُمْ وَ اَنِّیْ
فَضَّلْتُكُمْ عَلَى الْعٰلَمِیْنَ (۴۷) وَ اتَّقُوْا یَوْمًا لَّا تَجْزِیْ نَفْسٌ
عَنْ نَّفْسٍ شَیْــٴًـا وَّ لَا یُقْبَلُ مِنْهَا شَفَاعَةٌ وَّ لَا یُؤْخَذُ
مِنْهَا عَدْلٌ وَّ لَا هُمْ یُنْصَرُوْنَ (۴۸) وَ اِذْ نَجَّیْنٰكُمْ مِّنْ
اٰلِ فِرْعَوْنَ یَسُوْمُوْنَكُمْ سُوْٓءَ الْعَذَابِ یُذَبِّحُوْنَ
اَبْنَآءَكُمْ وَ یَسْتَحْیُوْنَ نِسَآءَكُمْؕ-وَ فِیْ ذٰلِكُمْ بَلَآءٌ مِّنْ
رَّبِّكُمْ عَظِیْمٌ (۴۹) وَ اِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَاَنْجَیْنٰكُمْ
وَ اَغْرَقْنَاۤ اٰلَ فِرْعَوْنَ وَ اَنْتُمْ تَنْظُرُوْنَ (۵۰)

**અય યાકૂબની ઔલાદ ! યાદ કરો મારૂં તે એહસાન જે મેં તમારા પર કર્યું અને એ કે સમગ્ર સમય પર તમને મોટાઇ આપી[૭૯] (૪૭) અને ડરો તે દિવસથી જે દિવસે કોઇ જીવ બીજાનો બદલો નહિ થઇ શકે[૮૦] અને ન કાફિર માટે કોઇ ભલામણ માનવામાં આવે અને ન કંઇક લઇને તેનો જીવ છોડવામાં આવે અને ન તેમની મદદ થઇ શકે[૮૧] (૪૮) અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી છૂટકારો આપ્યો[૮૨] કે તમારા પર ખરાબ અઝાબ કરતા હતા[૮૩] તમારા બેટાઓને કાપી નાખતા હતા અને તમારી બેટીઓને જીવતી રાખતા હતા[૮૪] અને એમાં તમારા રબ તરફથી મોટી બલા હતી અથવા મોટું ઇનામ[૮૫] (૪૯) અને જ્યારે અમે તમારા માટે દરિયાને તિરાડો પાડી તો તમને બચાવી લીધા અને ફિરઔનવાળાઓને તમારી આંખોની સામે ડૂબાડી દીધા[૮૬] (૫૦)**

૭૯. સમગ્ર સમય પર તમને મોટાઇ આપી, આયતમાં બની ઇસરાઇલને 'આલમીન' પર ફઝીલત આપવાનું બયાન છે, આલમીનના શબ્દની મુરાદ આદીથી અંત સુધીના સમયની નથી, પણ મતલબ એ છે કે તમારા વડવાઓને તેમના સમયમાં જે લોકો હતા તેમના પર મોટાઇ આપી, અથવા અમુક બાબતોમાં ફઝીલત - મોટાઇ આપવાનું મુરાદ છે, જે બીજી કોઇ ઉમ્મતની ફઝીલત માટે વાંધારૂપ નથી હોઇ શકતું, માટે ઉમ્મતે મુહમ્મદિયહ માટે ફર્માવવામાં આવ્યું كُنْتُمْ خَیْرَ اُمَّةٍ (તમો સર્વોત્તમ ઉમ્મત છો). (રૂહુલ બયાન જુમલ)

૮૦. અને ડરો તે દિવસથી જે દિવસે કોઇ જીવ બીજાનો બદલો નહિ થઇ શકે, તે દિવસ કયામતનો છે. આયતમાં 'નફસ' નો શબ્દ બે વાર આવ્યો છે, પહેલાંથી નફસે મોમિન અને બીજાથી કાફિર મુરાદ છે. (મદારિક)

૮૧. وَلَا هُمْ یُنْصَرُوْنَ પછીથી રૂકૂઅના અંત સુધી ૧૦ નેઅમતોનું બયાન છે, જે આ બની ઇસરાઇલના પૂર્વજોને મળી હતી.

૮૨. અને યાદ કરો જ્યારે અમે તમને ફિરઔનવાળાઓથી છૂટકારો આપ્યો, ફિરઔનવાળાઓ એટલે 'અમાલિકા' અને 'કિબ્તી' નામની કોમો, તે સમયે જે માણાસ મિસરનો બાદશાહ બનતો તેને 'ફિરઔન' કહેતા હતા, હઝરત મૂસા અલયહિસ્સલામના સમયમાં ફિરઔનનું નામ વલીદ બિન મુર્સબ બિન રય્યાન હતું, આ આયતમાં તેનું જ બયાન છે. તેની ઉંમર ૪૦૦ વરસથી પણ વધારે થઇ હતી, આલે ફિરઔનનો મતલબ તેના માનનારાઓ છે. (જુમલ વિ.)

૮૩. કે તમારા પર ખરાબ અઝાબ કરતા હતા, અઝાબ બધા જ ખરાબ હોય છે, એટલે 'ખરાબ અઝાબ' તે કહેવાશે જે બીજા અઝાબોથી પણ વધારે સખત હોય, એટલા માટે જ તરજુમો કરનાર હઝરતે 'સુઅલ અઝાબ' નો તરજુમો 'બુરા અઝાબ' એવો કર્યો છે, (કમા ફીલ જલાલૈન વગેરહ) ફિરઔને બની ઇસરાઇલ પર ઘણી જ નિર્દયતાથી મેહનત અને શ્રમના મુશ્કેલ કામો લાદ્યાં હતાં, પથ્થરોના પહાડો તોડતાં તોડતાં તેમની ગરદનો અને પીઠો ઝખ્મી થઇ ગઇ હતી, ગરીબો પર ટેક્ષ નાખતો હતો જે સૂર્યાસ્ત પહેલાં બળજબરીથી વસૂલ કરાતા હતા, જે નાદાર આ ટેક્ષ કોઇ દિવસ ન આપી શકતો તો તેના હાથોને બોચી માથે મેળવીને બાંધી દેવામાં આવતા હતા, અને એક મહિના સુધી આવી મુસીબતોમાં જ રાખી મૂકવામાં આવતો હતો અને આ સિવાય પણ બીજી નિર્દય સખ્તીઓ કરવામાં આવતી હતી. (ખાઝિન વિ.)

૮૪. તમારા બેટાઓને કાપી નાખતા અને તમારી બેટીઓને જીવતી રાખતા, ફિરઔને સ્વપ્નું જોયું કે બયતુલ મુકદ્દસ તરફથી આગ આવી, તેણે મિસરને ઘેરીને બધા જ કિબતીઓને (ફિરઔનને માનનારાઓને) સળગાવી દીધા, બની ઇસરાઇલને કશું જ નુકસાન થયું નહિ, આ સ્વપ્નાથી તેને ઘણી જ ગભરામણ થઇ, જ્યોતિષીઓએ સ્વપ્નાનો અર્થ એવો કહ્યો કે બની ઇસરાઇલમાં એક છોકરો પેદા થશે, જે તારી અને તારા રાજપાટની બરબાદીનું કારણ બનશે. આ સાંભળીને ફિરઔને હુકમ કર્યો કે બની ઇસરાઇલમાં જે છોકરો પૈદા થાય તેનો વધ કરવામાં આવે, ગર્ભવતી સ્ત્રીઓની તપાસ રાખવા દાયણો નક્કી કરી દેવામાં આવી, અને આ રીતે યહૂદીઓના ૧૨૦૦૦ અને એક રિવાયત મુજબ ૭૦,૦૦૦ છોકરાઓ જન્મતાંની સાથે જ કાપી નાખવામાં આવ્યા, અને ૯૦,૦૦૦ ગર્ભ પાડવામાં આવ્યા, અને બની ઇસરાઇલના વૃદ્ધો ખુદાની મરજીથી વહેલા વહેલા મરવા લાગ્યા, ત્યારે કિબ્તી કોમના આગેવાનોએ ફિરઔનને ફરિયાદ કરી કે બની ઇસરાઇલના લોકો તો ટપોટપ મરવા લાગ્યા છે, અને તેમના જન્મતા બાળકો પણ મારી નાખવામાં આવે છે, જો આ રીતે તેમનો નાશ થયો તો પછી અમને નોકરો ક્યાંથી મળશે ? ત્યારે ફિરઔને હુકમ કર્યો કે એક વર્ષે મારવાનું બંધ કરવામાં આવે, તો કત્લ બંધના વર્ષે હઝરત હારૂન પેદા થયા, અને ચાલુ કત્લના વર્ષે હઝરત મૂસા علیہ السلام નો જન્મ થયો.

૮૫. અને એમાં તમારા રબ તરફથી મોટી બલા હતી અથવા મોટું ઇનામ, બલા ઇમ્તેહાન અને આજમાઇશને કહે છે, આજમાઇશ નેઅમત આપીને પણ કરાય છે, અને દુ:ખ તેમજ મહેનત આપીને પણ કરાય છે, નેઅમતથી બંદાની શુક્રગુજારી (આભારવશતા) અને દુ:ખથી સબ્ર (ધીરજ)ની હાલત જાહેર થાય છે. આયતમાં 'ઝાલિકુમ'ના શબ્દનો ઇશારો ફિરઔનના જુલ્મ તરફ હોય તો અજમાઇશ એટલે કે બલાનો મતલબ દુ:ખ અને મહેનતનો થશે, અને એ શબ્દનો ઇશારો એ બલાથી છોડાવવા તરફ હોય તો એનાથી નેઅમત મુરાદ લેવાશે.

૮૬. અને જ્યારે અમે તમારા માટે દરિયાને તિરાડો પાડી, અહીંથી બીજી નેઅમતનું બયાન છે, જે બની ઇસરાઇલને આપવામાં આવી કે ફિરઔ-

નને તેની કૌમ સહીત એમની નજરની સામે ડૂબાડી દીધો, અહીં 'આલે ફિરઔન'નો મતલબ ફિરઔન તેની કૌમ સહીત એવો થાય છે, જેમકે كَرَّمْنَا بَنِىٓ اٰدَمَ માં હઝરત આદમ અને તેમની ઔલાદ બન્ને દાખલ છે.

કિસ્સો એ પ્રમાણે છે કે અલ્લાહ પાકના હુક-મથી હઝરત મૂસા عليه السلام બની ઇસરાઇલને લઇને મિસરમાંથી રાતોરાત નીકળી પડયા, સવારમાં ફિરઔન તેમની શોધમાં મોટુ સૈન્ય લઇને નીકળ્યો, અને તેમને દરિયાના કિનારે પકડી પાડયા, બની ઇસરાઇલે ફિરઔનનું સૈન્ય જોઇને હઝરત મૂસા અલયહિસ્સલામને બચાવનો રસ્તો કાઢવાની વિનંતી કરી ત્યારે અલ્લાહના હુકમથી હઝરત મૂસા અલયહિસ્સલામએ દરિયામાં પોતાનો અસો (લાકડી) માર્યો તો, પાણીની વચમાં ૧૨ સુકા રસ્તાઓ તૈયાર થઇ ગયા, પાણી દીવાલોની જેમ ઉભું થઇ ગયું, અને એ પાણીની દીવાલોની વચમાં બારીઓની જેમ બાકોરાં પણ પડી ગયાં, બની ઇસ-રાઇલની દરેક ટોળી એક બીજાને જોતી અને વાતો કરતી આ રસ્તાઓમાંથી પસાર થઇ ગઇ, ફિર-ઔન દરિયામાં રસ્તો જોઇને તેમાં ચાલુ થયો, જ્યારે તેનું આખું સૈન્ય દરિયામાં ઉતરી પડયું ત્યારે દરિયો તેની અસલ સ્થિતિ પર આવી ગયો, અને બધા જ ફિરઔનીઓ તેમાં ડૂબી મર્યા, તે દરિયાની પહોળાઇ ૧૫ માઇલ હતી, આ 'બહરે કલ્ઝુમ' (રાતો સમુદ્ર)નો બનાવ છે, જે મિસર અને મક્કાની વચમાં અને ઇરાનના અખાતના કિનારે આવેલો છે, અથવા મિસરની પાછળનો છે જેને અસાફ કહે છે.

બની ઇસરાઇલ દરિયાના કિનારે ઉભા રહીને ફિરઔનીઓને ડૂબતા જોઇ રહ્યા હતા, આ બનાવ મોહર્રમની ૧૦મી તારીખે બન્યો હતો, હઝરત મૂસા عليه السلامએ તે દિવસે શુક્રનો રોઝો રાખ્યો, હુઝૂર ﷺના સમય સુધી યહૂદીઓ તે દિવસે રોઝો રાખતા હતા, હુઝૂર ﷺ એ પણ તે દિવસનો રોઝો રાખ્યો, અને ફરમાવ્યું કે હઝરત મૂસા عليه السلامના વિજયની ખુશી મનાવવા માટે અમે યહૂદીઓ કરતાં વધુ હકદાર છીએ.

**મસઅલો** : એનાથી માલૂમ પડયું કે આશૂ-રાનો રોઝો સુન્નત છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે પૈગમ્બરો પર જે ઇનામ થયું તેની યાદ મનાવવી અને શુક્ર બજાવી લાવવો મસ્નૂન છે.

**મસઅલો** : એ પણ ફલિત થયું કે આવી બાબતો માટે દિવસ નક્કી કરવો સુન્નતે રસૂલ છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે પૈગમ્બ-રોની યાદગાર કાફિરો મનાવતા હોય તો પણ તેને છોડવી જોઇએ નહીં.

## ★ હુઝૂર તાજુશ્શરીઅહનો દૌરાએ ગુજરાત ★

તા. ૬–૧૨–૨૦૧૩ જુમ્આના રોજ તાજુશ્શરીઅહ મુફ્તી હુઝૂર અખ્તર રઝા અઝહરી મિયાં مدظلہ العالی અહમદાબાદ (દાણી લીમડા) તશરીફ લાવ્યા હતા જ્યાં રાત્રે હજારો અકીદતમંદોની ભીડ વચ્ચે "મસ્જિદે બહારે શરીઅત"ની સંગે બુન્યાદ કરી હતી. ત્યાંથી મંડાલી મુકામે ઈશાબાદ દારુલ ઉલૂમ સૈયદ અલી સરકાર ખાતે "તહફ્ફુઝે અકાઈદે અહલે સુન્નત કોન્ફરન્સ"માં હાજરી આપી અને સેંકડો લોકોને મુરીદ કર્યા હતા. બીજા દિવસે જામજોધપુર મુકામે ખલીફાએ આ'લા હઝરત મૌલાના મહેમૂદ જાન રઝવી رحمۃ اللہ علیہના ઉર્સ મુબારકમાં હાજરી આપી હજારો અકીદતમંદોને ફયૂઝયાબ કર્યા હતા. આપના સાહબઝાદા હઝરત મૌલાના અસ્જદ રઝા સાહબ તેમજ અન્ય ઉલમાએ હાજરી આપી હતી. તદ્ઉપરાંત તા. ૮–૧૨–૨૦૧૩ના રોજ પોરબંદર ખાતે દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના દસ્તારબંદીના જલસામાં હાજરી આપી હતી. ત્યાં હુઝૂર મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ તેમજ અન્ય ઉલમાએ કિરામે પણ હાજરી આપી હતી.

દર્સે હદીષે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ બે કબરો પાસેથી પસાર થયા તો ફર્માવ્યું કે આ બંનેવને અઝાબ આપવામાં આવી રહ્યો છે અને કોઈ મોટી ચીજમાં અઝાબ નથી આપવામાં આવી રહ્યો, એમાંનો એક તો પેશાબથી સાવધાની કરતો ન હતો, અને મુસ્લિમની રિવાયતમાં છે કે પેશાબથી પરહેઝ કરતો (બચતો) ન હતો અને બીજો ચુગલખોરી કરતો ફરતો હતો. પછી આપે એક લીલી તર ડાળી લીધી અને તેને ચીરીને બે ભાગ કર્યા પછી દરેક કબ્રમાં તેને ખોસી આપી. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપે આવું શા માટે કર્યું ? તો ફર્માવ્યું કે ક્યાંક જ્યાં સુધી આ ન સૂકાય ત્યાં સુધી તેમનો અઝાબ હળવો થાય[૧]. (મુસ્લિમ, બુખારી)

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બે લઅનતી કામોથી બચો[૨] સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ લઅનતી કામો ક્યાં છે ? ફર્માવ્યું, તે કે લોકોના માર્ગ અથવા છાંયડાની જગા પર જાજરૂ કરવુ[૩]. (મુસ્લિમ)

હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી[૪] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પીએ તો વાસણમાં શ્વાસ ન લે[૫] અને જ્યારે જાજરૂ થાય તો પેશાબની જગા જમણા હાથે ન સ્પર્શે અને ન જમણા હાથે ઈસ્તિંજો કરે[૬]. (મુસ્લિમ બુખારી)

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે વુઝૂ કરે તે નાકમાં પાણી લે અને જે ઈસ્તિંજો કરે છે તે એકી (સંખ્યા)માં કરે[૭]. (બુખારી વ મુસ્લિમ)

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે જાજરૂ જતા તો હું તથા એક છોકરો પાણીનુ વાસણ અને બરછી લેતા. આપ પાણી વડે ઈસ્તિંજો કરતા[૮]. (બુખારી, મુસ્લિમ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આ હદીષ ખૂબ જ સચોટ છે એના થકી ઘણા બધા મસાઈલ કાઢી શકાય છે જેમાંથી અમુક આ પ્રમાણે છે : (૧) હુઝૂર ﷺ ની નિગાહ માટે કોઈ ચીજ આડ નથી, ઉઘાડી ઢંકાયેલી દરેક ચીજ આપના સમક્ષ જાહેર છે. કેમ કે અઝાબ કબરની અંદર છે અને હુઝૂર ﷺ કબરની ઉપર ઉભેલા છે છતાં અઝાબને જોઈ રહ્યા છે. (૨) હુઝૂર ﷺ મખ્લૂકનાં દરેક ઉઘાડાં ગુપ્ત કામોને જોઈ રહ્યા છે કે કોણ શું કરી રહ્યું છે અને શું કરતો હતો ? ફર્માવ્યું કે એક ચુગલી કરતો હતો અને એક પેશાબથી બચતો ન હતો. (૩) સગીરા ગુનોહ છે છતાં અઝાબ થઈ રહ્યો છે. (૪) હુઝૂર ﷺ દરેક ગુનાહનો ઈલાજ પણ જાણે છે, જુઓ કબો પર ડાળીઓ રાખી જેથી અઝાબ હળવો થાય. (૫) કબરો પર લીલોતરી, ફૂલ હાર વગેરે રાખવું સુન્નતથી સાબિત છે કે એની તસ્બીહથી મુડદાને રાહત થાય છે. (૬) કબર પર કુર્આને પાકની તિલાવત કરવી, ત્યાં હાફિઝ બેસાડવો ઘણુ સારું છે, કેમ કે જ્યારે લીલી ચીજની તસ્બીહ (ઝિક્ર)થી અઝાબ હલકો થાય છે તો માણસના ઝિક્રથી જરૂર હલકો થશે. અશિઅતુલ લમ્આતે જામિઉલ ઉસૂલથી રિવાયત કરી કે હઝરત બરીદા સહાબીએ વસિયત કરી હતી કે મારી કબ્ર પર ડબલ ડાળીઓ

રાખવામાં આવે જેથી નજાત નસીબ થાય. (૭) જો કે દરેક લીલી સૂકી ચીજ તસ્બીહ પઢે છે પણ લીલી ચીજની તસ્બીહથી મુડદાને રાહત નસીબ થાય છે. એ જ રીતે **બેદીનની કુર્આનની તિલાવતનો કોઈ ફાયદો નથી** કેમ કે એમાં કુફ્રની ખુશ્કી (સૂકાપણુ) છે. **મુસલમાનની તિલાવત ફાયદાકારક છે** કેમ કે એમાં ઈમાનની તરી છે. (૮) ગુનેહગારોની કૃબર પર લીલી ચીજ અઝાબ હલકો કરશે, બુઝુર્ગોની કૃબ્ર પર લીલી ચીજ દફ્ન થયેલાના સવાબ તથા દરજામાં વધારો કરશે, જેમ કે મસ્જિદના કૃદમ વગેરે. (૯) હલાલ જાનવરોનો પેશાબ નાપાક છે જેનાથી બચવું વાજિબ છે. જુઓ ઊંટનો ચારનારો ઊંટના પેશાબના છાંટાઓથી ન બચવાના કારણે અઝાબમાં સપડાયો. (૧૦) "સૂકી ન થવાની" શરતથી જાણવા મળ્યું કે આ અસર કેવળ હુઝૂર ﷺના હાથ મુબારકની ન હતી, બલ્કે આપણે પણ કૃબર પર લીલોતરી રાખીએ તો એવી જ તાસીર પેદા થશે. (૧૧) બુઝુર્ગોના કૃબ્રસ્તાનમાં કૃદમ રાખવાની બરકતથી ત્યાંથી અઝાબ ઉઠી જાય છે અથવા ઓછો થઈ જાય છે. *(મિર્કાત)*

**૨.** એટલે કે જે બે કામોના કારણે લોકો તેના કરવાવાળાને ભલુબુરુ કહે છે એનાથી પરહેઝ કરો.

**૩.** એટલે રસ્તા વચ્ચે જ્યાં સામાન્યતઃ લોકોની અવર જવર થતી હોય ત્યાં જાજરૂ ન કરો, એ જ પ્રમાણે જે છાંયડામાં લોકો તકડાના સમયે સામાન્યતઃ સૂએ બેસે છે ત્યાં પણ જાજરૂ ન કરો કે એનાથી રબ તઆલા પણ નારાજ થાય છે, લોકો એને બુરુ કહે છે. જેથી આ હદીષ એ રિવાયતની વિરૂદ્ધ નથી કે નબી ﷺએ જંગલમાં કૃઝાએ હાજત ફર્માવી. કેમ કે એ જગા લોકોના આરામ માટેની ન હતી. મિર્કાતે ફર્માવ્યું કે પાણીના ઘાટ તથા આમ રસ્તા પર જાજરૂ ન કરે અને કોઈની માલિકીની જમીનમાં એની રજા વિના ન કરે.

**૪.** આપનું નામ હારિષ ઈબ્ને રબઈ અથવા ઈબ્ને નુઅમાન છે. અન્સારી ઝફરી છે. બયઅતે ઉકૃબા તથા તમામ ગઝવાતમાં સામેલ રહ્યા. બદર કે ઓહદમાં આપની આંખ નીકળી ગઈ હતી, તો હુઝૂર ﷺએ એ જ જગાએ રાખીને લૂઆબ (થૂક) શરીફ લગાડી આપ્યું તો તે બીજી આંખ કરતાંય વધુ રોશન થઈ ગઈ. અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہના અખ્યાફી ભાઈ (મા એક બાપ અલગ) એટલે કે મા શરીક ભાઈ છે. સિત્તેર વરસની ઉમર પામ્યા. હિ.સ. ૫૪માં મદીના મુનવ્વરામાં વિસાલ ફર્માવ્યો.

**૫.** બલ્કે વાસણ મોઢાથી અલગ કરીને શ્વાસ લે જેથી થૂંક કે લીંટ પાણીમાં ન પડે. તેમજ શ્વાસમાં અંદરની ગરમી તથા ઝેરીલુ તત્વ હોય છે જે પાણીમાં ભળીને બીમારી પેદા કરે છે. એનાથી જાણવા મળ્યું કે ચાય વગેરે ગરમ ચીજોમાં ફૂંક મારવી મના છે.

**૬.** કેમ કે જમણો હાથ ખાવા પીવા અને તસ્બીહ તથા તહલીલની ગણત્રી કરવા માટે છે, જેથી એને ગંદા કામમાં ન વાપરે. સૂફીઓ ફર્માવે છે કે એ જ પ્રમાણે જીભ તથા આંખ તથા કાનને ગુનાહોમાં ન વાપરે કેમ કે આ ચીજો અલ્લાહનો ઝિક્ર કરવા, કુર્આનને જોવા સાંભળવાના માટે છે.

**૭.** જાણવા મળ્યું કે વુઝૂમાં નાકમાં પાણી લઈને સાફ કરવું સુન્નત છે. અને જાજરૂ કર્યા પછી ઢેલાઓ વડે ઈસ્તિંજા કરવો અને એકી સંખ્યામાં ઢેલાં લેવાં સુન્નત છે. પાણી વડે ઈસ્તિંજો અમુક સ્થિતિઓમાં ફર્ઝ છે, અમુકમાં વાજિબ અમુકમાં સુન્નત છે.

**૮.** એ બીજા સાહબ હઝરત ઈબ્ને મસ્ઊદ હતા અથવા અબૂ હુરૈરહ અથવા બિલાલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હતા જેમના માથે એ ખિદમતો હતી. પાણી વડે તો આપ ઢેલાંઓ પછી ઈસ્તિંજો કરતા હતા અને બરછી વડે જમીનથી ઢેલાં કાઢતા અથવા પેશાબ માટે જગા નરમ કરતા હતા અથવા પેશાબ બાદ વુઝૂ કરતા હતા. બરછીને સુતરો બનાવીને બે નફ્લ વુઝૂના પઢતા હતા. હવે અમુક બુઝુર્ગો સાથે ગોળાવાળો અસો (સ્ટીક) રહે છે એ એ જ મસ્લેહતોથી રહે છે. એનો માખઝ આ જ હદીષ છે.

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

### વિભાગ : ૪

### દર મુનાફહતે અઅ્દા વ ઈસ્તિઆનત અઝ આક઼ા એટલે દુશ્મનોથી બચાવ અને આક઼ા હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہથી મદદ માંગવાના બયાનમાં

**અલ અમાં કહર હૈ અય ગ઼ૌષ વો તીખા તેરા**
**મરકે ભી ચૈન સે સોતા નહીં મારા તેરા**

*(અલઅમાં = ખુદાની પનાહ, કહર = નારાઝગી, ગ઼ૌષ = મદદ કરનાર, મુરાદ ગ઼ૌષે આ'ઝમ શૈખ અબ્દુલ ક઼ાદિર જિલાની رضی اللہ عنہ, તીખા = તેજ, અસરકારક)*

**અર્થ :** અલ્લાહની પનાહ ! હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના ગઝબનો જે શિકાર બની જાય તે મૃત્યુ પછી પણ શાંતિ પ્રાપ્ત નથી કરી શકતો, કારણ કે તે હમેશાંના અઝાબમાં સપડાયેલો થઈ જાય છે.

શૈખ અબ્દુલ ક઼ાદિર ઈરબુલી رضی اللہ عنہ પોતાની કિતાબ "તફરીહુલ ખાતિર"ના પેજ નં. ૩૪, ૩૫ પર લખે છે : ગ઼ૌષે પાક હિઝરે મુર્તઝવીનો વઝીફો પઢતા હતા તેના અધિક વિર્દના કારણે આપ પર પ્રારંભિક હાલતમાં જલાલનો ગલ્બો એવો હતો કે જેવી કે મુન્કિરોની ગરદન કાંપનાર તલ્વાર અને દુશ્મનોના જિગરમાં પહોંચનાર તીર, એટલા માટે મુન્કિરીનમાંથી જેણે પણ આપનુ નામ મુબારક વગર વુઝૂએ લીધુ તેની ગરદન સૈફુલ્લાહથી કાપી નાખવામાં આવી. પછી મુકાશફામાં હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની ઝિયારત થઈ તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "તમે ખૂદ સૈફ (તલ્વાર) બની ગયા છો હવે તે વઝીફાને પઢવાની જરૂરત નથી." *(તફરીહુલ ખાતિર, પેજ : ૩૪, ૩૫)*

**બાદલોં સે કહીં રુકતી કળકતી બિજલી**
**ઢાલેં છંટ જાતી હૈં ઉઠતા હૈ જો તેગા તેરા**

*(બાદલો = વાદળો, કળકતી = કડકતી, બિજલી = વીજળી, ઢાલેં = લોખંડનું તે સાધન જેનાથી દુશ્મનના વાર રોકવામાં આવે છે, છંટ જાતી હૈ = કપાઈ જાય છે, તેગા = નાની તલ્વાર, ખંજર)*

**અર્થ :** જેવી રીતે વાદળો વીજળીની કડકને નથી રોકી શકતા એવી રીતે આપના ગઝબના વારને દુશ્મનોની ઢાલો નથી રોકી શકતી, જો આપનો તેગો (નાની તલ્વાર) પણ ચાલે તો તો ઢાલોના ટુકડે ટુકડા થઈ જાય છે.

**અકસ કા દેખ કે મુંહ ઔર બિફર જાતા હૈ**
**ચાર આઈના કે બલ કા નહીં નેઝા તેરા**

*(અકસ = પડછાયો, બિફર જાતા હૈ = વિફરી જાય છે, ચાર આઈના = બખ્તર, બલ = બળ, નેઝા = ભાલો)*

**અર્થ :** હે ગૌષે પાક ! رضی اللہ عنہ આપના દુશ્મનના પડછાયાને જોતાં જ આપનો નેઝો જલાલમાં આવી જાય છે અને દુશ્મનના બખ્તરમાં એટલી તાકૃત ક્યાં છે કે આપના નેઝાના વારને રોકી શકે !

**કોહ સરમુખ હો તો એક વાર મેં દો પર કાલે**
**હાથ પળ્તા હી નહીં ભૂલ કે ઓછા તેરા**

*(કોહ = પહાડ મુરાદ પહાડ જેવો પહેલવાન, સરમુખ = (હિંદી શબ્દ) મુકૃાબલો, દો પર કાલે = બે ટુકડા, ભૂલ કે = ભૂલથી, ઓછા = હળવુ, 'ઓછા હાથ પળના !' ઉર્દૂ મુહાવરો છે જેનો અર્થ વાર હલ્કો નથી પડતો)*

**અર્થ :** હે ગૌષે પાક ! رضی اللہ عنہ આપના મુકૃાબલામાં જો પહાડ જેવો મજબૂત પહેલવાન પણ આવી જાય તો આપના એક જ વારમાં બે ટુકડા થઈ જાય. કારણ કે આપનો વાર કદી ભૂલથી પણ હળવો હોતો નથી !

**ઈસ પે કૃહર કે અબ ચંદ મુખાલિફ઼ તેરે**
**ચાહતે હૈં કે ઘટા દૈં કહીં પાયા તેરા**

*(ઈસ પે = એવી પરિસ્થિતિમાં, કહર = ગજબ, ચંદ = અમુક, મુખાલિફ઼ = વિરોધી, ઘટા દૈં, ઘટાડી દે, કહીં = કોઈપણ રીતે, પાયા = મર્તબો)*

**અર્થ :** અલ્લાહ પાકે આપને મહાન મર્તબો અતા કર્યો છે, મુન્કિરો પર આપનો કોઈ વાર ખાલી જતો નથી. આવી સ્થિતિમાં પણ અમુક આપના વિરોધીઓ ઈચ્છે છે કે ગમે તે રીતે આપના મર્તબાને ઘટાડી દઈએ.

**અકૃલ હોતી તો ખુદા સે ન લળાઈ લેતે**
**યે ઘટાએં, ઉસે મન્ઝૂર બળ્હના તેરા**

*(અકૃલ = બુદ્ધિ, લડાઈ : જંગ, ઘટાએં = ઘટાડે)*

**અર્થ :** હદીષે કુદ્‌સી છે કે અલ્લાહ તબારક વ તઆલા ફ઼ર્માવે છે, "જેણે મારા કોઈ પણ વલીથી દુશ્મની કરી હું તેનાથી એલાને જંગ કરું છું." *(બુખારી શરીફ઼, બયહકી)*

અવલિયાએ કિરામના ગુસ્તાખોમાં બુદ્ધિ હોત તો તે વલીઓથી દુશ્મની કરીને ખુદાની સાથે જંગની દા'વત ન લેત, ગુસ્તાખો તો આપની શાનને ઘટાડવાની કોશિશ કરી રહ્યા છે જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલા આપના મર્તબાને બુલંદ ફ઼ર્માવી રહ્યો છે.

બેશક ! જે લોકો અવલિયાએ કિરામના દુશ્મનો છે તે દુનિયા અને આખિતરમાં ઝલીલ થવાના છે. એવા ઘણા વાકિ઼આ છે જેનાથી આ વાત સાબિત થાય છે. વધારે વિગત માટે અલ્લામા ફ઼યઝ અહમદ ઉવૈસીની કિતાબ "ગુસ્તાખોં કા બુરા અંજામ"નો અભ્યાસ કરો.

**وَرَفَعۡنَالَكَ ذِكۡرَكَ કા હૈ સાયા તુઝ પર**
**બોલ બાલા હૈ તેરા ઝિક્ર કે ઊંચા તેરા**

*(وَرَفَعۡنَالَكَ ذِكۡرَكَ = કુર્આને પાકની આયત છે. અર્થાત : "હે મહબૂબ ! (صلی اللہ علیہ وسلم) અમોએ તમારા ઝિક્રને બુલંદ કરી દીધું", સાયા = પડછાયો)*

**અર્થ :** હે ગૌષે પાક ! رضی اللہ عنہ આપના નાના નબીએ પાક صلی اللہ علیہ وسلمની શાન એ છે કે અલ્લાહે આપના ઝિક્રને બુલંદ કરી દીધું છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નામની ચર્ચા થયા જ કરશે અને આપ હુઝૂર صلی اللہ علیہ وسلمના નાયબ છો અને હુઝૂર صلی اللہ علیہ وسلمના કૃદમ પર છો તો આપ પર وَرَفَعۡنَالَكَ ذِكۡرَكَનો સાયો છે અને આપની ચર્ચા પણ થયા જ કરશે, આપની બોલબાલા છે અને આપનું ઝિક્ર પર બુલંદ છે.

હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ફર્માવે છે : "દરેક વલી કોઈ ન કોઈ નબીના કદમ પર હોય છે અને હું તે નબીના કદમ પર છું જે કમાલાતમાં ચૌદમીનો ચાંદ છે." *(કસીદએ ગૌષિયહ્)*

**મિટ ગએ, મિટતે હૈં, મિટ જાએંગે અઅ્દા તેરે**
**ન મિટા હૈ ન મિટેગા કભી ચર્ચા તેરા**

*(મિટ ગએ = ખતમ થઈ ગયા, અઅ્દા = દુશ્મનો)*

**અર્થ :** મારા ગૌષે પાક ! رضی اللہ عنہ આપની શાન ઘટાડનાર દુશ્મનો ખતમ થઈ રહ્યા છે અને ભવિષ્યમાં જે થશે તે પણ ખતમ થઈ જશે. (ઈન્શાઅલ્લાહ !) પરંતુ આપની ચર્ચા કાલે પણ હતી અને આજે પણ છે અને કયામત સુધી રહેશે તે કદી ખતમ નહીં થાય.

હદીષે પાકમાં છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે : "મારા ચહીતા અને અવલિયા તે લોકો છે કે મારા ઝિક્રથી તેમની યાદ આવે છે અને તેમના ઝિક્રથી મારી યાદ આવે છે. સારાંશ કે તેમનો ઝિક્ર મારો ઝિક્ર છે અને મારો ઝિક્ર તેમનો ઝિક્ર છે." *(તિબ્રાની મોઅજમુલ કબીર, ૧/૨૦૩, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૩૦)*

**તૂ ઘટાએ સે કિસી કે ન ઘટા હૈ ન ઘટે**
**જબ બળ્હાએ અલ્લાહ તઆલા તેરા**

**અર્થ :** હે મારા પ્યારા ગૌષે આ'ઝમ ! رضی اللہ عنہ આપની શાન કોઈના ઘટાડવાથી ઘટી છે ન કદી ઘટશે જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલાએ આપની શાન ઊંચી ફર્માવી દીધી છે, આપ તો વલીઓના સરદાર છો ! જ્યારે કે એક અદના વલીની શાનમાં હદીષે કુદ્ષી છે કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : જ્યારે હું મારા બંદા (વલી)થી મહોબ્બત કરવા લાગુ છું તો તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે અને તેની આંખો બની જાઉં છું જેનાથી તે જુએ છે, અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે અને તેના પગ બની જાઉં છું, જેનાથી તે ચાલે છે. જો મારાથી સવાલ કરે છે તો હું તેને અતા કરું છું. *(બુખારી શરીફ, સહીહ ઈબ્ને હિબ્બાન, બયહકી)*

બીજી હદીષોમાં છે જેનો ખુલાસો એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે કે, મારી ઉમ્મતના વલીઓ જમીન પર હમેશાં રહેશે જેમના સદકામાં જમીન (પૃથ્વી) કાયમ (અસ્તિત્વમાં) રહેશે અને જેમના સદકામાં તમારા પર વરસાદ થશે જેમના સદકામાં પૃથ્વીવાસીઓથી અઝાબ અને બલાઓ દૂર કરવામાં આવશે અને જેમના સદકામાં તમને રોજી આપવામાં આવશે જેમના સદકામાં જમીન અનાજ ઉગાડશે અને જેમના સદકામાં તમારી મદદ કરવામાં આવશે. *(તફસીરે ઈબ્ને કષીર, અબૂ દાઊદ ફીલ મરાસીલ, મુસ્નદે ઈમામ અહમદ, તિબ્રાની, હિલયતુલ અવલિયા, મજમઉઝ્ ઝવાઈદ)*

**ષુમ્મે કાતિલ હૈ ખુદા કી કસમ ઉન કા ઈન્કાર**
**મુન્કિરે ફઝ્લે હુઝૂર આહ યે લિખા તેરા**

*(ષુમ્મ, ષિમ્મ, ષમ્મ = ઝેર (મિસ્બાહુલ્લુગાત) કાતિલ = મારી નાખનાર, ઈન્કાર = ન માનવું, મુન્કિર = ન માનનાર, ફઝ્લે હુઝૂર = હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ની અઝમત, આહ = અફસોસ, લિખા = લખાણ, તકદીર)*

**અર્થ :** હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની અઝમત અને બુઝુર્ગીનું ઈન્કાર કરવું ખુદાની કસમ કાતિલ ઝેર છે, આપની અઝમતોના મુન્કિરની તકદીર પર અફસોસ કે ગૌષે પાકની દુશ્મનીના કારણે તેની તકદીરમાં બરબાદી લખાઈ છે.

હુઝૂર ગૌષે رضی اللہ عنہ પાક ફર્માવે છે : "મારી ફઝીલતનો ઈન્કાર કરવો તમારા માટે કાતિલ ઝેર છે અને તમારી દુનિયા તથા આખિરતની બરબાદીનું કારણ છે."

**મેરે સય્યાફ કે ખંજર સે તુઝે બાક નહીં**
**ચીર કર દેખે કોઈ આહ કલેજા તેરા**

*(સય્યાફ = તલ્વારનો ધણી, ખંજર = છરો, બાક = ડર)*

**અર્થ :** હે ગુસ્તાખે અવલિયા ! તને તારા તલ્વારના ધણી હુઝૂર ગૌષે પાક رضي الله عنهના ખંજરનો ડર નથી કે તું એમની શાનમાં બકવાસ કરે છે ! અફસોસ ! કોઈ તારા દિલને ચીરીને જુએ કે અંદર દિલ છે કે પથ્થર ?!

**ઈબ્ને ઝહ્‌રા સે તેરે દિલ મેં હૈં યે ઝહર ભરે**
**બલ બે ઓ મુન્કિરે બેબાક યે ઝોહરા તેરા**

*(ઈબ્ને ઝહ્‌રા = હઝરત બીબી ફાતિમા ઝહ્‌રા رضي الله عنهاના બેટા, હુઝૂર ગૌષે પાક હસની હુસૈની સૈયદ હોવાના કારણે મજાઝન ઈબ્ને ઝહરા કહેવામાં આવે છે, ઝહર = ઝેર, બલ બે = આશ્ચર્યમય શબ્દ, વાહ રે, બેબાક = નીડર, ગુસ્તાખ, ઝોહરા = હિમ્મત)*

**અર્થ :** ઈબ્ને ઝહરા હુઝૂર ગૌષે પાક رضي الله عنه પ્રત્યે, હે ગુસ્તાખ ! તારા દિલમાં ઝેર અને વેર ભરેલું છે. હે ગુસ્તાખ ! મુન્કિર ! તારી હિમ્મત પર આશ્ચર્ય થાય છે.

**બાઝે અશહબ કી ગુલામી સે યે આખેં ફેરની**
**દેખ ઉળ જાએગા ઈમાન કા તોતા તેરા**

*(બાઝે અશહબ = સફેદ બાઝ, હુઝૂર ગૌષ પાક رضي الله عنهનો લક્‌બ અર્થ મક઼ામે વિલાયતમાં ઊંચે ઉડનાર, આખેં ફેરની, આંખો ફેરવી લેવી, બેધ્યાન થયું, તોતા = પોપટ)*

**અર્થ :** શહનશાહે વિલાયત હુઝૂર ગૌષ પાક رضي الله عنهની ગુલામીથી આંખો ફેરવી લેનાર ! જો જે તારા ઈમાનનો પોપટ ઉડી જશે અર્થ તારું ઈમાન જતુ રહેશે.

**શાખ પર બૈઠકે જળ કાટને કી ફિક્ર મેં હૈ**
**કહીં નીચા ન દિખાએ તુઝે શજરા તેરા**

*(શાખ = ડાળી, જળ = મૂળ, અસલ, નીચા ન દિખાએ = બદ્‌નામ ન કરે, શજરા = ઝાડ, અને સૂફીઓની પરિભાષામાં સિલસિલએ તરીક઼તનું નસબનામુ)*

**અર્થ :** ડાળ પર બેસીને તે જ ઝાડની જડને કાપવાની કોશિશ કરે છે કે ક્યાંક તારું આ કાર્ય તને બદ્‌નામ અને ઝલીલ ન કરે.

પોતાના કહેવાતા દેવબંદી વહાબી મોલ્વીઓના ખલીફા અને મુરીદ બની તરીક઼ત ચલાવે છે અને તરીક઼તના સરદાર હુઝૂર ગૌષે પાક رضي الله عنهની ફઝીલતોનો ઈન્કાર કરે છે અને તારું આ કાર્ય તને બરબાદ ન કરી દેશે જે રીતે કોઈ ઝાડની ડાળી પર બેસી થડને કાપે તો તે ઊંધા માથે નીચે પડશે એવી જ રીતે તારી પણ એ જ હાલત થશે.

**હક્ક઼ સે બદ્ હો કે ઝમાને કો ભલા બનતા હૈ**
**અરે મૈં ખૂબ સમઝતા હૂં મોઅમ્મા તેરા**

*(હક્ક઼સે બદ્ હો કે = હક઼ીક઼તમાં બુરો થઈને, ઝમાને કો ભલા = જાહેરમાં સારો, ખૂબ = સારી રીતે, મોઅમ્મા = પહેલી, ઉખાણુ)*

**અર્થ :** હે ગુસ્તાખે ઔલિયા ! તું ઔલિયાએ કિરામથી દુશ્મની કરીને હક્ક઼થી હટી ગયો છે, હક઼ીક઼તમાં તું મુજરિમ છે અને જાહેર જનતામાં ભલો માણસ બનીને ફરે છે. હું તારી બધી ચાલો સમજી ગયો છું.

**સગે દર ક઼હર સે દેખે તો બિખરતા હૈ અભી**
**બંદ બંદે બદન અય રૂબએ દુન્યા તેરા**

*(સગે દર = ચોખટનો કૂતરો, બિખરતા હૈ = તૂટે છે, બંદે બદન = શરીરનું જોડ, રૂબએ દુન્યા = દુનિયાની શિયાળ, મક્કાર)*

**અર્થ** : હે ગુસ્તાખો ! હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના દરબારનો કોઈ કૂતરો ક઼ાદરી ગુલામ તમારા જેવા મક્કાર દુનિયાવી લાલચી શિયાળોને જલાલમાં જોઈ લે તો તમારા શરીરના એક એક જોડ તૂટવા લાગે છે.

**ગર્ઝ આક઼ાસે કરું અર્ઝ કે તેરી હૈ પનાહ**
**બંદા મજબૂર હૈ ખાતિર પે હૈ ક઼બ્ઝા તેરા**

*(ગર્ઝ = મતલબ, વાતનો ખુલાસો, અર્ઝ = વિનંતિ, ખાતિર = દિલ)*

**અર્થ** : ખુલાસો એ કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં વિનંતિ કરું છું કે સરકાર ચારેવ તરફ ઈમાનના લૂટારા બેઠેલા છે, મને આપની પનાહમાં લઈ લો, હું મજબૂર છું મારા દિલ પર આપનો ક઼બ્ઝો છે.

**હુકમ નાફિઝ હૈ તેરા ખામહ તેરા સૈફ તેરી**
**દમ મેં જો ચાહે કરે દૌર હૈ શાહા તેરા**

*(હુકમ નાફિઝ હૈ = હુકમ ચાલે છે, ખામહ = ક઼લમ, સૈફ = તલ્વાર, દમ = ઘડી, દૌર = જમાનો, શાહા = બાદશાહ)*

**અર્થ** : હે શહનશાહે વિલાયત ! આપનો હુકમ ચાલે છે, ક઼લમ અને તલ્વાર આપના કબ્ઝામાં છે, આપ દમમાં જે ચાહો કરી શકો છો. આપનો જ દૌર ચાલી રહ્યો છે. (વલીઓની અઝમત વિશે ઉપર હદીષો બયાન થઈ ચૂકી)

**જિસકો લલકાર દે આતા હો તો ઉલ્ટા ફિર જાએ**
**જિસકો ચુમ્કાર લે હિર ફિર કે વો તેરા તેરા**

*(લલ્કાર = મુક઼ાબલા માટે બોલાવવું, ફિર જાએ = પાછો જતો રહે, ચુમ્કાર લે = પ્રેમ કરો, હિરફિર = હર તરફ ફરી ફરીને)*

**અર્થ** : હે મારા સરદાર ! આપ જેને મુક઼ાબલા માટે લલકારો, જો તે આવતો હશે તો આપની લલકાર સાંભળી પાછો જતો રહેશે અને આપ જેને પ્રેમથી બોલાવો તો તે ચારે બાજુ ફરી ફરીને પણ આપની પાસે જ આવશે.

**કુંજિયાં દિલ કી ખુદાને તુઝે દીં ઐસી કર**
**કે યે સીના હો મહ઼બ્બતકા ખઝીના તેરા**

*(કુંજિયાં = ચાવીઓ, ખઝીના = ખઝાનો)*

**અર્થ** : હે મારા ગૌષે પાક ! رضی اللہ عنہ દિલની ચાવીઓ અલ્લાહ પાકે આપને આપેલ છે, મારા દિલ પર એવી મહેરબાની ફર્માવો કે તે આપની મહોબ્બતનો ખઝાનો બની જાય.

**દિલ પે કુન્દા હો તેરા નામ કે વો દુઝદે રજીમ**
**ઉલ્ટે હી પાંવ ફિરે દેખ કે તુગરા તેરા**

*(કુન્દા = નક્શી કરેલ, દુઝદ = ચોર, રજીમ = મરદૂદ, તુગરા = શાહી મોહર)*

**અર્થ** : હે મારા આક઼ા ! આપનું મુબારક નામ મારા દિલ પર અંક્તિ કરીને લખાયેલ હોય કે મરદૂદ શૈતાન આપના નામની મોહર જોઈને ઊંધા મોઢે પાછો ફરે.

**નઝઅ મેં ગોર મેં મિઝાન પે સરે પુલ પે કહીં**
**ન છૂટે હાથ સે દામાને મોઅલ્લા તેરા**

*(નઝઅ્ = સકરાત, ગોર = કૃબ્ર, મિઝાન = ત્રાજવું, હશ્રમાં જેનાથી આમાલ તોલવામાં આવશે, સરે પુલ = પુલસિરાત, દામાને મોઅલ્લા = ઊંચો દામન)*

**અર્થ** : મરતા સમયે, કૃબ્રમાં, મીઝાન અને પુલસિરાત પર કોઈપણ જગ્યાએ આપનો બુલંદ મર્તબાવાળો દામન હાથથી ન છૂટે.

**ધુપ મહેશર કી વો જાં સોઝ કૃયામત હૈ મગર**
**મુત્મઈન હૂં કે મેરે સર પે હૈ પલ્લા તેરા**

*(જાં સોઝ = જાનને જલાવનાર, મુત્મઈન = શાંતિમય, પલ્લા = દામન)*

**અર્થ** : કૃયામતના દિવસે સૂરજ સવા નેઝાથી દૂરી પર હશે તેની ગરમીથી શરીરો બળવા લાગશે પરંતું મને ગભરામણ નથી કારણ કે મારા માથા પર આપના દામનનો સાયો છે.

**બહજત ઉસ સિર્ર કી હૈ જો બહજતુલ અસ્રાર મેં હૈ**
**કે ફલકવાર મુરીદોં પે હૈ સાયા તેરા**

*(બહજત = ખુશી, સિર = ભેદ, બહજતુલ અસ્રાર = એક કિતાબનું નામ જે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના પવિત્ર જીવન શૈલી પર લખાયેલ છે, ફલકવાર = આકાશની જેમ)*

**અર્થ** : ખુશી તે ભેદની છે જે કિતાબ બહજતુલ અસ્રાર (ભેદોની ખુશી)માં લખાયેલ છે કે આપનું ફર્માન છે "મારો હાથ મારા મુરીદો પર એવો છે જેવું કે આકાશ પૃથ્વીની ઉપર."

**નોંધ** : બહજતુલ અસ્રાર હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના મુબારક જીવન તથા ફઝીલત અને કરામતોથી ભરપૂર મુસ્તનદ ભરોસાપાત્ર કિતાબ છે. જેને શૈખુલ કુર્રા અબુલ હસન બિન યૂસુફ બિન જરીર શતનુફીએ લખેલ છે. જેઓ મહાન આલિમે દીન હતા, હિ.સ. ૬૪૪માં મિસ્રમાં પેદા થયા અને હિ.સ. ૬૧૩માં વફાત પામ્યા.

અલ્લામા ઈમામ ઝહબીએ તબકાતુલ કુર્રામાં ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ "હુસ્નુલ મુહાઝિરા" અને "બકીયતુ વઆત"માં ઈમામ આરિફ બિલ્લાહ અબ્દુલ્લાહ બિન અસ્અદ યાફઈએ "મિર્અતુલ જિનાન"માં અને શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ઝુબ્દતુલ અસ્રારમાં અલ્લામા શતનુફી (લેખક)ની ઘણી પ્રશંસાઓ બયાન કરેલ છે. અલ્લાહ પાક આપની તુર્બત પર કરોડો રહમતની વર્ષા ફર્માવે.

**અય 'રઝા' ચિસ્ત ગમ અઝ જુમલા જહાં દુશ્મને તુસ્ત**
**કરદા અમ મામને ખૂદ કિ઼બ્લએ હાજાતે રા**

*(રઝા = ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનું તખલ્લુસ, ચિસ્ત ગમ = શું ગમ છે, જુમ્લા જહાં = આખી દુનિયા, અર = અગર, દુશ્મને તુસ્ત = તારી દુશ્મન છે, કરદા અમ = મે બનાવી લીધું છે, મામને ખૂદ = પોતાનું ઠેકાણું, કિબ્લએ હાજા તેરા = જરૂરતોનો કિબ્લો, રા = ને)*

**અર્થ** : હે અહમદ રઝા ! رضی اللہ عنہ આખી દુનિયા તારી દુશ્મન બની જાય તો પણ કોઈ ગમ નથી કારણ કે મેં તો હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની બારગાહને પોતાનું ઠેકાણું અને જરૂરતોનો કિ઼બ્લો બનાવી લીધો છે. (આ પૂરો શેઅર ફારસી ભાષામાં છે.)



# દલીલુલ આરિફીન

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

***(મજલિસ : ૯)***

***(દલીલુલ આરિફીન : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)***

**(સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)**

પછી ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ત્રીસ વરસથી હક્ક઼ (ની તલાશ)માં હતો, હવે મેં મારો આયનો આપી દીધો. એટલે કે જે કાંઈ મેં જોયું હતું તે ન રહ્યું, અને શિર્કત વગેરે તેમજ ઘમંડ તથા હુંપદ બિલકુલ ઉઠી ગયું, પરંતું કેમ કે હું ન રહ્યો એટલા માટે હક્ક઼ તઆલા જ પોતાનો આયનો છે, અને જે કાંઈ હું કહું છું તે પોતાનો આયનો છે. એટલે હક્ક઼ તઆલા મારી ઝબાનથી કહે છે અને મારી વચમાં દખલ નથી.

પછી ફર્માવ્યું, જ્યારે હું ખુદાની નિકટ (કુર્બે ઈલાહીમાં) પહોંચી ગયો તો એક રાત્રે હું ઈશ્ક઼માં મારા દિલને તલબ કરી રહ્યો હતો. સવારના સમયે અવાજ આવ્યો, હે બાયઝીદ ! શું તું અમારા સિવાય અન્ય કાંઈ તલબ કરે છે ?! તારે દિલ સાથે શું લેવા દેવા ?!

ત્યારબાદ એ મોક઼ા પર ફર્માવ્યું કે આરિફ તે શખ્સ છે કે ચાહે ગમે ત્યાં હોય અને ગમે તે માગે તે તેની પાસે આવી જાય. જેની સાથે વાત કરે તેનાથી જ જવાબ સાંભળે. આ રાહમાં આરિફ તે નથી જે અલ્લાહ તઆલા સિવાય કોઈ ચીજના પાછળ હોય.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફોનો દરજો એ પ્રકારનો હોય છે કે જ્યારે એ દરજા પર પહોંચે તો દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેને પોતાની આંગળીઓમાં જુએ છે. જેમ કે બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપે તરીક઼તમાં ક્યાં સુધી તરક્કી કરી છે ? ફર્માવ્યું, ત્યાં સુધી કે જ્યારે હું મારી બંનેવ આંગળીઓ વચ્ચે નજર કરું છું તો એમાં સર્વ દુનિયા અને તેમાં જે કાંઈ છે તે મને દેખાવા લાગે છે.

પછી ફર્માવ્યું કે અલ્લાહની મહોબ્બતમાં આરિફનો કમાલનો દરજ્જો એ છે કે પ્રથમ ખૂદ દિલી નૂર દેખાડે, અને પછી જો કોઈ શખ્સ એની પાસે દાવો કરીને આવે તો તેને કરામતના જોર વડે માનતો કરી દે.

પછી ફર્માવ્યું કે એકવાર શયખ ઓહદ કિર્માની رحمۃ اللہ علیہ અને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની સંગાથે મદીના શરીફ તરફ સફર કરી રહ્યો હતો. જ્યારે અમે દમિશ્કમાં પહોંચ્યા તો ત્યાં મસ્જિદની સામે બાર હજાર અંબિયાના રોઝા જોયા જ્યાં લોકોની હાજતો પૂર્ણ થાય છે. અમે અંબિયાની ઝિયારત કરી અને ત્યાંના બુઝુર્ગ વિશે તલાશ કરી તો એક દિવસ શયખ ઓહદ કિર્માની તથા શયખ ઉષ્માન હારૂનીની સાથે એક ખુદા રશીદા બુઝુર્ગ દરવેશ મુહમ્મદ આરિફ નામવાળાને દમિશ્કની મસ્જિદમાં જોયા. અન્ય બીજા દરવેશો એમની પાસે બેઠેલા હતા અને વાત એના બારામાં થઈ રહી હતી કે જે શખ્સ કોઈ ચીજનો દાવો કરે અને જ્યાં સુધી લોકોમાં તે જાહેર (પ્રદર્શિત) ન કરે તો તેઓ કેવી રીતે જાણી શકે છે ? સારાંશ કે એક માણસ મુહમ્મદ આરિફથી બહષ કરી રહ્યો હતો અને મુહમ્મદ આરિફ કહેતા હતા કે ક઼યામતના દિવસે

દરવેશોને માફી મળી જશે અને માલદારોથી હિસાબ કિતાબ લેવામાં આવશે. તે શખ્સને એ ગમ્યું નહીં, તો પૂછયું કે કઈ કિતાબમાં લખ્યું છે ? ખ્વાજા મુહમ્મદ આરિફને કિતાબનું નામ યાદ ન હતું. થોડીકવાર મુરાકેબો કરીને નામ બતાવ્યું. તે શખ્સે કહ્યું, જ્યાં સુધી મને ન બતાવો હું માનીશ નહીં ! માથુ ઉઠાવીને કહ્યું, જે ખુદાના બંદાઓને સહીફો દેખાડયો છે આ મર્દની સામે રાખ જેથી જોઈ લે ! ફરિશ્તાઓને હુકમ થયો તો તે કિતાબ જેમાં આ લખાણ લખેલુ હતું તે તેને દેખાડયું. તેણે ઉઠીને ઈકરાર કર્યો અને કદમોમાં ઝુકી પડયો. કહ્યું, જુઓ ! આ છે ખુદાના મર્દ !

ત્યારબાદ ચર્ચા એના બારામાં શરૂ થઈ કે જે શખ્સ આ મજલિસમાં છે તે પોતાની કરામત દેખાડે. આ સાંભળતાં જ ખ્વાજા ઉષ્માન હારૂનીએ તરત જ મુસલ્લા નીચે હાથ નાખ્યો અને મુટ્ટી ભરીને અશરફીઓ કાઢી લાવ્યા. એક દરવેશ મૌજૂદ હતો તેને આપીને ફર્માવ્યું, દરવેશો માટે હલ્વો લઈ આવ. જ્યારે તેમણે આ કરામત દેખાડી તો શયખ ઓહદે પાસે પડેલી લાકડીને હાથ માર્યો તો અલ્લાહના હુકમથી તે સોનાની બની ગઈ. પાછળ રહી ગયો હું ! હું મારા પીરના કારણે કોઈ વાત જાહેર કરી શકતો ન હતો. શયખ ઉષ્માન હારૂનીએ મને સંબોધીને ફર્માવ્યું કે તમે કેમ કાંઈ કહેતા નથી ?! ત્યાં એક ભૂખ્યો દરવેશ હતો જે શરમનો માર્યો સવાલ કરતો ન હતો. મેં ગોદડીમાંથી જવની ચાર રોટીઓ કાઢીને તેને આપી દીધી. તે દરવેશ અને ખ્વાજા મુહમ્મદ આરિફે ફર્માવ્યું, કે દરવેશમાં જ્યાં સુધી આટલી શક્તિ ન હોય ત્યાં સુધી તેને દરવેશ નથી કહેતા.

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ કહ્યા કરતા હતા કે જ્યારથી મેં દુનિયાને દુશ્મન ઠરાવી દીધી ત્યારથી હું લોકોની પાસે નથી ગયો. ખુદાને લોકો કરતાં અગ્રતા આપી અને મારા પર મહોબ્બતે એટલા પ્રમાણમાં ગલ્બો (પ્રભાવ) કર્યો કે હું મારા વજૂદને પણ દુશ્મન સમજવા લાગ્યો અને જિંદગી તથા મૌતને વચ્ચેથી ઉઠાવી લીધું, કેવળ હક્ક તઆલાની બકા તથા કુર્બતને ચાહું છું.

ત્યારબાદ ફર્માવ્યું કે સુલૂકના બારામાં લખ્યું છે કે કયામતના દિવસે જ્યારે ખાસ પ્રકારના આશિકોને બહિશ્તમાં લઈ જવાનો હુકમ થશે ત્યારે તેઓ કહેશે, અમે જન્નતને શું કરીએ ? જન્નત એને આપ જેણે જન્નતની લાલચમાં તારી ઈબાદત કરી. પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે જયારે પોતાનો દિલદાર કોઈ શખ્સને આપવામાં આવે તો પછી તે બહિશ્તને શું કરે ! પછી એ ઈર્શાદ ફર્માવ્યો કે જો તમારાથી થઈ શકે તો પ્રથમ બકા હાંસલ કરો, જો નથી કરી શકતા તો લાયકાત અને ઝુહદ તો એક હવાની જેમ છે જે તમારા પર ચાલે છે.

પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે ઘણા બધા મર્દોને આજિઝ અને આજિઝોને મર્દ બનાવી દીધા છે. (આ રાહમાં)

પછી એના બારામાં ફર્માવવામાં આવ્યું કે ગુનાહ તમને એટલુ નુકસાન નથી પહોંચાડી શકતા જેટલુ મુસલમાન ભાઈને બેઈજ્જત કરવું અને તેને ઝલીલ કરવું નુકસાન પહોંચાડે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દરવેશ ઘણા બુઝુર્ગ તથા વાસિલ હતા. તે કહ્યા કરતા હતા કે દુનિયાવાળા દુનિયાના માર્ગમાં મઅઝૂર છે અને અહલે આખેરત હક્કની દોસ્તીની ખુશીમાં ખુશ છે. અને અહલે મગરિબ નૂરુન અલા નૂર છે, આ એક ભેદ છે જેને અહલે સુલૂક જાણે છે. અહલે મગરિબની ઈબાદત યાસે અન્ફાસ (નફ્સોને મારવું) છે.

પછી ફર્માવ્યું કે જ્યારે આરિફ ખામોશ હોય છે તો એનાથી એ મતલબ થાય છે કે તે અલ્લાહ તઆલાથી વાતો કરે છે, અને જ્યારે આંખો બંધ કરે છે એટલે સૂએ છે તો એટલા માટે માથુ નથી ઉઠાવતા કે ક્યાંક ઈસ્રાફીલ સૂર ન ફૂંકી આપે.

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તાહીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ખાનક઼ાહી ઈખ્તિલાફ઼ાત (મતભેદો) અને આ અંગેની સત્ય હક઼ીક઼ત

આજકાલ ખાનક઼ાહી મતભેદોનું પણ ઘણુ જોર છે અને એક પીરના મુરીદો બીજા પીરના મુરીદોને અને એક સિલસિલાવાળાઓ બીજા સિલસિલાવાળાઓની આંખોમાં કણાની જેમ ખૂંચે છે અને તેઓને પોતાના દુશ્મન સમજે છે ! અને આ બધું એટલા માટે છે કે તેમને ઈસ્લામ અને કુર્આન તથા અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَથી (સાચી) મહોબ્બત નથી, નહિતર આ લોકો દરેક મુસલમાન અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ઉપર ઈમાન રાખનારથી મહોબ્બત કરતા.

આજકાલ કેટલાક પીર પણ એવા છે કે જેમને પોતાના જ મુરીદ સારા લાગે છે અને બીજાના મુરીદોને જોઈને તેમને ગુસ્સો આવે છે. જ્યારે કે પીરી અને ઉસ્તાદીના આદાબ અને ઉસૂલો (નીતિ નિયમો)માં છે કે તે પોતાના વિદ્યાર્થીઓ તથા મુરીદોને જેવી રીતે પોતાની જાતથી અક઼ીદત તથા મહોબ્બત શીખવાડે તેવી જ રીતે અન્ય ઈલ્મવાળાઓ તથા મશાઈખ અને સુલહા (નેક લોકો)ની બેઅદબી તથા ગુસ્તાખીથી બચાવે, બલ્કે મુરીદ કરવાનો હેતુ તેને બેઅદબીથી બચાવવાનો છે કેમ કે તેમાં ઈમાનની હિફ઼ાઝત છે અને ઈમાન બચાવવા માટે જ તો મુરીદ કરવામાં આવે છે અને ઈમાન અદબનું જ બીજુ નામ છે.

જે પીર મુસલમાનોથી નફરતનું ઈલ્મ આપી રહ્યા છે અને મુસ્લિમ ક઼ૌમને જૂથવાદમાં વહેંચી રહ્યા છે, મુરીદોને મશાઈખ અને ઓલમાના બેઅદબ બનાવી રહ્યા છે તેઓ હરગિઝ પીર નથી બલ્કે તેઓ શૈતાનનું કામ કરી રહ્યા છે અને શૈતાનના લશ્કરમાં વૃધ્ધિ કરી રહ્યા છે !

આ અંગે સત્ય હક઼ીક઼ત અને દુરુસ્ત (વાજબી) વાત એ છે કે જે મુસલમાન કોઈપણ સાચા સિલસિલામાં શરીઅતના પાબંદ પીરથી બયઅત છે અને તેના અક઼ીદાઓ દુરુસ્ત છે તે આપણો ભાઈ છે અને (જે) મુરીદ ન પણ થયો હોય પરંતું અક઼ીદાઓ સાચા ધરાવતો હોય, અંબિયા, અવલિયા અને આલિમોથી મહોબ્બત કરતો હોય, તે પણ યક઼ીનન (બેશક !) મુસલમાન છે અને તેના છૂટકારા માટે એ પૂરતુ છે.

હક઼ીક઼તમાં પીરી મુરીદી એ લડાઈ ઝઘડા અને જૂથબંદીનું કારણ ત્યારથી બની ગઈ જ્યારથી એ (પીરી મુરીદી) કમાવવાનું સાધન અને ફક્ત ખાવા, કમાવવા અને મોટા મોટા નઝરાણાઓ (ભેટ, સોગાદ) પ્રાપ્ત કરવા માટેનો ધંધો બનીને રહી ગઈ ! આજે ઘણુ કરીને પીરોને એ વાતની ફિક્ર અને ચિંતા હોતી નથી કે મુરીદ નમાઝ પઢે છે કે નહીં ? ઝકાત આપે છે કે નહીં ? સુન્ની છે કે બદઅક઼ીદા ? મુસલમાન છે કે ગૈરમુસ્લિમ ? તેમને (પીરોને) તો બસ નઝરાણું જોઈએ ! જે વધારે નઝરાણુ (રકમ) આપે તે પીર સાહેબની નજીક છે, બાકી તો તે પીરની નજરમાં બદનસીબ છે.

## શું દરેક દીવાનો, "મજઝૂબ વલી" છે ?

અલ્લાહ عَزَّوَجَلَّની નજીક નેક બંદાઓ અને ઔલિયાએ કિરામમાં એક ખાસ જમાઅત

''મજઝૂબો''ની પણ છે. આ (જમાઅત) તે લોકોની છે જેઓ ખુદાએ તઆલાની મહોબ્બત અને તેની યાદમાં એટલા તલ્લીન થઈ જાય છે કે તેઓને પોતાના શરીરનું ધ્યાન (ભાન) રહેતું નથી અને દુનિયાવાળાઓને (તેઓ) પાગલ અને દીવાના દેખાય છે. પરંતું દરેક પાગલ અને દીવાનાને ''મજઝૂબ'' તરીકે જોવો જોઈએ નહીં.

આજકાલ સામાન્ય લોકોમાં એ બીમારી ઘર કરી ગઈ છે કે જે પાગલને જૂએ છે તેના ઉપર ''વિલાયત'' અને ''મજઝૂબિયત''નો હુકમ લગાડી દે છે અને તેની પાછળ ચાલવા લાગે છે. જો કે કોઈ (સાચો મજઝૂબ) હોય, તો પણ તેને તેની હાલત ઉપર છોડી દેવો જોઈએ, તે જાણે અને તેનો રબ જાણે.

બેહતર તરીક઼ો એ જ છે કે જો કોઈના બારામાં તમને એવો શક (મજઝૂબ હોવાનો) થઈ જાય તો તેની બુરાઈ પણ ન કરો અને તેની પાછળ પણ ફર્યા ન કરો. તમે તો એ જ (કાર્ય) કરો જેનો તમને ખુદાએ તઆલે હુકમ કરેલ છે. શરીઅતના હુકમોની પાબંદી કરો અને ખરાબ કામોથી બચો. ઈસ્લામમાં એવો કોઈ હુકમ નથી કે દીવાનાઓમાં એવું શોધો કે કોણ મજઝૂબ છે અને કોણ મજઝૂબ નથી.

ઘણી જગ્યાઓએ આવી સાંભળેલી વાતો ઉપર યક઼ીન કરીને કેટલાક લોકો (કોઈને) મજઝૂબ જાહેર કરી દે છે અને પછી લાખો રૂપિયા ખર્ચ કરીને તેના મર્યા પછી મઝાર બનાવી દે છે અને પછી ઉર્સના નામથી મેળાઓ અને તમાશાઓ શરૂ કરી દે છે અને ઉર્સના નામે આવા મેળા અને તમાશાઓ હવે દિવસે દિવસે વધી રહ્યા છે અને ઈસ્લામ તથા ઈસ્લામિયાતના હક્ક઼માં આ સારું થઈ રહ્યું નથી.

ખુલાસો એ જ કે જો કોઈ મજઝૂબ છે અને તે ખુદાએ તઆલાની બારગાહમાં બેહોશ થયેલ છે તો તેનો બદલો અલ્લાહ તઆલા તેને આપનાર છે પરંતું તમારા (લોકો) માટે તો તેનાથી દૂર રહેવું જ બેહતર છે. અને આ ઈલ્મ (વિદ્યા) અને ફઝ્લવાળા ઔલિયા અને ઉલ્માની સોહબત (દોસ્તી) અપનાવવાની જે ફઝીલતો આવી છે તે (આ) મજઝૂબો માટે નથી.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુસ્તફા રઝાખાન عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ફર્માવે છે ''દરેક નાના અને મોટા (વ્યક્તિ)ને મજઝૂબ સમજી લેવો જોઈએ નહીં અને જે મજઝૂબ હોય તેનાથી પણ દૂર જ રહેવું જોઈએ કે તેનાથી ફાયદો ઓછો અને નુકસાન વધારે થવાનો સંભવ છે.'' *(ફતાવાએ મુસ્તફવિયહ, ભાગ–૨, પેજ–૧૭૫)*

કેટલાક દીવાનાઓ (પાગલ) સતર (છૂપાવવાની જગ્યા) ખુલ્લા રાખીને ઉઘાડા પડયા રહે છે અને લોકો તેમની પાસે જઈને તેમની સેવા કરે છે આ ગુનાહ છે. કેમ કે તે જો મજઝૂબ પણ છે તો પણ તેની આ હાલત (ઉઘાડી) જોવી જાઈઝ નથી, કેમ કે તે મજઝૂબ છે પરંતું તમે તો હોશમાં છો! મજઝૂબ હોવાને કારણે તેના ઉપર ગુનોહ નથી પરંતું તમે તેના શરીરના તે ભાગને જોશો જે ભાગને છુપાવવાનું ફર્ઝ છે જેથી તમે જરૂર ગુનેહગાર થશો.

## બિલાડી આડી ઉતરે તો શું થાય ?

કેટલીક જગ્યાઓએ એ જોવા મળ્યું છે કે કોઈ વ્યક્તિ ગલી અને રસ્તામાં જઈ રહ્યો છે અને સામેથી બિલાડી નીકળી ગઈ જેને ''બિલાડી આડી ઉતરી'' કહેવાય છે. તો તે (વ્યક્તિ) થોડીવાર માટે ઉભો રહી જાય છે અને પછી ચાલવા માડે છે અને તે સમજે છે કે બિલાડી આડી ઉતરી આથી શુકન ખરાબ થયું ! (અપશુકન થયું) આથી હવે કોઈ નુકસાન થઈ શકે છે. જો કે આ બધી બેકાર વાતો છે અને ઈસ્લામમાં આવું કાંઈ પણ નથી અને એક મુસલમાને આ પ્રમાણેના વિચારો પણ ન રાખવા જોઈએ અને એવો ખયાલ પણ ન કરવો જોઈએ કે બિલાડીના આડે ઉતરવાથી કાંઈ થાય છે.

# અહલે સુન્નતના અક઼ીદા ક઼ુર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## હુઝૂર ﷺ હાઝિર તથા નાઝિર છે

### ★ હુઝૂર સૈયદે આલમ ﷺ પોતાની ઉમ્મતના નિગેહબાન છે ★

**وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ أُمَّةً وَّ سَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا**

''અને વાત એમ જ છે કે અમે તમને બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ બનાવ્યા કે તમે લોકો પર ગવાહ બનો અને આ રસૂલ તમારા નિગેહબાન અને ગવાહ.'' *(પારા–૨, સૂ. બક઼રહ, આ. ૧૪૩)*

### ★ મુસ્તફા કરીમ ﷺ સર્વ ઉમ્મતોના ગવાહ અને નિગેહબાન છે ★

**فَكَيْفَ إِذَا جِئْنَا مِنْ كُلِّ أُمَّةٍ بِشَهِيْدٍ وَّ جِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا**

''અને કેવી થશે જ્યારે અમે દરેક ઉમ્મત (માં)થી એક સાક્ષી લાવીએ અને હે મેહબૂબ ! તમને એ તમામ પર સાક્ષી અને રખેવાળ બનાવીને લાવીએ.'' *(પારા–૫, સૂ. નિસાઅ, આ. ૪૧)*

### ★ હુઝૂર ﷺના મૌજૂદ (હાજર, ઉપસ્થિત) હોવાના કારણે ઉમ્મતની સામૂહિક અઝાબથી હિફાઝત ★

**وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَأَنْتَ فِيْهِمْ ۔ وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُوْنَ**

''અને અલ્લાહની રહમતનું (એ) કામ નથી કે તેમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ ! તમે તેમનામાં બિરાજેલા છો. અને જ્યાં સુધી તેઓ માફી માંગી રહ્યા છે ત્યાં સુધી અલ્લાહ તેમને અઝાબ કરશે નહીં.'' *(પારા–૯, સૂ. અન્ફાલ, આ. ૩૩)*

### ★ હુઝૂર ﷺ મોમિનોની જાનથી અધિક (તેમની) નજીક છે ★

**اَلنَّبِيُّ أَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ أَنْفُسِهِمْ وَأَزْوَاجُهٗٓ أُمَّهٰتُهُمْ**

''નબી મોમિનોની જાનોથી પણ અધિક તેમના નજીક છે અને આપની પત્નીઓ એમની માંઓ છે.'' *(પારા–૨૧, સૂ. અહઝાબ, આ. ૬)*

**يٰٓأَيُّهَا النَّبِيُّ إِنَّآ أَرْسَلْنٰكَ شٰهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِيْرًا**

''હે ગૈબની ખબરો કહેનાર (નબી) ! બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર નાઝિર અને ખુશ ખબરી આપતા અને ભય સંભળાવતા (બનાવીને).'' *(પારા–૨૨, સૂ. અહઝાબ, આ. ૪૫)*

**إِنَّآ أَرْسَلْنٰكَ شٰهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِيْرًا**

''બેશક ! અમે તમને હાઝિર નાઝિર તેમજ ખુશી અને ખૌફ સંભળાવતા મોકલ્યા.'' *(પારા–૨૬, સૂ. ફતહ, આ. ૮)*

**إِنَّآ أَرْسَلْنَآ إِلَيْكُمْ رَسُوْلًا شٰهِدًا عَلَيْكُمْ كَمَآ أَرْسَلْنَآ إِلٰى فِرْعَوْنَ رَسُوْلًا**

''બેશક ! અમે તમારી તરફ એક રસૂલ મોકલ્યા કે (જે) તમારા ઉપર હાઝિર નાઝિર છે જેવી રીતે કે અમે ફિરઓન તરફ રસૂલ મોકલ્યા.'' *(પારા–૨૯, સૂ. મુઝમ્મિલ, આ. ૧૫)*

# ઉમ્મતના મહાન ઈમામો
(ઈમામે આ'ઝમના શાગિર્દો)

## [૩] ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ

**નામ તથા વંશવાળી :** નામ મુહમ્મદ, કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ, વાલિદ (પિતા)નું નામ હસન છે અને વંશવેલો આ પ્રમાણે છે. અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન હસન બિન ફરકદ શૈબાની. શૈબાની આપના કબીલાની તરફ સંબંધિત છે. મોહક્કિકોની નજીક આ નિસ્બત વલાઈ (પિતા તરફની) છે કે આપના વાલિદ બનૂ શૈબાનના ગુલામ હતા.

આપના વાલિદનું સાચું રહેઠાણ જઝીરાએ શામ હતું. દમિશ્કની નજીક હરસાના રહેવાવાળા હતા. પછી શહેર છોડી વાસ્તા શહેરમાં આવી ગયા.

**વિલાદત તથા તાલીમ :** આપની વિલાદત હિજરી ૧૩૨માં શહેર વાસ્તામાં (ઈરાક)માં થઈ. પછી આપના વાલિદ કૂફા શહેરમાં સ્થાયી થયા અને આપની તાલીમ તથા તર્બિયતની શરૂઆત અહીંથી જ થઈ.

૧૪ વર્ષની ઉમરમાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા. મજલિસમાં આવીને ઈમામે આ'ઝમ رضی اللہ عنہના બારગાહમાં સવાલ કર્યો. ઈમામ અબૂ યુસૂફે આપની રહનુમાઈ કરી આપે ઈમામે આ'ઝમ رضی اللہ عنہને પૂછયું કે શું એક નાબાલિગ છોકરો ઈશાની નમાઝ પઢીને સૂઈ જાય અને તે જ રાત્રે ફજરની નમાઝથી પહેલાં તે બાલિગ (પુખ્તવયનો) થઈ જાય તો તે નમાઝ બીજીવાર પઢે કે નહીં ? ઈમામે આ'ઝમે ફર્માવ્યું, બીજીવાર પઢશે. ઈમામ મુહમ્મદે તે જ સમયે ઉભા થઈ એક ખૂણામાં નમાઝ પઢી. ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ એ જોઈને તરત જ ફર્માવ્યું, ઈન્શાઅલ્લાહ ! આ છોકરો સીધો રસ્તો દેખાડવાવાળો માણસ સાબિત થશે. તે વાકિઆ પછી ઈમામ મુહમ્મદ દોડી દોડીને ઈમામે આ'ઝમ رضی اللہ عنہની મજલિસમાં હાજર થતા રહ્યા. નાની ઉમરના હતા, ખૂબ જ ખૂબસૂરત હતા, જ્યારે વિદ્યાર્થી બનવાની દરખ્વાસ્ત કરી તો ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, પહેલા કુર્આન યાદ કરો (હાફિઝે કુર્આન બનો) પછી આવજો.

સાત દિવસ પછી હાજર થયા. ઈમામે આ'ઝમે رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં કહ્યું ન હતું કે કુર્આન શરીફ યાદ કરીને પછી આવજો. અર્ઝ કરી, મેં કુર્આન શરીફ યાદ કરી લીધું છે ! ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ તેમના વાલિદને કહ્યું કે આના માથાના વાળ મૂંડાવી નાખો પણ વાળ મૂંડાવ્યા પછી તેમનું હુસ્ન વધારે ચમકવા લાગ્યું. અબૂ નવાસે તે પ્રસંગ ઉપર આ અશ્આર કહ્યા :–

લોકોએ તેમના માથાને મૂંડાવી દીધું એટલે તેમની ખૂબસૂરતી ઓછી થાય. તેમના ચહેરામાં સવાર પણ હતી અને રાત પણ, રાતને તેઓએ હટાવી દીધી તેમ છતાં પણ સવાર બાકી રહી.

આપ સતત ચાર વર્ષ ખિદમતમાં રહ્યા. પછી ઈમામ અબૂ યુસૂફથી (હદીષ) પૂર્ણ કરી. તેના સિવાય બીજા મસ્અર બિન કદામ, ઔઝાઈ, સુફિયાન ષૌરી અને ઈમામ માલિક વગેરેથી ઈલ્મે હદીષમાં ખૂબ ફાયદો હાંસલ કર્યો અને કમાલ હાંસલ કર્યો.

રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

પોતે ફર્માવતા હતા : મને મારા પૂર્વજોના વારસામાં ૩૦૦૦૦ દિરહમ અથવા દીનાર મળ્યા હતા. જેમાંથી અડધાને લુગાત (શબ્દકોષ) તથા શેઅરની તાલીમ હાંસલ કરવામાં ખર્ચ કરી નાખ્યા અને અડધા ફિક્હ તથા હદીષના માટે. આપે ઈલ્મની તલબમાં કૂફા સિવાય મદીના, બસરા, વસ્તા શામ, ખુરાસાન, અને યમામા વગેરેના ઘણા બધા મશાઈખથી ઈલ્મ હાંસલ કર્યું. અમુકનાં નામો આ પ્રમાણે છે : ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ, ઈમામ અબૂ યુસૂફ, ઈમામ ઝફર, સુફિયાન ષૌરી, મસ્અર બિન કદામ, માલિક બિન મગૂલ, હસન બિન અમારહ, ઈમામ માલિક, ઈબ્રાહીમ, ઝહાક બિન ઉષ્માન, સુફિયાન બિન ઐનિયા, તલ્હા બિન અમ્ર શઅબા બિન અલ હજ્જાજ, અબુલ અવામ, ઈમામ ઔઝાઈ, અબ્દુલ્લાહ બિન મુબારક, ઝમઆ બિન સાલેહ.

આપ ઈમામ બુખારીના શામના શૈખમાંથી છે, ઈસા બિન અબાન, શદ્દાદ બિન હકીમ, ઈમામ શાફઈ જેને આપે બધી ઈલ્મી પૂંજી આપી દીધી હતી જે એક ઊંટના બોજ (ઊંટ ઉપર જેટલો સામાન રાખવામાં આવે છે એટલી કિતાબો) હતો.

**નોંધ** : આ રિવાયતથી જાણવા મળે છે કે આપ ઈમામ બુખારીના દાદા ઉસ્તાદ છે અને તે સમયમાં આટલી બધી કિતાબો લખેલી હતી. હવે જરા વિચાર કરો ! એ કેવો ઈલ્મી યુગ હશે.

અબૂ ઉબૈદ કહે છે, મેં ઈમામ શાફઈને જોયા કે ઈમામ મુહમ્મદે તેમને ૫૦ અશરફીઓ દીધી અને તેના પહેલાં ૫૦ રૂપિયા દઈ ચૂકયા હતા. ઈબ્ને સમાઆનું બયાન છે : ઈમામ મુહમ્મદે ઈમામ શાફઈના માટે કેટલીયવાર પોતાના સાથીઓથી એક એક લાખ રૂપિયા જમા કરીને આપ્યા.

ઈમામ મઝની ફર્માવતા હતા : ઈમામ શાફઈથી નકલ કરે છે કે એકવાર હું ઈરાકમાં કરજના કારણે કેદી બની ગયો, ઈમામ મુહમ્મદને ખબર પડી તો તેઓ મને છોડાવી ગયા.

આ જ કારણ હતું કે ઈમામ શાફઈ ઈમામ મુહમ્મદની ખૂબ જ તાઝીમ કરતા અને ખુલ્લા શબ્દોમાં એહસાનો જાહેર કરતા હતા. ફર્માવે છે, ફિક્હના બારામાં મારી ઉપર વધારે એહસાન મુહમ્મદ બિન હસનનું છે. હાફિઝ સમ્આનીએ ઈમામ શાફઈનો આ કૌલ નકલ કર્યો : અલ્લાહ તઆલાએ બે શખ્સો વડે મારી મદદ કરી, સુફિયાન બિન ઐનિયાના દ્વારા હદીષમાં અને ઈમામ મુહમ્મદના દ્વારા ફિક્હમાં.

અલ્લામા કરદરીએ ઈમામ શાફઈનો આ કૌલ નકલ કર્યો કે : ઈલ્મ અને દુનિયવી અસ્બાબના એતેબારથી મારી ઉપર કોઈનું પણ એટલું મોટુ એહસાન નથી જે રીતે ઈમામ મુહમ્મદનું છે.

આપના બીજા ખૂબ જ મોટા શાગિર્દ અસદ બિન અલ ફરાત છે, ખાસ નક્કી કરેલા સમયમાં આપે તેમની તાલીમ તથા તર્બિયત કરી. આખી આખી રાત તેમને એકલા લઈને બેસતા, પઢાવતા અને માલથી મદદ પણ કરતા હતા. જ્યારે લખી પઢીને ફાઝિલ થઈ ગયા તો ઈમામ મુહમ્મદની રિવાયતથી ઈમામે આ'ઝમ رضی اللہ عنہના મસ્અલાઓ અને ઈબ્ને કાસિમની રિવાયતથી ઈમામ માલિકના મસ્અલાઓ ઉપર વ્યાપક ૬૦ કિતાબોનો એક મજમૂઅ (લેખોનો સંગ્રહ) લખ્યો જેનું નામ અસદિયા રાખ્યું. મિસ્રના ઓલમાએ તેની નકલ લેવા ચાહ્યું અને મિસ્રના કાઝી દ્વારા ભલામણ કરી, આપે તેની ઈજાઝત દઈ આપી અને ચામડાઓના ત્રણસો ટુકડાઓ ઉપર તેનું લખાણ કરાવવામાં આવ્યું જે ઈબ્નુલ કાસિમની પાસે રહ્યું. પછીના જમા (સંગ્રહ) કરેલા નુસ્ખાઓની અસલ પણ આજ અસદિયા છે.

ઈમામ મુહમ્મદની પાસે માલની એટલી બધી આવક હતી કે ત્રણસો એકાઉન્ટન્ટ માલની દેખરેખના માટે રાખેલા હતા. પણ આપે આપનો બધો માલ

તથા સામાન મોહતાજ વિદ્યાર્થીઓ ઉપર ખર્ચ કરી દીધો. ત્યાં સુધી કે આપની પાસે પહેરવાનાં કપડાં પણ સાધારણ રહી ગયાં હતાં.

આપ રાતોમાં સૂતા ન હતા. કિતાબોના ઢગલા લાગેલા રહેતા. જ્યારે એક ફન (વિષય)ની કિતાબોથી તબીઅત ગભરાવા લાગતી તો બીજા ફનની કિતાબો વાંચવાનું શરૂ કરી દેતા હતા. જ્યારે રાતોમાં જાગતા અને કોઈ મસ્અલો હલ થઈ જતો તો ફર્માવતા, અરે ! શહઝાદાઓને આ આનંદ ક્યાં નસીબ થઈ શકે છે ?! ઈમામ શાફઈ ફર્માવે છે કે, એકવાર હું આપને ત્યાં રોકાયો અને સવાર સુધી નમાઝ પઢતો રહ્યો, પણ ઈમામ મુહમ્મદ આખી રાત એક બાજુ સૂતા રહ્યા અને સવાર થતાં આમને આમ (વુઝૂ વગર) નમાઝમાં સામેલ થઈ ગયા. મને આ વાત ખટકી તો મેં અર્ઝ કરી, આપે ફર્માવ્યું, શું તમે એ સમજ્યા કે હું સૂઈ ગયો હતો ? નહીં ! મેં કુર્આન શરીફમાંથી અંદાજે ૧૦૦૦ મસ્અલાઓ કાઢયા ! તમે આખી રાત પોતાની માટે કામ કર્યું અને મેં આખી ઉમ્મત માટે.

મુહમ્મદ બિન મુસ્લિમાનું બયાન છે કે : આપે રાતના ત્રણ ભાગ કર્યા હતા. એક સૂવા માટે, એક દર્સ માટે, અને એક ઈબાદત માટે. કોઈકે આપને કહ્યું, આપ સૂતા કેમ નથી ? ફર્માવ્યું, હું કેવી રીતે સૂઈ જાઉં જ્યારે કે મુસલમાનોની આંખો અમારા લોકો ઉપર ભરોસો કરીને સૂઈ રહી છે.

**ફઝ્લ તથા કમાલ** : ઈમામ શાઈફ ફર્માવે છે : જો હું કહેવા ચાહું કે કુર્આન મજીદ મુહમ્મદ બિન હસનની લુગત (શબ્દકોષ) ઉપર ઉતર્યું છે તો હું આ વાત ઈમામ મુહમ્મદની ફસાહતની બુનિયાદ ઉપર કહી શકું છું. વધારામાં યહૂદીઓ અને ઈસાઈઓ ઈમામ મુહમ્મદની કિતાબોનું વાંચન કરી લેતા તો ઈમાન લઈ આવતા. ફર્માવે છે, મેં જ્યારે પણ કોઈ શખ્સથી કોઈ મસ્અલાઓ પૂછયા તો તેના તેવર ઉપર બળ આવી ગયું, પણ ઈમામ મુહમ્મદથી જ્યારે પણ કોઈ મસ્અલાઓ પૂછયા તો આપે ખૂબ જ સારી રીતે તે મસ્અલાઓ સમજાવ્યા. ઈમામ અહમદ બિન હંબલથી કોઈકે પૂછયું, આ બારીક મસ્અલાઓ આપે ક્યાંથી શિખ્યા તો ફર્માવ્યું, ઈમામ મુહમ્મદની કિતાબોમાંથી.

ઈબ્ને અકષિમે યહ્યા બિન સાલેહને પૂછયું, તમે ઈમામ માલિક અને ઈમામ મુહમ્મદ બંનેની ખિદમતમાં રહ્યા છો. બતાવો તો બંનેમાંથી કોણ વધારે ફકીહ હતું ? તો આપે તરત જ જવાબ દીધો, ઈમામ મુહમ્મદ. રબીઅ બિન સુલૈમાન કહે છે, મેં મુહમ્મદ બિન હસનથી વધારે કોઈ બુધ્ધિશાળી નથી જોયો.

ઈમામ મુહમ્મદ ખૂબ જ ગૈરતમંદ તથા મજબૂત સ્વભાવના હતા. સમયના મોટા અધિકારીઓની આંખોમાં આંખો નાખીને વાતચીત કરતા અને હક્કને જાહેર કરવાના રસ્તામાં કોઈ ચીજ આપના માટે રુકાવટ થતી ન હતી. એકવાર ખલીફા હારૂન રશીદના આગમન ઉપર બધા લોકો ઉભા થઈ ગયા, મુહમ્મદ બિન હસન બેઠા રહ્યા. થોડકીવાર પછી ખલીફાના ખાસ માણસે મુહમ્મદ બિન હસનને બોલાવ્યા. આપના શાગિર્દો અને સાથીઓ બધા પરેશાન થઈ ગયા કે હવે ન જાણે શાહી પ્રકોપમાંથી કેવી રીતે છૂટકારો થશે ! જ્યારે આપ ખલીફાની સામે પહોંચ્યા તો તેણે પૂછયું કે ફલાણા મૌકા ઉપર તમે ઉભા કેમ થયા ન હતા ? ફર્માવ્યું કે જે દરજ્જા ઉપર મને કાયમ કરવામાં આવ્યો છે તેમાંથી નીકળવાનું પસંદ ન કર્યું. આપની તાઝીમના માટે ઉભા થઈ ઈલ્મવાળા લોકોના દરજ્જામાંથી નીકળીને ખિદમત કરવાવાળા લોકોના દરજ્જામાં દાખલ થવું મને પસંદ ન હતું. પછી કહ્યું, હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે શખ્સ એ વાતને પસંદ કરતો હોય કે માણસો તેની તાઝીમ કરવા માટે ઉભા રહે, તે પોતાનું ઠેકાણું દોઝખમાં બનાવી લે.** હુઝૂર ﷺનો ઈશારો ઓલમાની જમાઅત છે. બસ જે લોકો સાચી ખિદમત

અને શાહી એઝાઝના ખયાલથી ઉભા રહ્યા તેઓએ દુશ્મનના માટે હૈબતનો સામાન મેળવ્યો અને જે બેઠા રહ્યા તેઓએ સુન્નત અને શરીઅત ઉપર અમલ કર્યો જે આપના જ ખાનદાનથી લેવામાં આવી છે અને જેની ઉપર અમલ કરવો આપની ઈજ્જત અને કરામત છે. હારૂન રશીદે સાંભળીને કહ્યું, સાચુ કહો છો.

**ક઼ાઝીનો હોદ્દો** : ઈમામ અબૂ યૂસુફને હનફી ફિક઼્હના પ્રચાર તથા પ્રસારનો ખૂબ જ શોખ હતો. આપ ચાહતા હતા કે દેશનો વહીવટ હનફી ફિક઼્હ પ્રમાણે થાય. એટલા માટે આપે હારૂન રશીદની દરખાસ્ત ઉપર કાઝીઉલ ક઼ઝા (ચીફ જસ્ટિસ)નો હોદ્દો ક઼બૂલ કરી લીધો હતો. થોડાક સમય પછી હારૂન રશીદે શામ દેશના ઈલાકાઓ માટે ઈમામ મુહમ્મદને કાઝીની હૈસિયતથી નક્કી કર્યા. ઈમામ મુહમ્મદને જાણ થતાં તેઓ ઈમામ અબૂ યુસૂફની પાસે ગયા અને આ હોદ્દાથી પોતાનો બચાવ કરવા દરખાસ્ત કરી કે મને આ પરીક્ષાથી બચાવો. ઈમામ અબૂ યુસૂફ હનફી મસ્લકના પ્રચાર પ્રસારને પોતાની આંખો સામે રાખી આપનાથી સહમત ન થયા. આપ તેમને યહ્યા બરમક્કીની પાસે લઈ ગયા યહ્યાએ તેમને હારૂન રશીદની પાસે મોકલી દીધા. આવી રીતે મજબૂર થઈને કાઝીનો હોદ્દો ક઼બૂલ કરવો પડયો.

**મોઅત્તા ઈમામ મુહમ્મદ** : હદીષમાં આ ઈમામ મુહમ્મદની સૌથી પહેલી લખેલી કિતાબ છે. આ કિતાબમાં આપે મોટા ભાગે ઈમામ માલિકથી સાંભળેલી રિવાયતો ભેગી કરી છે. કિતાબ બુસ્તાનુલ મુહદ્દિષીનમાં શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ મૌતાના ૧૬ નુસ્ખાઓનો ઉલ્લેખ કર્યો છે. પણ આજે દુનિયામાં કેવળ બે જ નુસ્ખા મશહૂર છે : એક ઈમામ મુહમ્મદની રિવાયતોનો સંગ્રહ જેને મોઅત્તા ઈમામ મુહમ્મદ કહે છે. અને બીજો યહ્યા બિન યહ્યા મસ્મૂદીનો નુસ્ખો જે મોઅત્તા ઈમામ માલિકના નામથી મશહૂર છે.

**આપનો વિસાલ** : ઈમામ મુહમ્મદે ૫૮ વર્ષની ઉમર પસાર કરી જેમાં આખી જિંદગી મોટા ભાગનો સમય ફિક઼્હની તેહક઼ીક઼ો (સંશોધનોમાં) અને મસ્અલાઓના ઈસ્તિંબાત અને ઈજતેહાદમાં પસાર કર્યો. જ્યારે બીજી વખત ક઼ાઝીના હોદ્દા ઉપર આવ્યા અને ચીફ જસ્ટિસ બન્યા તો એકવાર હારૂન રશીદે પોતાની સાથે સફર ઉપર લઈ ગયો, ત્યાં 'રે' (નામના સ્થળે)ની અંદર બનૂયનામીની એક વસ્તીમાં આપનો વિસાલ થઈ ગયો. એ જ સફરમાં હારૂન રશીદની સાથે નહ્વના મશહૂર ઈમામ કુસાઈ પણ હતા જે આપના માસીના દિકરા થતા હતા. અને અચાનકથી એક દિવસે અથવા બીજા દિવસ પછી તેમનો પણ વિસાલ થઈ ગયો. હારૂન રશીદને બંને અઈમ્માએ ફન (ફનના ઈમામો)ના વિસાલથી ખૂબ જ દુઃખ થયું અને તેના જ અફસોસમાં કહ્યું, આજે મેં ફિક઼્હ અને નહ્વ બંનેને ''રે''માં દફન કરી દીધા.

રિવાયત છે કે વિસાલ પછી કોઈકે આપને ખ્વાબમાં જોઈ પૂછયું કે આપનો મૌતના સમયે શું હાલ હતો ? આપે ફર્માવ્યું, હું તે સમયે મકાતિબ (લખવાના સ્થાનો)ના મસ્અલાઓમાંથી એક મસ્અલા ઉપર ચિંતન કરી રહ્યો હતો, મને રૂહ નીકળી જવાની કાંઈ ખબર ન પડી.

ખતીબ બગદાદી (વિસાલ હિજરી ૫૫૩) એ ઈમામ મુહમ્મદના વર્ણનના અંતે મહમૂવિયા નામી એક ખૂબ જ મોટા બુઝુર્ગ જેની ગણના અબ્દાલમાં કરવામાં આવે છે તેમનાથી એક રિવાયત નકલ કરી કે તેઓ ફર્માવે છે, મેં મુહમ્મદ બિન હસનને તેમના વિસાલ પછી ખ્વાબમાં જોયા તો પૂછયું ,હે અબૂ અબ્દુલ્લાહ ! આપનો શું હાલ છે ? કહ્યું, અલ્લાહે મને ફર્માવ્યું, જો હું તને અઝાબ દેવાનો ઈરાદો કરતો તો હું તને આ ઈલ્મ ન આપતો. મેં પૂછયું, અને અબૂ યુસૂફનો શું હાલ છે ? ફર્માવ્યું, મારાથી ઊંચા દરજ્જાઓમાં છે. પૂછયું, અને અબૂ હનીફા ? કહ્યું, તેઓ અમારાથી વધારે ઊંચા દરજ્જાઓમાં છે.

# ભીખ માંગવું કોના માટે જાઈઝ અને કોના માટે નાજાઈઝ ?



અઝ : **મુજીદ રઝા-જંબુસર**

*(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

મુસ્લિમ તથા અબૂ દાઊદ શરીફમાં હઝરત કુબૈસા બિન મુખારિક઼ હિલાલી رضی اللہથી હદીષ મરવી છે : એ વર્ણન કરે છે કે હું એક મોટી રકમનો કરજદાર હતો માટે હું હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો જેથી આપને એના વિશે સવાલ કરું. આપે ફર્માવ્યું, અમારી પાસે ત્યાં સુધી થોભો જ્યાં સુધી કે અમારી પાસે સદક઼ાનો માલ આવી જાય, અમે એમાંથી તમોને આપીશું. પછી ફર્માવ્યું, હે કુબૈસા ! ત્રણ વ્યક્તિઓ સિવાય બીજા કોઈને માટે સવાલ કરવો જાઈઝ નથી : **એક** તે વ્યક્તિ જે કરજદાર હોય એના માટે એટલા જ પ્રમાણમાં માંગવું જાઈઝ છે જેનાથી એનું કરજ ચૂકતે થઈ જાય, ત્યાર પછી સવાલ ન કરે. **બીજો** તે વ્યક્તિ કે જેનો માલ કોઈ અચાનક મુસીબત તથા આફતથી તબાહ થઈ જાય, એના માટે એટલા જ પ્રમાણમાં માંગવું જાઈઝ છે જેનાથી એનો જીવન ગુજારો થઈ જાય. અને **ત્રીજો** એ વ્યક્તિ કે જે ફાકા (તંગી)ના કારણે ભૂખો રહેતો હોય અને તેના ખાનદાનના ત્રણ બુધ્ધિશાળી વ્યક્તિઓ આ વાત પર ગવાહી પણ આપે કે ખરેખર એ ફાકાના કારણે ભૂખ્યો રહે છે, તો એના માટે પણ એટલા જ પ્રમાણમાં માલનો સવાલ કરવો જાઈઝ છે જેનાથી તે જીવનને વિતાવી શકે. અને હે કુબૈસા ! **આ ત્રણ વ્યક્તિઓના સિવાય બીજા માટે સવાલ કરવું અથવા માંગવું હરામ છે.** જે વ્યક્તિ આ ત્રણ પ્રકારના સિવાય બીજા કોઈ અન્ય તરીક઼ાથી માંગીને જિંદગી પસાર કરતો હોય તો એ હરામનું ખાય છે.

આ હદીષના હેઠળ સહીહ મુસ્લિમના વિવેચક અલ્લામા ગુલામ રસૂલ સઈદી લખે છે કે આ હદીષથી સ્પષ્ટ થાય છે કે ધંધાદારી ભીખારી બની ભીખ માંગવું ઈસ્લામમાં જાઈઝ નથી અને ઈસ્લામી હુકૂમત પર ફરજ છે કે ધંધાદારી ભીખારીઓના વિરૂદ્ધ કાર્યવાહી કરે. આજકાલ અમુક લોકો બનાવટી તરીક઼ા પર અને અમુક ઈરાદાપૂર્વક મજબૂર અને લાચાર બની જાય છે અને પોતાના હાથ પગ એવા ખરાબ બનાવી નાખે છે કે જોવાવાળાઓને પણ દયા આવી જાય. જ્યારે કે ઈમાનના પછી સૌથી શ્રેષ્ઠ અને સૌથી મોટી નેઅમત કોઈ હોય તો તે અંગો તથા અવયવોની સલામતી છે. આ લોકો અલ્લાહ તઆલાની આ નેઅમતને નષ્ટ કરી દે છે અને અલ્લાહની નેઅમતોનો શુક્ર અદા નથી કરતા. અમુક લોકો મેકઅપનો સહારો લઈ બનાવટી બીમારીઓ જાહેર કરે છે અને મુસલમાનોને ધોકો આપે છે. અમુક ભીખારીઓ જાણી જોઈને આંધળા તથા લંગડા બની જાય છે. આવા તમામ લોકોને પકડીને સજા આપવી જોઈએ જેથી આ મકરૂહ ધંધો બંધ થઈ જાય છે. *(શરહે સહીહ મુસ્લિમ, ૨/૬૬૯)*

એક હદીષ શરીફમાં છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે સવાલ કરવો એક પ્રકારની ખંજવાળ છે કે વ્યક્તિ સવાલ કરીને પોતાના મોઢાથી ચામડી ઉતારે છે. તો જે ઈચ્છે તે પોતાના મોઢા પર ઝખ્મને બાકી રાખે અથવા તો છોડી દે. હા ! જો સલ્તનતવાળાથી પોતાનો હક્ક઼ માંગે અથવા એવી હાલતમાં માંગે કે એના સિવાય કોઈ ઉપાય ન હોય તો માંગવું જાઈઝ છે.

શોઅબુલ ઈમાનમાં છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે જે વ્યક્તિ લોકોથી ભીખ માંગે જ્યારે કે ન ફાકાથી (ભૂખે મરતો) હોય અને ન એની ઔલાદ ધરાવે છે કે પાલનપોષણની શક્તિ નથી ધરાવતો, તો ક઼યામતના દિવસે એ એવી રીતે આવશે કે એના મોઢા પર ગોશ્ત નહીં હોય.

આ હદીષોથી સ્પષ્ટ થયું કે ભીખ માંગવું જાઈઝ નથી. હા ! અમુક પ્રકારો એવા છે કે જેમાં ભીખ માંગવું હલાલ છે અને તે આ પ્રમાણે છે :

**(૧)** કરજમાં ડૂબેલો હોય અને એની પાસે એટલી રકમ ન હોય કે જેનાથી કરજ અદા કરી શકે તો જેટલી જરૂરત હોય એટલી રકમ માંગી શકે છે. પરંતુ એ ધ્યાન રહે કે કરજદાર માટે કરજ અદા કરવાના માટે જ માંગવાની ઈજાઝત ત્યારે છે જ્યારે કે એણે કોઈ જાઈઝ જરૂરત માટે કરજ લીધુ હોય. જો કોઈ ગુનાહ માટે કરજ લીધુ હોય તો માંગવાની ઈજાઝત નથી.

**(૨)** કોઈ અચાનક આફત તથા મુસીબત આવી જાય જેથી માલ બર્બાદ થઈ જાય. દા.ત. ઘરમાં આગ લાગી જાય અથવા સફરમાં ટ્રેન અથવા બસમાં સામાન ચોરી થઈ જાય તો જરૂરત પૂરતું માંગવું જાઈઝ છે.

**(૩)** કોઈના પાસે ખાવા માટે કાંઈ જ ન હોય અને તંગી તથા ફાકાની નૌબત આવી જાય તો એને એટલુ માંગવાની ઈજાઝત છે જેનાથી એની ભૂખ મટી જાય.

હદીષમાં ત્રણ બુધ્ધિશાળી વ્યક્તિઓની ગવાહીનું વર્ણન છે એ તેના માટે છે જેનું માલદાર હોવું પ્રસિદ્ધ હોય, તો વિના ગવાહીએ એનું કથન ભરોસાપાત્ર નથી અને આ ગવાહી કેવળ મુસ્તહબ છે વાજિબ નથી. અને જે માલદાર ન હોય એને માત્ર કહી દેવું પૂરતુ છે.

**(૪)** એવી જરૂરત પડે કે માંગવાના સિવાય કોઈ બીજો ઉપાય ન હોય દા.ત. કોઈના માતા અથવા પિતાને કોઈ નુકસાનકારક બીમારી થઈ ગઈ અને તેની પાસે એટલા પૈસા પણ ન હોય કે તે ઈલાજ કરાવી શકે. અને કોઈ તેને કરજ પણ ન આપે અથવા કરજ તો આપે પરંતુ એને અદા કરવાની કોઈ સૂરત ન હોય તો એવા વ્યક્તિને એટલા માલનું માંગવું જાઈઝ છે જેનાથી સંપૂર્ણ ઈલાજ થઈ જાય.

**(૫)** પોતાના સમયના બાદશાહથી પોતાનો હક્ક઼ માંગી શકે છે. કેમ કે આ માંગવું નથી બલ્કે પોતાનો હક્ક઼ પ્રાપ્ત કરવું છે. આ જમાનો કેમ કે બાદશાહીનો નથી બલ્કે લોકશાહીનો છે. એટલા માટે ગવર્મેન્ટ તરફથી ખેડૂતો, વિદ્યાર્થીઓ, બેવા સ્ત્રીઓ અને વેપારીઓની માલથી મદદ માટે જે સ્કીમો મળે છે, માલદાર હોવા છતાં ગવર્મેન્ટથી સ્કીમ માંગી શકે છે અને તેનાથી લાભ પણ ઉઠાવી શકે છે. પરંતુ એવી સ્કીમ માંગવી જે એના માટે ન હોય તે જાઈઝ નથી. દા.ત. ૫૦ વર્ષથી વધારે ઉમરવાળા માટે અથવા બેવા સ્ત્રીઓ માટે કોઈ સ્કીમ હોય તો ૬૦ વર્ષથી ઓછી ઉમરવાળો પોતાને ૬૦ વર્ષનો બતાવે અથવા જે બેવા ન હોય તે પોતાને બેવા જાહેર કરે અને આ સ્કીમથી લાભ ઉઠાવે તો એ જાઈઝ નથી. કેમ કે આ ધોકો છે અને ધોકો આપવું ઈસ્લામમાં જાઈઝ નથી.

ઉપર જેટલા પણ પ્રકારો વર્ણન કર્યા એમાં જરૂરત સાબિત છે. માટે વિના જરૂરત ભીખ માંગવું એક અત્યંત નીચ હરકત અને હરામ કામ છે.

હદીષ શરીફમાં છે જે વ્યક્તિ જરૂરત વિના માંગે છે એ જાણે કે આગનો અંગારો ખાય છે. *(અલ મઅજમુલ કબીર)*

જે લોકો પણ જરૂરત વિના ભીખ માંગે છે એ ખરેખર પોતાના માલમાં વધારો કરવા માટે માંગે છે. એ લોકો માટે હદીષમાં સ્પષ્ટ ચેતવણી આવી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે માણસ માલના વધારા માટે માંગે છે તો તે અંગારાનો સવાલ કરે છે, માટે જે ચાહે તે માંગવાનું ઓછુ કરી દે અથવા વધારે માંગે.**

ભીખ માંગવું જરૂર એક નીચુ તથા બેઈજ્જતીનું કાર્ય છે. એનાથી જ્યાં સુધી થઈ શકે બચવાની કોશિશ કરવી જોઈએ. હદીષોનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે હુઝૂર ﷺ ભીખ માંગવાવાળાને પસંદ કરતા ન હતા. અમુક હદીષોથી એ સબક મળે છે કે જ્યાં સુધી શરીરમાં મહેનત અને મજૂરી કરવાની

તાક઼ાત હોય તો મહેનત અને મજૂરી કરીને બે સમયની રોટી માટે બંદોબસ્ત કરે પણ ભીખ ન માંગે.

બુખારી તથા મુસ્લિમની હદીષ છે : હુઝૂર ﷺ ફર્માવે છે એ જાતની કસમ ! જેના કબ્ઝામાં મારી જાન છે, જો તમારામાંથી કોઈ વ્યક્તિ પોતાની દોરી લઈને જંગલની લાકડીઓ કાપી પોતાની પીઠ પર બાંધીને લાવે તો એના માટે એનાથી બહેતર છે કે તે કોઈના પાસે જઈને ભીખ માંગે, હવે તે વ્યક્તિ તેને આપે અથવા ના પાડી દે. *(બુખારી, કિતાબુઝ્ઝકાત)*

હદીષોનું વાંચન કરી વિચારો કે વિના જરૂરત ભીખ માંગવાની કેટલી બુરાઈ વર્ણન કરવામાં આવી છે અને કેવી રીતે ચેતવણીઓ આપવામાં આવી છે કે કોઈ જગ્યાએ તેના ચેહરા પર ઝખ્મ બતાવેલ છે, કોઈ જગ્યાએ જહન્નમનો અંગારો અને કોઈ જગ્યાએ તેને ઝલીલ (નીચ) કામ કહેવામાં આવ્યું છે. આ ચેતવણીઓ આપવામાં હોવા છતાં જો કોઈ વ્યક્તિ જરૂરત વગર માંગવા નીકળે તો એણે પોતાના ઈમાનની ફિકર કરવી જોઈએ. મુસલમાનોએ જોઈએ કે જ્યાં સુધી થઈ શકે જાતે કમાઈ કરે અને એનાથી જ સદકા તથા ખૈરાત પણ કરે. આ જ કારણે જેવી રીતે માગવાની બુરાઈ વર્ણવવામાં આવી છે તેવી જ રીતે સદકા તથા ખૈરાત કરવાની ઘણી ફઝીલતો પણ આવી છે.

એક હદીષમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઉપરવાળો હાથ નીચેના હાથથી બેહતર છે. ઉપરવાળો હાથ ખર્ચ કરવાવાળો છે અને નીચેનો હાથ માંગવાવાળો. *(સહીહ મુસ્લિમ, કિતાબુઝ્ઝકાત)*

આ હદીષની સ્પષ્ટતા કરતાં દાઈએ ઈસ્લામ શયખ અબૂ સઈદ શાહ એહસાનુલ્લાહ મુહમ્મદી સફવી ફર્માવે છે કે ઉપરવાળો હાથ બેહતર એટલા માટે છે કે એનાથી દુનિયા જાય છે અને એ ફખ્રની ખૂબીથી સુશોભીત થાય છે. અને દિન તથા આખિરત અને નીચેનો હાથ દુનિયા લઈ રહ્યો છે એટલા માટે બેહતર નથી.

હદીષમાં આટલી અધિક વઈદો (વોર્નિંગો) હોવા છતાં જો કોઈ ગૈર મુસ્તહિક઼ ભીખ માંગે તો ભીખ આપવાવાળાએ જોઈએ કે એને દેવાથી બચે.

એટલા માટે ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمة الله عليه ફર્માવે છે ભીખારીને વગર જરૂરત ભીખ માગવું હરામ છે અને એવા લોકોને આપવું પણ હરામ છે, એટલા માટે કે આ ગુનાહના કાર્ય પર બીજાની મદદ કરવી છે. *(ફતાવા રઝવિય્યહ, ૨૪/૪૯૨)*

## ★ મછાસરામાં જશ્ને મીલાદુન્નબી ﷺ મનાવાયો ★

**મછાસરા :** (તા. આમોદ) ખાતે તા. ૭–૧–૨૦૧૪ મંગળવારે ઈશાની નમાઝ બાદ "જશ્ને મીલાદુન્નબી" ﷺ મનાવાયો જેમાં ખતીબે ઝીશાન અલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાને મુસ્તફા ﷺમાં લાજવાબ બયાન કર્યું હતું. મછાસરામાં મોટી સંખ્યામાં શમ્એ રિસાલતના પરવાનાઓ તૂટી પડયા હતા અને ખૂબ જ શાનદાર જશ્ન થયો હતો.

**દયાદરા :** ખાતે તા. ૧૩–૧–૨૦૧૪ સોમવાર ૧૨ રબી. અવ્વલ શરીફની રાત્રે મોટા ચકલા પર શાનો શૌકતથી "જશ્ને મીલાદુન્નબી" ﷺ મનાવાયો જેમાં નઅતખાં હઝરાતે નઅતોના હસીન ગુલદસ્તા પેશ કર્યા. છેવટમાં હઝરત સૈયદ મૌલાના મોહસિન (પેશ ઈમામ–દયાદરા)એ મીલાદુન્નબી ﷺ મનાવવાની શાનદાર દલીલો પેશ કરી વહાબી દેવબંદીઓની ઝાટકણી કાઢી મુદલ્લલ બયાન કર્યું હતું. છેવટમાં સલાતો સલામ વ દુઆ બાદ ન્યાઝ વહેંચાઈ હતી.

તેમજ બીજા દિવસે સવારના ૮ વાગે મદ્રસા મઝાહેરુલૂ ઉલૂમથી રાબેતા મુજબ જુલૂસ નીકળી ગામ ફેરી ફરી મસ્જિદમાં સૌ હાજર થયા ત્યાં નઅત, બયાન બાદ મૂએ મુબારકની ઝિયારત કરાવવામાં આવી છેવટે અકુજી કોમ્યુનિટી હોલમાં દા'વતે આમ સાથે ન્યાઝ સર્વ સુન્ની હઝરાતને જમાડવામાં આવી હતી.

# મીલાદુન્નબી صلى الله عليه وسلم મનાવવા સંબંધે

**વાંધાઓના કુર્આન હદીષથી જવાબો**




અઝ : **મૌલાના કૌકબ નૂરાની (પાક.)**

રજૂ : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


ઈદે મીલાદુન્નબી صلى الله عليه وسلم મનાવવા સંબંધે વહાબી કહેવાતા અહલે હદીષ, દેવબંદી, મૌદૂદી.... વગેરે થકી દર રબીઉલ અવ્વલ શરીફ આવતાં પહેલાં જેમ ચોમસુ આવતાં દેડકાઓ દ્રાઉં...! દ્રાઉં...! કરવા લાગે છે તેમ મીલાદુન્નબી મનાવવાને નાજાઈઝ, બિદઅત, હરામ, શિર્ક સુદ્ધાં બકી કાઢે છે, જ્યારે ઉલમાએ અહલે સુન્નત તથા બુઝુર્ગાને દીનનો સેંકડો વરસો પહેલાંથી આ હુઝૂર صلى الله عليه وسلمની મીલાદ શરીફ મનાવવાનો તરીક઼ો ચાલ્યો આવે છે છતાં આ છેલ્લા સો દોઢસો વરસથી અંગ્રેજોના સહારે જન્મેલા નવા ફિર્ક઼ાઓ નબી પાક صلى الله عليه وسلمની દુશ્મનીમાં નબી صلى الله عليه وسلمની વિલાદતની ખુશી મનાવવામાં આવતાં શૈતાનની જેમ નારાજ નારાજ થઈ જાય છે ! અને મેગેઝિનો કે પરચાઓ થકી, વોટ્સએપ પર કે એસ.એમ.એસ. થકી દુષ્પ્રચાર એ રીતનો થાય છે કે ★ ૧૨ રબીઉલ અવ્વલ તો હુઝૂર صلى الله عليه وسلمની વફ઼ાતનો દિવસ છે તેમાં ખુશી કેવી ?! ★ તો વળી ક્યાંક કહે છે કે ઈસ્લામમાં તો બે જ ઈદો છે, આ ત્રીજી કેવી ?! ★ વળી કહે છે કે સહાબાએ મીલાદ નથી મનાવી, જેથી એ હરામ છે ! એ તો બિદઅત છે ! ★ સહાબાએ મીલાદનું જુલૂસ નથી કાઢયું જેથી એ હરામ તથા બિદઅત છે !....વગેરે. તો એના **"મૌલાના કૌકબ નૂરાની (પાક.) સાહબ"**ના થકી દર્શાવેલ સચોટ જવાબો વહાબીઓ થકી ફેલાવેલ ગુમરાહીના અંધકારને દૂર કરી ઈમાનની રોશની ફેલાવે છે. ધ્યાનપૂર્વક વાંચશો.

બીજી આશ્ચર્યની વાત એ છે કે વહાબી મીલાદુન્નબી صلى الله عليه وسلم મનાવવાના સંબંધે તો ઉપર જણાવ્યા તેવા વાંધા ઉઠાવે છે પણ હાલમાં જ તા. ૧૧–૧–૨૦૧૪ શનિવારે મુંબઈ–આઝાદ મેદાનમાં દેવબંદી જમીઅતે ઉલમાએ હિંદ (મહારાષ્ટ્ર) તરફથી "તહફ્ફૂઝે જમ્હૂરિયત કોન્ફરન્સ" અર્શદ મદનીની આગેવાનીમાં યોજાયી જેના માટે ઠેર ઠેર રસ્તાઓ પર તેમની જમાતના ઝંડાઓ લહેરાવાયા ! (જેમ કે ઉપરના ફ઼ોટામાં દર્શાવાયું છે)

આ ઝંડાઓ મીલાદુન્નબી صلى الله عليه وسلمના હોય તો બિદઅત, હરામ તથા શિર્ક થઈ જાય ! તો આ દેવબંદીઓના ઝંડા તથા આ કોન્ફરન્સ મનાવવું, દિવસ નક્કી કરી ભેગા થવું ક્યાંથી સાબિત થઈ ગયું ?! જેમની પાસે જાગૃત દિમાગ છે તેવા સર્વ કલ્મો પઢનારાઓને દા'વત આપીએ છીએ કે આ ઢોંગી વહાબી, દેવબંદી ફિર્ક઼ાનો ન્યાયી રીતે અભ્યાસ કરો અને તેમની ચુંગાલમાંથી બહાર નીકળી સાચા સુન્ની બનો. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)

શિર્ક સબસે બળા ગુનાહ હે. ઉસકે બાદ દુસરા બળા ગુનાહ, બિદઅત હે, લફઝે બિદઅત કો લુગત મેં દેખેં તો ઈસ્કે મઅને હૈં નઈ ચીઝ. બહુત સી ચીઝેં નઈ હૈં, ઔર અલ્લાહકા નામ **બદીઉસ્સમાવાતિ વલ અર્દ** હે, બદીઅ્ ઉસકા નામ હે. બિદઅત કી તઅરીફમેં અસલમેં ઝઘળા હે, ઔર ઈસ વક્ત જિતને ભી નાઝિરીન, સામઈન દેખ સુન રહે હૈં ઉન્કી ખિદમતમેં અર્ઝ હે. મુઝે યહ પહચાનતે હૈં કે મૈં બહોત છોટાસા દીનકા ખાદિમ હૂં, કૌકબ નૂરાની ઓકાળવી! એક ઈલ્તિજા કરતા હૂં, દુન્યાભરકે તમામ ઉલ્માસે જિન્કો બિદઅતકા બહોત ઝયાદા અંદેશા હે, બલ્કે વો ઉસ્કી ફિક્રમેં ઘુલે જા (ઓગળી) રહે હૈં, ઈસ હદ તક પરેશાન હૈં કે લગતા હે કે હર કામ બિદઅત હે. ઉનસે એક ઈલ્તિજા હે કે વો બિદઅત કી એક તારીફ ડેફિનેશન લિખ દેં, ઔર ઉસ પર દસ્તખત કર દેં કે મૈં ઈસ પર કાઈમ રહુંગા, હિલુંગા નહીં ! ઝરા હો તો સામને આએ, અગર ઉસીસે ઉનકો બિદઅતી સાબિત ન કરું તો મુઝે જો ચાહે સઝા દે દેં.

યહ મૈં ઈસ લિએ કહ રહા હૂં કે જાઈઝ નેક કામોં કો બિદઅત કહ કે લોગોં કો નેકીસે દૂર કિયા જા રહા હે. બિદઅત કી મૈં જો તઅરીફ કર રહા હૂં વો મેરી તરફ સે સુન લેં ઔર અપની તરફસે લે આએં.

**★ બિદઅત ! બિદઅત ! કરનેવાલે ખૂદ બિદઅતી હૈં ! ★**

અગર યહ કહા જાએ કે બિદઅત કી યહ તારીફ હે કે જો કામ નબીએ પાક ﷺ કે ઝમાનેમેં, ઝાહેરી ઝમાનેમેં નહીં હુવા, યા ઉસ વક્ત નહીં કિયા ગયા અબ હો રહા હે વો બિદઅત. તો ઐસે તો લાખોં કામ હૈં, ફિર ઉન સબ કો બિદઅત કહા જાએ તો બિદઅત કી તારીફ ક્યા હોગી ? એક લતીફા સુના દૂં. વાલિદ સાહબ કિ્બ્લા કે પાસ એક શખ્સ આયા. વાલિદ સાહબ (મૌલાના શફી ઓકાળવી رحمۃ اللہ علیہ) કિતાબ પળ્હ રહે થે. ઉસને આતે હી અપની તરફસે કહા, મીલાદ કરના બિદઅત હે ! તો વાલિદ સાહબને પૂછા, બિદઅત કી તઅરીફ ક્યા હે ? તો કહને લગા, "જો ચીઝ હુઝૂર ﷺ કે ઝમાનેમેં નહીં થી ઔર અબ હે વો બિદઅત હે ! " તો વાલિદ સાહબને ફર્માયા, ક્યા તુમ થે ઉસ ઝમાનમેં ? તુમ ખૂદ સર સે પાઉં તક બિદઅત હો ! બિદઅત કી તારીફ (વ્યાખ્યા) હી સહીહ નહીં કરતે હૈં.

વો નયા કામ જિસકા ષુબૂત દીનમેં ન હો, યહ મેરી તરફ સે તઅરીફ હે; કોઈ બાત જિસ્કા ષુબૂત દીનમેં ન હો, અગર દીનમેં ષુબૂત હે તો ઉસ કામ કો બિદઅત નહીં કહ સકતે. ક્યૂં કે કોઈ ન કોઈ ચીઝ ઉસકે લિએ ઈશારા કિનાયા મૌજૂદ હે. લફઝે મીલાદ અરબી કા લફઝ હે. ઉસકે મઅને પેદાઈશ, પેદાઈશકા વક્ત યા દિન. હમારે યહાં બર્થ સર્ટિફિકેટ દિયા જાતા હે, અરબીમેં ઉસ્કો "શહાદા મીલાદ" કહતે હૈં. તો મીલાદ કે મઅના પેદાઈશકે હૈં, ઔર પેદાઈશ કા તસવ્વુર હી મખ્લૂકકે સાથ હે, ખાલિકકે સાથ તો હો હી નહીં સકતા ! તો યહ શિર્કકી જળેં કાટનેવાલી ચીઝ હે. અગર કોઈ ઈસ્કો શિર્ક કહતા હે તો યહ હિમાકત (મૂર્ખાઈ) હે. યાની યહ તો શિર્ક કો ખતમ કરનેવાલી હે કે હમ નબી ﷺ કો ખુદા નહીં માનતે, ખુદાકી મખ્લૂક માનતે હૈં.

રહી બાત બિદઅતકી તો અગર ઉસકા દીનમેં ષુબૂત ન હો તો ઉસે બિદઅત કહેંગે વરના નહીં કહેંગે. અબ ષુબૂત કી બાત આ જાતી હે, તો મૈં સિર્ફ એક આયત પળ્હ દૂં. કહેં તો બહુત સારી હૈં, લેકિન યહાં વક્ત કમ હે. મૈંને પૂરી કિતાબ લિખી હે "ઈસ્લામ કી પહલી ઈદ" ઔર વાલિદ સાહબ કા રિસાલા "બરકાતે મીલાદ" હી પળ્હ લિયા જાએ.

**★ મીલાદ કા ષબૂત કુર્આની આયાત સે ★**

રબ તઆલા કુર્આને પાકમેં ફર્માતા હે :–

وَسَلٰمٌ عَلَيۡهِ يَوۡمَ وُلِدَ وَيَوۡمَ يَمُوۡتُ وَيَوۡمَ يُبۡعَثُ حَيًّا

*(સૂરએ મરયમ, પારા :૧૬, આયત : ૧૫ )*

હઝરત ઈસા علیہ السلام કી પેદાઈશ કે દિન કે બારેમેં યહ ઝિક્ર હે કુર્આનમેં "ઔર સલામ હો ઉસ પર જિસ દિન પેદા હુવા." "યવમ" કા લફ્ઝ ભી મૌજૂદ, "વુલિદ" કા લફ્ઝ ભી મૌજૂદ. તો નબી કી પેદાઈશ પે અલ્લાહ કા સલામ મૌજૂદ હે. તો ઈસસે ઝયાદા

અહમિયતકા ઔર ક્યા બયાન હો સકતા હે ? કુર્આન બતા રહા હે કે નબી ﷺ કે પેદાઈશ કે દિન અલ્લાહકા સલામ આ રહા હે. અગર ઉસ્કી અહમિયત નહીં હે તો યહ બયાન ક્યૂં હે ? યાની કુર્આનસે પતા ચલ રહા હે કે બિદઅત ઈસ્કો તબ કહેં જબ ઈસમેં કોઈ ખરાબી હો. જો બિદઅત બિદઅત કરતે હૈં, મૈં પૂછના ચાહતા હૂં કે મીલાદમેં ખરાબી ક્યા હે ? હાં ! કોઈ ગૈર શરઈ કામ કોઈ કર રહા હે તો આપ ઝરૂર કહેં, ઝિક્રે મુસ્તફાસે તો કુર્આન ભરા હુવા હે ! ઈન્સાનકા મીલાદ કુર્આનમેં બયાન હુવા, હઝરત હવ્વાકા મીલાદ, હઝરત ઈબ્રાહીમકા મીલાદ, હઝરત મૂસા કા મીલાદ, હઝરત ઈસા عَلَیْهِمُ السَّلَام કા મીલાદ પૂરે વાકેઆત તફસીલ સે બયાન હૂએ હૈં કુર્આનમેં ! તો યહ બિદઅત કહાંસે હો ગયા ? **યહ તો અલ્લાહ કી સુન્નત હૈ !**

### ★ સહાબાને નહીં કિયે વો કામ કયા હરામ હૈં ? ★

**સવાલ** : અલ્લામા સાહબ ! યહાં એક સવાલ ઉઠતા હે, યહ ઈતના હી અહમ હે. કુર્આન જિસકા ઝિક્ર કરતા હે તો મોઅ્તરેઝીન બતા રહે હૈં કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ને ક્યૂં નહીં મનાયા ? અગર યહ ઈતની હી અહમ બાત થી જો આપ બયાન ફર્મા રહે હૈં તો સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ને ઈસ દિનકો એહતમામ કે (બંદોબસ્ત કે) સાથ ક્યૂં નહીં મનાયા ?

**જવાબ** : ઈસ બાતકો દો તરહાસે મૈં બયાન કરતા હૂં. પહલી બાત તો યહ કે સહાબાએ કિરામને વો બહોતસે કામ નહીં કીએ જો આજ હમ બહોત એહતેમામ સે કરતે હૈં ! એક નહીં બહોતસે કામ હૈં. હમારે યહાં બહોતસે ઈજતિમાઆત હોતે હૈં, સહાબા કે યહાં હજ્જ કે સિવા કોઈ ઈજતિમા નહીં હોતા થા. હમારે યહાં કુર્આન કે ૩૦ પારોં કી તક્સીમ હે, સહાબા કે યહાં નહીં થી, હમારે યહાં કુર્આન પર ઝબર, ઝેર હે, સહાબા કે પાસ નહીં થા. હમારે યહાં કુર્આન બળે રંગીન કલર પ્રિન્ટિંગ કે સાથ હે, સહાબાકે પાસ નહીં થા. હમારે પાસ મદ્રસે હૈં ઉસમેં પીરિયડ હૈં, હમારે પાસ હદીષકે મજમૂએ હૈં, બાબ બંધે હૂએ હૈં ઉનમેં ચેપ્ટર હૈં, સહાબા કે પાસ નહીં થે. ખત્મે બુખારી કભી સહાબાને નહીં કિયા થા ! હમારે યહાં બળે એહતેમામ કે સાથ હોતા હે. મૈં લિસ્ટ બતા રહા હૂં અગર સુનાતા રહૂંગા તો સુબહ હો જાએગી. મૈંને કમસે કમ તીન ચાર હઝાર કામોં કી લિસ્ટ બનાઈ હૈં જો સહાબાને નહીં કીએ થે ઔર આજ બળે એહતેમામ (આયોજનપૂર્વક) સે હો રહે હૈં ઔર નેકી સમઝકે હો રહે હૈં ! જાઈઝ બલ્કે મુબારક સમઝ કે હો રહે હૈં ! તો સિર્ફ મીલાદ પર એતરાઝ ક્યૂં હે ? ક્યા સીરત કે જલ્સે સહાબાને મનાયે ઈસ એહતેમામસે ? ક્યા સહાબાને ઐસી તમામ કોન્ફરન્સેં કીં ? ઈસ તરહકી રેલીઝ કી જો રોઝ નિકલતી હૈં વો ક્યા સહાબાને નિકાલી ? દસ્તારબંદી કે જલ્સે હોતે થે ? ક્યા બેનર લગાએ જાતે થે ? હઝરત અબૂબક્ર رَضِیَ اللهُ عَنْهُ ને વસિયત કી થી કે ઉન્કા દિન મનાયા જાએ ? કયા હઝરત ઉમર رَضِیَ اللهُ عَنْهُ કા દિન, હઝરત આઈશા સિદ્દીકા رَضِیَ اللهُ عَنْهَا કા દિન, અપને મદ્રસોં કે દિન, સો સાલા (જશ્ન દેવબંદમેં મનાયા ગયા) ઔર ગિને બગૈર થોળે દિનોંમેં દેઢસો સાલા દિન ભી મનાયા ગયા ! યહ દિન ક્યા સહાબાને મનાયે થે ? સિર્ફ મીલાદ પે યહ બાત ?!

### ★ મુખાલિફોં કી કિતાબોં સે હી મીલાદ કા ષબૂત ! ★

ઔર મૈં યહ દલીલ ચાહતા હૂં સબસે, મેરી યે છોટી સી રિક્વેસ્ટ પૂરે લોગોંસે હે : કુર્આનસે, હદીષ સે, કિસી કચ્ચી કિતાબસે મુઝે યહ દલીલ દિખા દેં, યહ ક઼ાનૂન દિખા દેં કે જો કામ સહાબાને નહીં કિયા વો નહીં કિયા જા સકતા. કહીંસે ભી દિખા દેં ! મુન્કિરીને મીલાદકે પાસ મીલાદ સે મના કરને કી એક છોટી સી કચ્ચી સી દલીલ ભી નહીં હે ! ઔર મેરે પાસ મીલાદ મનાને ઔર જવાઝ મેં હઝારોં દલીલેં હૈં. કુર્આનસે ભી હૈં, હદીષસે ભી હૈં, અમલે સહાબાસે ભી હૈં. કિતાબકા નામ હે અદ્દુર્રુલ મુનજ્જમ. શૈખુદ દલાઈલ, શૈખુદ દલાઈલકા મતલબ દલાઈલુલ

ખૈરાત કે ઉસ્તાદ થે મક્કા હિજરત કર ગએ. હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી કે સાથી થે. બહોત બળે આલિમ શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ અલ્હાબાદી ઉન્કી લિખી હૂઈ કિતાબ અદ્દુર્રુલ મુનજ્જમ ઈન્ડિયા મેં છપી થી ઉસ્કે બાદ પાકિસ્તાનમેં છપી હૂઈ હે. ઉસમેં દો હદીષેં નકલ કી હૈં.

(૧) હઝરત સૈયદના અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ હુઝૂર ﷺ કે ચચાજી અપને ઘરવાલોં કે સાથ મીલાદ મના રહે થે. નબીએ પાક ﷺ ઉન્કે યહાં તશ્રીફ લે ગએ. ફર્માયા : ક્યા હો રહા હે ?! અર્ઝ કિયા, હુઝૂર ! આપ કા મીલાદ મના રહે હૈં, મીલાદ કે વાક઼િઆત. હુઝૂર ﷺને ફર્માયા, તુમ્હારે લિએ જન્નત (વાજિબ) હો ગઈ !

(૨) એક હદીષ ઉસ કિતાબ સે દુસરી : સહાબા જમા હૈં, ઝિક્ર કર રહે હૈં. અહજ કા દિન હે ! અહજ કા દિન હે !.....જમા હોકર. હુઝૂર ﷺને ઉન્કો ફર્માયા, ક્યા કર રહે હો ? અર્ઝ કિયા, હુઝૂર આપ કા ઝિક્રે મીલાદ ! હુઝૂરને ફર્માયા, તુમ્હારે લિએ મેરી શફાઅત (વાજિબ) હો ગઈ. યહ દો હદીષોં કા હવાલા ઈસ લિએ દિયા કે વો ઉન લોગોંકે ઉસ્તાદકી લિખી હૂઈ હે જો એતરાઝ કરતે હૈં ! વૈસે તો મૈં અપને હવાલે ભી દે દૂં.

**★ ઈદે મીલાદ કે મુન્કિર કુર્આન કે ખિલાફ હૈં કે નહીં ?! ★**

ફિર ઈદકા લફઝ ભી કુર્આનમેં મૌજૂદ હે. મીલાદ કે હવાલેસે ભી મૈંને આયત સુના દી. અલ્લાહ તઆલા ફર્માતા હે :—

**قُلْ بِفَضْلِ اللّٰهِ وَ بِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا۔**

**هُوَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ۔**

*("ફર્મા દીજિએ કે ઉસ્કી રહમત મિલને પર ખુશિયાં મનાઓ !" –સૂરએ યૂનુસ, પારા : ૧૧, આયત : ૫૮)*

નબીએ પાક ﷺ કો ફઝલે અઝીમ કહા ગયા, રહ્‌મતુલ્‌લિલ્‌આલમીન કહા ગયા, ઔર ફર્માયા ગયા કે રહમત ઔર ફઝલ મિલે તો ખુશિયાં મનાઓ ! **અલ્લાહ ફર્મા રહા હૈ કે ખુશિયાં મનાઓ ! ઔર (ફિર ભી) કહા જાએ કે યહ બિદઅત હૈ ! તો યહ કુર્આન કે ખિલાફ (બાત) હૂઈ યા નહીં ?**

એક આયતમેં અલ્લાહ ફર્માતા હે : **وَاَمَّا بِنِعْمَةِ رَبِّكَ فَحَدِّثْ** *"ઔર અપને રબ કી નેઅમત કા ખૂબ ચર્ચા કરો !" (સૂરએ વદ્દુહા, પારા : ૩૦, આયત : ૧૧)* મેરે નબી ﷺસે બળી નેઅમત કૌન સી હે ? તમામ નેઅમતેં ઉન્કા (હી તો) સદક઼ા હે ! અલ્લાહ ફર્મા રહા હે, ચર્ચા કરો ! તો મીલાદ ક્યા હે ? અચ્છા આને કે બાદ આને કા ઝિક્ર.

**لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ**

**حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ**

*("બેશક ! તુમ્હારે પાસ તશરીફ લાએ, તુમમેંસે વો રસૂલ જિન પર તુમ્હારા મશક્ક઼તમેં પળના ગિરાં હૈ, તુમ્હારી ભલાઈ કે નિહાયત ચાહનેવાલે મુસલમાનોં પર કમાલે મહરબાન ! મહરબાન !" –પારા–૧૧, આયત : ૧૨૮)* હુઝૂર તશરીફ લે આયે, અબ કુર્આન નાઝિલ હોના શુરૂઅ હુવા. અલ્લાહ ફર્મા રહા હૈ, બેશક ! આ ગયા તુમ્હારે પાસ બળી શાનવાલા રસૂલ ! **આને કે બાદ આને કા ઝિક્ર તો અલ્લાહકા તરીક઼ા હૈ. ઔર મીલાદમેં યહી તો બતાયા જાતા હૈ ! હુઝૂર તશરીફ લે આયે.** હમ આજ મીલાદ મનાકે ક્યા કહ રહે હૈં ? વો તશરીફ લે આયે. **યહ તો અલ્લાહ તઆલાકી સુન્નત હૈ ! ઉસ્કો બિદઅત કહના કિતની અજીબ બાત ?!**

**★ ખુશી કા જુલૂસ કયા સહાબાને નહીં નિકાલા થા ?! ★**

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ કા મીલાદ મનાના, મુઝે બતાએં મુસ્લિમ શરીફમેં હદીષ હે યા નહીં ?! નબીએ પાક ﷺ પીર કે દિન રબીઉલ અવ્વલ કી બારહ તારીખ મદીના મુનવ્વરા પહૂંચે. સહાબાને જુલૂસ નહીં નિકાલા ?! ક્યા ઝંડે નહીં લહરાએ ?! યા રસૂલલ્લાહ કે નારે નહીં લગાએ ?! બચ્ચીયોંને દફ બજાકે ગીત નહીં ગાયે ? ખુશી નહીં

મનાયી ? હુઝૂર ﷺ ખૂદ પીર કે દિન રોઝા ક્યૂં રખતે થે ? ફર્માયા, فِيهِ وُلِدْتُ ઈસ દિન મૈં પેદા હુઆ. વો તો હર હફતે અપના બર્થ ડે મનાતે થે ! ઉસકો બિદઅત કહનેકા ક્યા મતલબ ?! તો નબી ﷺ કે અમલ કે બાદ તો સહાબા કે અમલકા તો સવાલ હી નહીં હો સકતા ! વો તો નબી મના રહે હૈં !

## ★ હુઝૂર ﷺ કે વફાત કે દિન ખુશી ?! યહ એતરાઝ કા જવાબ ! ★

**સવાલ** : એક સવાલ યહ ભી ઉઠતા હે કે ૧૨ તો વિસાલકા દિન હે, ૧૨ વિલાદત કા દિન ભી હે તો વિસાલ કે દિન જશ્ને વિલાદત મના રહે હૈં, યહ ક્યૂં આપ કર રહે હૈં ?

**જવાબ** : ૧૨ વફાત કા લફઝ હિંદુસ્તાનમેં કિસીકી સાઝિશ થી, ઉન્હોંને ઈસકો મશ્હૂર કર દિયા તો લોગોં કી ઝબાન પર આ જાતા હે. યહ કિસીને મશ્હૂર કર દિયા.

મેરે નઝદીક ઉસ કી તેહકીક઼ હે, નબીએ પાક ﷺ કી વફાત કી તારીખ ૧૨ નહીં હે. મૈં હવાલે દે દેતા હૂં. **પહલા હવાલા** : કિતાબકા નામ **નસરુત્તિબ**, દૂસરી કિતાબકા નામ **ફતાવા ઈમ્દાદિયહ**, યહ બળે મશ્હૂર સ્કોલર બતાએ જાતે હૈં મોલ્વી અશ્રફ અલી થાનવી! ઉન્કી દોનોં કિતાબેં હૈં. ઉસ્મેં મૌજૂદ હે કે બારહ તારીખ લોગોંમેં ગલત મશ્હૂર હો ગઈ હે. ચુનાન્ચે દલીલ ક્યા હે ? હજ્જતુલ વિદાઅ (જબ) હુઝૂરને ફર્માયા વો જુમ્આકા દિન થા. ઉસ્કે બાદ રબીઉલ અવ્વલકી પીર કા દિન હદીષ સે ષાબિત હે વફાત શરીફ કા ? તો રબીઉલ અવ્વલમેં મેદાને અરફાત કી ૯ ઝિલ હજ્જા સે લેકર સારે મહિને ૩૦ કે ગિનલેં, સારે ૨૯ કે ગિન લેં, કુછ તીસ કે ગિન લેં, કુછ ૨૯ કે ગિન લેં, ૧૨ તારીખ પીર કે દિન નહીં આતી. યહ થાનવી સાહબ લિખ રહે હૈં. ઉસ્કે બાદ તીસરી કિતાબ **સીરતુન્નબી**. સિરતુન્નબીમેં મૌલાના શિબ્લી નોઅમાની (દેવબંદી)ને જદવલ બનાઈ હે તીન સફોંમેં, ઔર સાબિત કિયા હે કે ૧૨ તારીખ વફાત કી નહીં હે. ઉસ કે બાદ નયે મોહક્કિ઼કીનમેં **ડો. હમીદુલ્લાહ** શામિલ હૈં, ઉર્દૂ દાઈરાએ મઆરિફે ઈસ્લામિયા ઈન્સાક્લોપીડિયા જો બનાયા હે પંજાબ યુનિવર્સિટી ને. ઉસમેં ભી ઉન્હોંને તહકીક઼ કી હે કે ૧૨ તારીખ વફાત કી નહીં હે.

**''તફસીરે મઝહરી''**મેં હે, અલ્લામા કાઝી ષનાઉલ્લાહ પાનીપતી જિન કો બયહકીએ વક઼્ત કહા જાતા હે, વો ભી કહતે હૈં, ૧૨ તારીખ વફાત કી નહીં હે. અગર ઈસ્કે બાવજૂદ ઈસ્રાર હે કે ૧૨ તારીખ હી વિલાદત કી હે, ૧૨ તારીખ હી વફાત કી હે તો વફાતવાલે દિન ખુશી મનાને કા કયા મતલબ ?! તો મેરે પાસ બહોત આસાન જવાબ હે હદીષ શરીફ સે કે હઝરત આદમ علیہ السلام કી વિલાદત કા દિન જુમ્આ, ઉન્કી વફાત કા દિન ભી જુમ્આ હદીષસે ષાબિત હે. ઔર ઉસ હદીષમેં હી જુમ્આ કો ઈદ કા દિન કહા ગયા ! તો ક્યા યહ વિલાદત કી ખુશીમેં કહા ગયા હે કે વફાત કી ખુશીમેં કહા ગયા ? ઔર વફાત કી ખુશી યા ગમ વો મનાએં જિન કે મર ગયે હૈં ! મેરા નબી તો ઝિંદા હે. (ﷺ)

ઈદુલ વતની (દેશની અંગ્રેજોથી આઝાદીનો દિવસ) મનાયી જાતી હે તો એતેરાઝ નહીં ! મૈં કહૂં આપ કો કે આપ કો દેખા તો મેરી ઈદ હો ગઈ ! ઉસપે કોઈ એતરાઝ નહીં ! ઔર યહૂદીને એતેરાઝ કિયા થા, હઝરત અબ્બાસને જવાબ દિયા થા કે જિસ દિન આયત :–

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا

*(''આજ મૈંને તુમ્હારે લિએ તુમ્હારા દીન કામિલ કર દિયા, ઔર તુમ પર અપની નેઅમત પૂરી કર દી, ઔર તુમ્હારે લિએ ઈસ્લામ કો દીન પસંદ કિયા.'' –પારા : ૬, સૂરએ માઈદા, આ. : ૩)*

ઉતરી, અગર હમ પર ઉતરી હોતી તો હમ ઈદ મના લેતે ! (જબ યહૂદીને યહ કહા) તો ઉન્હોંને કહા, હમારી તો ઉસ દિન દો ઈદેં થીં ! એક યૌમે અરફા, એક જુમ્આ ! તો વો ઉસ્કો ઈદ કહ રહે હૈં, હાલાં કે ઉર્ફે આમ મેં નહીં કહા જાતા. કુર્આનમેં નુઝૂલે માઈદા કે દિન કો ઈદ કહા ગયા, તો નુઝૂલે માઈદા બળી નેઅમત હે યા મેરે નબી પાક ﷺ ?!

# :: દેવબંદી અક઼ીદો ::

## "હુઝૂર ખુદાને ત્યાં કશાય કામ નહીં આવે"નું ઓપરેશન !

**દેવબંદીઓના ધર્મ પુસ્તક :"તક઼વિયતુલ ઈમાન"ના બદ્અક઼ીદાની રદ જરૂર વાંચો !**

★ .......રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)* ★

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : قُلْ لَّآ اَمْلِكُ لِنَفْسِىْ نَفْعًا وَّلَا ضَرًّا اِلَّا مَا شَآءَ اللّٰهُ "આપ કહો કે હું મારા નફ્સના માટે કોઈ નફા તથા નુકસાનનો માલિક નથી, પણ જે અલ્લાહ ચાહે....." *(અઅ્રાફ–૧૮૮)*

દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તક઼વિયતુલ ઈમાન" કિતાબમાં આ આયત હેઠળ હુઝૂર નબી કરીમ ﷺ કશોય નફો નુકસાન (લાભાલાભ) નથી પહોંચાડી શક્તા એ દર્શાવવા લખ્યું છે કે :–

*મિશ્કાત શરીફ (ના પ્રકરણ બાબુલ ખિલાફત વલ અમારત★)માં લખ્યું છે :–*

*"બુખારી અને મુસ્લિમનું વર્ણન છે કે હઝરત અબૂ હુરયરહ رضی اللہ عنہની રિવાયત છે કે જ્યારે આ આયત ઉતરી : "(હે મુહમ્મદ ! ﷺ) આપ પોતાની સાથે સંબંધ ધરાવતા પોતાની બિરાદરીના લોકોને ડરાવો......" તો નબીએ કરીમ ﷺએ પોતાના સગાંસંબંધીઓને બોલાવી મંગાવ્યા. પછી બધાંને એકત્ર કરીને અને વ્યક્તિગત રીતે ય ફર્માવ્યું : "હે કઅબ બિન લુઅયના સંતાનો ! તમે પોતાની જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમારા માટે કશો જ અધિકાર ધરાવતો નથી અથવા આમ ફર્માવ્યું : ખરેખર, હું અલ્લાહને ત્યાં તમારા કશા જ કામમાં આવી શકવાનો નથી. હે મુર્રહ બિન કઅબના સંતાનો ! તમે સ્વજાનોને આગથી બચાવો, કારણે હું અલ્લાહની સમક્ષ તમને કંઈ જ કામ લાગવાનો નથી. હે અબ્દે સમ્શના વંશજો ! તમે પોતાની જાનોને આગથી બચાવો. કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરા ય ખપ લાગવાનો નથી. હે અબ્દે મુનાફના પુત્રો ! તમે પોતાની જાનોને આગથી બચાવો, કારણ કે હું અલ્લાહની પાસે તમને કંઈ કામ આવવાનો નથી. હે હાશિમની અવલાદ ! તમે પોતાની જાનોને આગથી બચાવી લો, કારણ કે અલ્લાહની આગળ હું તમને કંઈ કામ આવી શકવાનો નથી. હે અબ્દુલ મુત્તલિબનાં સંતાનો ! બચાવી લો તમે પોતાની જાનોને આગથી કે ખરેખર, હું અલ્લાહની સમક્ષ તમને કંઈ ખપ લાગવાનો નથી. હે ફાતિમહ رضی اللہ عنہا ! તું સ્વજાતને આગથી બચાવી લે અને તારે જોઈએ તે માલસંપત્તિ અહીં માગી લે, પણ અલ્લાહને ત્યાં તો હું તારા કશા કામમાં આવી શકવાનો નથી.".........*

*આ હદીષથી સ્પષ્ટ થયું કે કોઈ બુઝુર્ગ સાથેની સગાઈ કે નિકટતા અલ્લાહને ત્યાં કશી ખપ લાગવાની નથી. પોતાનો મામલો જ્યાં સુધી અલ્લાહ સાથે સાફ નહીં કરી લે ત્યાં સુધી કશું જ વળવાનું નથી."*

*–(હવાલો : તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૧૧૦, ૧૧૧, ૧૧૨, મૂળ લેખક: ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

★ *મૂળ ઉર્દૂ કિતાબમાં આ કૌંસવાળુ લખાણ છે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ ઈસ્માઈલ દહેલ્વીના ખડા કરેલ બાતિલ ખયાલને રદિયો ! ★**

ઈસ્માઈલ દહેલ્વીનું ઉપરોક્ત લખાણ કેટલાક નીચે મુજબના કારણે બાતિલ (ગલત) છે :–

**(૧)** ઈસ્માઈલ દહેલ્વીએ આ હદીષનો હવાલો ગલત આપ્યો છે. આ હદીષ મિશ્કાતના બાબ (પ્રકરણ) અલ્ ખિલાફત વલ્અમારતમાં નથી, બલ્કે બાબુલ અન્ઝાર વ ત્તહઝીરની ફસ્લે ષાની (વિભાગ : ૨)માં છે. પાકિસ્તાન તથા હિંદુસ્તાનના પ્રસિદ્ધ થયેલ નુસ્ખામાં પેજ : ૪૬૦ પર છે અને બૈરૂતમાં પ્રસિદ્ધ થયેલ મિશ્કાતમાં દર્શાવેલ હદીષ ૫૩૭૩ છે. સહીહુલ બુખારીમાં દર્શાવેલ હદીષ ૨૭૫૩ છે અને સહીહ મુસ્લિમમાં અલ્ઈમાન ૩૪૮ (૨૦૪) ૪૯૧ છે. તિર્મિઝીમાં દર્શાવેલ હદીષ ૩૧૯૨, સુનને નિસાઈમાં દર્શાવેલ હદીષ ૩૬૪૪, અસ્સુનનિલ કુબરા લિન્નિસાઈમાં દર્શાવેલ હદીષ ૧૧૩૭૭ તથા મુસ્નદે અહમદમાં ભાગ–૨, પેજ–૧૮૨ પર છે.

**(૨)** મિશ્કાતમાં આ હદીષને ઈમામ મુસ્લિમની રિવાયતથી વર્ણન કરી અને હઝરત ફાતિમા رضی اللہ عنہا ને આગના અઝાબથી ડરાવ્યા બાદ આ વાક્ય છે કે, "અલ્બત્ત મારો તમારી સાથે વંશકીય સંબંધ છે, **હું નજીકમાં સિલએ રહમ (સગાંથી સદ્ વર્તાવ) કરીશ."**

**غیران لکم رحما سابلها ببلا لها** મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ **હદીષના આ શબ્દો છોડી આપ્યા !** જ્યારે કે મિશ્કાતમાં મુસ્લિમના હવાલાથી આ શબ્દો મૌજૂદ છે જ્યાંથી તેણે આ હદીષને શરૂ કરી છે.

**(૩)** મુલ્લા અલી ક઼ારી (વિસાલ : હિ.સ. ૧૦૧૪) આ હદીષની શરહમાં લખે છે :–

આ હદીષનો અર્થ છે કે જો અલ્લાહ તઆલા તમને અઝાબ આપવા ચાહે તો હું તમારાથી અલ્લાહના અઝાબને બિલ્કુલ દૂર નથી કરી શકતો અને એ કુર્આન મજીદની આ આયતથી મુક઼્તબિસ (કાઢેલ, સંબંધિત) છે : "તમે કહો કે જો અલ્લાહ તમને કોઈ નુકસાન પહોંચાડવા ચાહે અથવા કોઈ નફો (લાભ) પહોંચાડવા ચાહે તો અલ્લાહના મુક઼ાબલામાં કોણ છે જે કોઈ ચીજનો ઈખ્તિયાર ધરાવતો હોય ?! *(અલ ફતહ–૧૧)*

બલ્કે અલ્લાહ તઆલા ફર્માવે છે : "આપ કહો કે હું તમારા નફ્સ (જીવ)ના માટે કોઈ નફા તથા નુકસાનનો માલિક નથી, પણ જે અલ્લાહ ચાહે." *(અલ અઅ્રાફ–૧૮૮)*

અને એમાં તૌહીદનું બયાન છે, **જ્યારે કે નબી ﷺ દરેક રીતે મો'મિનોને પોતાની શફાઅતથી નફો પહોંચાડશે,** કેમ કે આપ શફાઅત કરશે અને આપની શફાઅત ક઼બૂલ કરવામાં આવશે. પરંતુ આપે અહીં મુત્લક઼ન (કોઈ શર્ત વિના) લાભ પહોંચાડવાથી મના ફર્માવ્યું, જેથી તેમને અઝાબથી ડરાવે કે જેથી તેઓ કેવળ શફાઅત પર તકીયો (આધાર) ન કરી લે, અને તેમને આખેરતના માટે કોશિશ કરવા પ્રોત્સાહિત કર્યા, અને ફર્માવ્યું, **મારો તમારી સાથે વંશકીય સંબંધ છે, હું નજીકમાં જ સિલએ રહમ (સગા સાથે સદ્વર્તાવ) કરીશ. એટલે કે હું મારાં સગાં સંબંધીઓ સાથે સગાઈના કારણે નેકી તથા મહેરબાની કરીશ.** *(અલ્ મિર્ક઼ાત, ભાગ : ૧૦, પેજ : ૧૦૫, પ્રેસ : મક્તબએ ઈમ્દાદિયા, મુલ્તાન, હિ.સ. ૧૩૯૦)*

શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૦૫૨) લખે છે : "એનો અર્થ એ છે કે, કેમ કે મારા પર તમારા વંશકીય તથા સગાઈનો હક઼્ક઼ છે, હું એની તરીથી એને તર કરીશ અને સિલહ તથા એહસાનનું પાણી છોડીશ. આ હદીષમાં ઘણી જ અધિક અતિશયોક્તિ સાથે ડરાવવામાં આવેલ છે. અને **નબી ﷺની શફાઅત આ ઉમ્મતના ગુનેહગારોના માટે પણ થશે તો પછી પોતાનાં સગાં સંબંધીઓ માટે કેમ નહીં થાય ?!** અને હદીષો થકી તેમના હક઼્ક઼માં શફાઅત સાબિત છે, તેમ છતાં અલ્લાહ તઆલાની બેનિયાઝીનો ખૌફ બાકી છે. *(અશિઅતુલ લમ્આત, ભાગ : ૪, પેજ : ૩૭૧, ૩૭૨, મતબૂઆ, મતબઅ તેજ કુમાર–લખનૌ)*

★ **અહલે બયત તથા અન્ય સગાંને હુઝૂર ﷺનું નફો પહોંચાડવું** ★

ઈમામ અહમદ ઈબ્ને હંબલ (વિસાલ : હિ.સ. ૨૪૧) રિવાયત કરે છે :–

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ બયાન કરે છે કે નબી ﷺ આ મિમ્બર પર ફર્માવી રહ્યા હતા, **"એ લોકોનો શું હાલ છે જેઓ એવું કહે છે કે રસૂલુલ્લાહ ﷺનો સગાઈ સંબંધ આપની કૌમને નફો પહોંચાડશે નહીં ! બેશક ! મારાં સગાં દુનિયા અને આખેરતમાં મને મળેલ છે. અને હે લોકો ! જ્યારે તમે હોજ પર આવશો તો હું હોજ પર તમારો પેશવા હોઈશ."** (અલ્ હદીષ) *(મુસ્નદે અહમદ, ૩/૧૮, દારુલ ફિક્ર, તબએ કદીમ, આ હદીષની સનદ હસન છે. મુસ્નદે અહમદ, ભાગ : ૧૦, હદીષ : ૧૧૦૮૧)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **ક્યામતના દિવસે સૌથી પહેલાં હું મારી ઉમ્મતમાંથી મારા અહલે બયતની શફાઅત કરીશ,** પછી તેમની જેઓ મારા પર ઈમાન લાવ્યા અને તેમણે મારી ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) કરી, પછી યમનવાળાઓની, પછી બાકી અરબની, પછી અજમવાળાઓની. *(મોઅજમે કબીર, ભાગ : ૧૨, હદીષ : ૧૩૫૫૦, અલ કામિલ લિ ઈબ્ને અદી, ૨/૭૯૦, કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૩૪૧૪૫, મજમઉઝ્ ઝવાઈદ, ૧૦/૩૮૦, ૩૮૧, અલ્ ફિરદોસ બિમા ષોરુલ ખિતાબ, હદીષ નં. ૨૯, આ હદીષની સનદમાં હફસ બિન અદી દાઊદ મતરૂક છે અને લૈષ બિન સલીમ ઝઈફ છે. અલ્લાલીઉલ મસ્નૂઆ, ૨/૩૭૪)*

હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ વર્ણન કરે છે કે મેં મારા રબ અલ્લાહ ﷻથી સવાલ કર્યો કે મારા અહલે બયતમાંથી કોઈને દોઝખમાં દાખલ ન ફર્માવે. તો **અલ્લાહ તઆલાએ મને એ અતા ફર્માવી આપ્યું.** *(અલ ફિરદોસ બિમા ષૌરુલ ખિતાબ, ૩૪૦૪, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૩૪૧૪૯)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ફાતિમા رضی اللہ عنہاને ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ ﷻએ ફર્માવ્યું કે તે ન તમને અઝાબ આપશે ન તમારી ઔલાદને." *(મોઅજમે કબીર, ભાગ : ૧૧, હદીષ : ૧૧૬૮૫, હાફિઝ હયષમીએ કહ્યું આ હદીષના રિજાલ ષિકહ છે.)*

હઝરત અનસ رضی اللہ عنہ વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને મારા રબે મારા અહલે બયતના સંબંધે એ વાયદો કર્યો છે કે એ લોકોમાંથી જેણે તૌહીદનો (ઈસ્લામના કલ્માનો) ઈકરાર કર્યો......હું તેમને અઝાબ આપીશ નહીં. *(મુસ્તદરક, ૩/૧૫૦, હાકિમે કહ્યું, આ હદીષ સહીહુલ અસ્નાદ છે. અલ્કામિલ લિ ઈબ્ને અદી, ૫/૧૭૦૪, કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૩૪૧૫૬)*

ઝયદ બિન અસ્લમ પોતાના વાલિદથી રિવાયત કરે છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અલી رضی اللہ عنہથી કાનમાં વાતચીત કરી. પછી હઝરત અલી رضی اللہ عنہએ સુફ્ફામાં અકીલ, હઝરત હુસૈન તથા હઝરત અબ્બાસથી ઉમ્મે કુલ્ષૂમના નિકાહ હઝરત ઉમરથી કરવાના વિશે મશ્વરો કર્યો. પછી હઝરત અલી رضی اللہ عنہએ મને એ હદીષ વર્ણવી છે કે તેમણે **રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યા, દરેક સબબ (નિકાહ) અને નસબ (વંશ) ક્યામતના દિવસે કટ થઈ જશે, સિવાય મારા સબબ તથા નસબના.** *(મુસ્તદરક, ૩/૧૪૨, મોઅજમે કબીર, ભાગ : ૩, હદીષ : ૨૬૩૩–૩૪–૩૫, લેખક : અબ્દુર્રઝઝાક, હદીષ : ૧૦૩૫૪, સુનને કુબરા, ૭/૧૧૪, મતાલિબુલ આલિયા, હદીષ–૪૨૮૫, મજમઉઝ્ ઝવાઈદ, ૪/૨૭૧,૭૨, જામિઉસ્સગીર, હદીષ : ૬૩૦૯)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ વર્ણન કરે છે કે **રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં મારા રબથી સવાલ કર્યો કે હું મારી ઉમ્મતમાંથી જે શખ્સને પણ નિકાહનો રિશ્તો આપુ તે મારી સાથે જન્નતમાં જ રહે. તો મને અલ્લાહ તઆલાએ અતા કરી આપ્યું.** *(મોઅજમે અવસત, હદીષ : ૫૭૫૮, મજમઉઝ્ ઝવાઈદ, ૧૦/૧૭, મુસ્તદરક,*

*૩/૧૩૭, અલ મતાલિબુલ આલિયા, હદીષ–૪૦૧૮, કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૩૪૧૪૭ એનાથી મળતી જુલતી રિવાયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી પણ મરવી છે. અલ્મોઅજમે અવસત, ભાગ–૪, હદીષ–૩૮૫૬)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મેં મારા રબથી એ સવાલ કર્યો, હું જેને પણ નિકાહનો સંબંધ આપુ અને જેનાથી પણ નિકાહ કરું તે જન્નતવાળાઓમાંથી બને. તો અલ્લાહ તઆલાએ તે મને અપર્ણ કર્યું. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૩૪૧૪૮)*

## ★ અહલે બયતથી ભલાઈ કરનારને પણ હુઝૂર ﷺ નફો પહોંચાડશે ! ★

હઝરત અલી رضی اللہ عنہ વર્ણવે છે કે **રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સે પણ મારા અહલે બયતની સાથે કોઈ નેકી (ભલાઈ) કરી તો હું ક઼યામતના દિવસે એનો બદલો આપીશ.** *(કામિલ ઈબ્ને અદી, ૫/૧૮૮૪, કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૩૪૧૫૨)*

હઝરત ઉષ્માન رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે શખ્સે અબ્દુલ મુત્તલિબની ઔલાદમાંથી કોઈની સાથે પણ કોઈ નેકી કરી અને તેણે તેને દુનિયામાં તેનો બદલો ન આપ્યો તો કાલે જ્યારે તે મારાથી મુલાકાત કરશે (ક઼યામતમાં) તો મારા પર એ નેકીનો બદલો આપવો વાજિબ છે.** *(મોઅજમે અવસત, ભાગ : ૨, હદીષ–૧૪૬૯, મજમઉઝ્ ઝવાઈદ, ૯/૧૭૩, કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૩૪૧૫૩)*

હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ વર્ણન કરતા હતા કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપે અબૂ તાલિબને કોઈ લાભ પહોંચાડયો ? તે તમારું રક્ષણ કરતા હતા અને આપના કારણે ગુસ્સે થતા હતા. આપે ફર્માવ્યું, હા ! હવે તે ઘૂંટીઓ સુધી આગમાં છે, અને જો હું ન હોત તો દોઝખના સૌથી નીચલા તબક઼ામાં હોત. *(સહીહુલ બુખારી, હદીષ : ૩૮૮૩, ૬૨૦૮, ૬૫૭૨, સહીહ મુસ્લિમ–ઈમાન, ૩૫૭ (૨૦૯) ૫૦૦, મુસ્નદે અહમદ, ૧/૨૦૬, હદીષ–૧૭૬૩, જામિઉલ ઉસૂલ, હદીષ–૬૮૩૩)*

## ★ નફો નહીં પહોંચાડવા વિશેની જાહેરી રિવાયતોનો ખુલાસો ★

ઉપર વર્ણવેલ પાંચ હદીષો ઉપરાંત આગળ વર્ણવેલ સર્વ હદીષોને અલ્લામા સૈયદ મુહમ્મદ અમીન ઈબ્ને આબિદીન શામીએ પણ વર્ણન કરેલ છે. *(રિસાઈલે ઈબ્ને આબિદીન શામી, ૧/૪૦૫)* એ હદીષોના વર્ણન બાદ લખે છે :–

અમે જે આ હદીષો વર્ણવી છે તો એ વાત એના વિરુદ્ધ નથી કે નબી ﷺ કોઈ એકને પણ અલ્લાહથી મુત્લક઼ન (બિન શર્તી) નફો કે નુકસાન પહોંચાડવાના માલિક નથી. કેમ કે અલ્લાહ તઆલા આપને એ વાતના માલિક બનાવશે કે આપ આપના સગાં સંબંધીઓને નફો (ફાયદો) પહોંચાડે, બલ્કે **આપ ﷺ આમ (સર્વ સામાન્ય) શફાઅત તથા ખાસ શફાઅતના થકી તમામ ઉમ્મતને ફાયદો પહોંચાડશે.** જેથી આપ કેવળ એ જ ચીજના માલિક થશે જેના આપનો મૌલા ﷻ માલિક કરશે. એ જ પ્રમાણે **નબી ﷺએ એવું ફર્માવ્યું કે, "હું તમને અલ્લાહના અઝાબથી તદ્દન છોડાવીશ નહીં." એનો અર્થ એ છે કે જ્યાં સુધી અલ્લાહ તઆલા મને એ ઈજ્જત તથા મક઼ામ આપશે નહીં, અથવા જ્યાં સુધી મને શફાઅતનો હોદ્દો ન આપે, અથવા જ્યાં સુધી મારા લીધે મગફેરત કરવાનો મર્તબો મને નહીં આપે ત્યાં સુધી હું તમને અલ્લાહના અઝાબથી છોડાવીશ નહીં.** અને કેમ કે એ સંજોગ અલ્લાહના અઝાબથી ડરાવવાનો હતો અને નેક અમલો માટે પ્રોત્સાહિત કરવાનો હતો એટલા માટે આપે એ શરતો વર્ણન નથી કરી. તદ્ ઉપરાંત આપ ﷺએ પોતાના વંશની તરફ ઈશારો પણ ફર્માવ્યો કે **મારો તમારાથી સાથે વંશકીય સંબંધ છે અને હું નિકટમાં જ તમને એનો લાભ પહોંચાડીશ.** અને એ આ હદીષોમાં વર્ગીકરણનો ખૂબ જ ઉમદા તરીક઼ો છે, તેમજ નબી ﷺએ ફર્માવ્યું : ક઼યામતના દિવસે મારા અવલિયા (વાલીઓ) મુત્તક઼ી હશે. *(અલ્અદબુલ મુફરદ)* અને નબી

ﷺએ ફર્માવ્યું, મારો વલી, અલ્લાહ છે અને સાલેહ (નેક) મો'મિનો. *(સહીહ મુસ્લિમ, અલ્ઈમાન–૩૬૬ (૨૧૫) ૫૦૮, મુસ્નદે અહમદ, ૪/૨૦૩, મુસ્નદે અબૂ અવાનહ, ભાગ : ૧, હદીષ–૯૬)* જેથી આ હદીષો આપના વંશ તથા સગાંઓને નફો પહોંચાડવાની વિરુદ્ધ નથી. એ જ પ્રમાણે નબી ﷺનો ઈર્શાદ છે, જે શખ્સે પોતાના અમલમાં મોડુ કરી આપ્યું, તો તેનો વંશ (નસબ) તેના પર અગ્રતા નહીં કરે. *(સહીહ મુસ્લિમ, અઝ્ઝિક્ર, ૩૯ (૬૨૯૯) ૬૭૨૬, સુનને અબૂ દાઊદ, હદીષ–૪૬૪૬, સુનને ઈબ્ને માજહ, હદીષ–૨૨૫, કન્ઝુલ ઉમ્માલ, હદીષ–૨૮૮૪૭)*

આ હદીષનો અર્થ એ છે કે જે શખ્સે પોતાના અમલને મોડો કરી આપ્યો તેનો નસબ (વંશ) તેને ઉચ્ચ દરજાઓ સુધી પહોંચાડવામાં જલ્દી નહીં કરે. એટલા માટે આ હદીષ નજાતની વિરુદ્ધમાં નથી. ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાના ફઝ્લનો દરવાજો ઘણો જ વિશાળ છે અને એ પણ ધ્યાનમાં રહેવું જોઈએ કે અલ્લાહ તઆલા પોતાની હદોની પાયામાલી બાબતે ઘણો જ ગૈરતવાળો છે, અને નબી ﷺ અલ્લાહ તઆલાના અબ્દ (બંદ) છે અને તે કેવળ એ જ ચીજના માલિક છે જેના આપના મૌલાએ આપને માલિક બનાવી આપ્યા છે. અને આપની તે જ ખ્વાહિશ પૂર્ણ થાય છે જેને પૂર્ણ કરવા અલ્લાહ તઆલા ચાહે છે. *(રસાઈલે ઈબ્ને આબિદીન શામી, ૧/૬૦૮, પ્રિન્ટેડ : સુહૈલ એકેડમી–લાહોર, હિ.સ. ૧૩૯૬)*

### ★ હુઝૂર ﷺનો નફા નુકસાન પહોંચાડવાથી ઈન્કાર એ જાતી બાબતે છે, અતાઈ નહીં ! ★

અબ્બાસ ઈબ્ને રબીઅહ વર્ણન કરે છે કે મેં જોયું કે હઝરત ઉમર رضی اللہ عنہ હજરે અસ્વદને બોસો આપી રહ્યા હતા અને કહી રહ્યા હતા કે બેશક ! મને ઈલ્મ છે કે તું એક પથ્થર છે, લાભ પહોંચાડી શકે છે ન નુકસાન. અને જો મેં રસૂલુલ્લાહ ﷺને તને બોસો આપતાં ન જોયા હોત તો હું તને કદાપિ બોસો ન આપત. *(સહીહ બુખારી, હદીષ–૧૫૯, ૧૬૧૦, સહીહ મુસ્લિમ–હજ્જ, ૨૪૮ (૧૨૭૦) ૩૦૧૪, સુનને અબૂ દાઊદ, હદીષ–૧૮૭૩, સુનને તિર્મિઝી, હદીષ–૮૬૧, સુનને નિસાઈ, હદીષ–૨૯૩, મોઅત્તા, હદીષ–૮૩૫, મુસ્નદે અહમદ, ૧/૧૬, જૂની એડિશન, હદીષ–૯૯, નવી એડિશન, દારુલ ફિક્ર, જામિઉલ ઉસૂલ, ભાગ : ૩, હદીષ–૧૪૩૯)*

આ હદીષમાં હઝરત ઉમર رضی اللہ عنہએ હજરે અસ્વદના નફા તથા નુકસાન પહોંચાડવાનો નકાર કર્યો છે. પરંતુ કેમ કે અમુક દલીલો થકી હજરે અસ્વદનું નફો તથા નુકસાન (લાભાલાભ) પહોંચાડવું સાબિત છે, **એટલા માટે જમહૂર (બહુમતિ) ઉલમાએ, જેમાં દેવબંદી આલિમો પણ સામેલ છે ! આ હદીષમાં બિઝ્ઝાત (ઝાતી તૌર પર)ની શરત લગાડી છે, એટલે કે તું સ્વજાતે (જાતી તૌર પર) નફો પહોંચાડી શકે છે ન નુકસાન પહોંચાડી શકે છે, પરંતુ અલ્લાહની અતાથી નફો પણ પહોંચાડે છે અને નુકસાન પણ પહોંચાડે છે.**

**મૌલાના શબ્બીર અહમદ ઉષ્માની (દેવબંદી)** *(વફાત : હિ.સ. ૧૩૪૬)* **લખે છે** : હઝરત ઉમરનો આશય એ હતો કે **હજરે અસ્વદ જાતી તૌર પર નફો નુકસાન નથી પહોંચાડતો.** *(બઝલુલ જહૂદ, ૩/૧૪૦, પ્રેસ : મુલ્તાન)*

અલ્લામા અયનીએ લખ્યું છે કે હજરે અસ્વદ અલ્લાહના હુકમ વિના નફો નુકસાન નથી પહોંચાડતો. *(ઉમ્દતુલ કારી, ૯/૪૪૦)* અલ્લામા બાજીએ લખ્યું છે કે **હજરે અસ્વદ સ્વજાતે નફો નુકસાન નથી પહોંચાડતો.** *(અલ મુસ્તકી, ૨/૨૮૭)* અલ્લામા કસ્તલાનીએ લખ્યું છે કે હજરે અસ્વદ સ્વજાતે નફો નુકસાન નથી પહોંચાડતો. *(ઈર્શાદુસ્સારી, ૩/૧૫૬)* મુલ્લા અલી કારીએ પણ લખ્યું છે કે **હજરે અસ્વદ સ્વજાતે નફો નુકસાન નથી પહોંચાડતો.** *(મિર્કાત, ૫/૩૨૫)*

અને ઉલમાએ દેવબંદમાંથી મૌલાના ઉષ્માનીએ (ફત્હુલ મુલ્હિમ, ૩/૩૨૨) અને મૌલાના ખલીલ અહમદે (બઝલુલ જહૂદ, ૩/૧૪૦)માં લખ્યું છે કે હજરે અસ્વદ સ્વજાતે નફો નુકસાન નથી પહોંચાડતો. હઝરત ઉમરે જે હજરે અસ્વદને સંબોધીને ફર્માવ્યું હતું કે, ''તું એક પથ્થર છે અને હું સારી પેઠે જાણું છું કે તું નફો તથા નુકસાન નથી પહોંચાડી શકતો.'' એમાં **હઝરત ઉમર رضی اللہ عنہની મુરાદ વર્ણવતાં ઈસ્લામના આગલા ઉલમા અને ખાસ તો ઉલમાએ દેવબંદ! સૌએ દર્શાવ્યું કે બિઝ્ઝાત (સ્વજાતે, અલ્લાહની અતા વિના) નફો તથા નુકસાન નથી પહોંચાડી શક્તો.** જેનો સાર એ છે કે **અલ્લાહ તઆલાએ એનામાં જે ફાયદો રાખ્યો છે કે તે મુસલમાનોના હક્કમાં હજ્જની ગવાહી આપશે, તે એ નફો જરૂર પહોંચાડશે.** એ જ પ્રમાણે કહી શકાય છે કે કુર્આન મજીદમાં છે : ''આપ કહો કે હું મારા નફ્સ (સ્વજાત) માટે કોઈ નફા તથા નુકસાનનો માલિક નથી, પણ અલ્લાહ તઆલા જે ચાહે.'' *(અઅ્રાફ–૧૮૮)*

ઉલમાએ અહલે સુન્નત અહીં પણ બિઝ્ઝાતની (સ્વજાતે, ખુદાની અતા વિના) શરત લગાડે છે કે **રસૂલુલ્લાહ ﷺ સ્વજાતે નફો તથા નુકસાન નથી પહોંચાડતા, પરંતુ અલ્લાહ તઆલાએ આપનામાં જે નફો રાખ્યો છે તે નફો આપ પહોંચાડે છે કે આપનો કલ્મો પઢવાથી, આપની તબ્લીગ તથા આપની શફાઅતથી અબજો માનવોને નફો પહોંચશે અને તેઓ સૌ આપના સબબે જન્નતમાં જશે. આ કાંઈ ઓછો નફો છે ?!** પરંતુ અમુક લોકો એનો ઈન્કાર કરે છે અને કહે છે કે બિઝ્ઝાતની કૈદ (શરત) લગાડવું અને જાતી તથા અતાઈ ઈખ્તિયારોની વહેંચણી તદ્દન મુશ્રિકો જેવો અકીદો છે. અને આ કૈદ (શરત) સ્વરચિત તથા જાતે ઉપજાવી કાઢેલી છે. કુર્આન મજીદે આપની જાતથી મુત્લકન (કોઈ રીતે નહીં !) નફો પામવાનો નકાર કરી આપ્યો છે અને અતાઈની વહેંચણી બિદઅતીઓની શોધ તથા તેમની કાઢેલ છે....વગેરે વગેરે. **અમે કહીએ છીએ કે તમો એક પથ્થર (હજરે અસ્વદ)થી લાભ પામવું સાબિત કરવા માટે હઝરત ઉમરના કથન ''નફો નથી પહોંચાડી શક્તો''માં બિઝ્ઝાત (સ્વજાત)ની શરત લગાડી તો કાંઈ વાંધો નહીં ! અને જો અમે અલ્લાહના રસૂલ ﷺથી લાભ પામવાનું સાબિત કરવા માટે હુઝૂર ﷺના કથન ''નફા નુકસાનનો માલિક નથી''માં બિઝ્ઝાત (સ્વજાતે)ની શરત લગાડીએ તો મુજરિમ ઠરીએ ! આ ક્યાંનો ઈન્સાફ છે ?!**

રસૂલુલ્લાહ ﷺના આ લાભ પહોંચાડવાનો કોણ ઈન્કાર કરી શકે છે કે માણસ **''મુહમ્મદુર્રસૂલુલ્લાહ''** કહી આપે તો જન્નતનો હક્કદાર ઠરી જાય છે, બલ્કે **ત્યાં સુધી કોઈ શખ્સ જન્નતનો હક્કદાર થશે નહીં જ્યાં સુધી તે ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' નહીં કહે.** (ﷺ) અલ્લાહુ અકબર ! **જેમના નામથી નફો પહોંચવાનો આ આલમ છે, તો તેમની જાત થકી નફો પહોંચાડવાનો શો આલમ હશે ?!** અને હું તો એવું કહું છું કે જે રસૂલુલ્લાહ ﷺના લાભ પહોંચાડવાનો ઈન્કાર કરે છે તે આપનું નામ ન લે અને અમને જન્નતમાં પહોંચીને બતાવી આપે ! *–(હવાલો : તિબ્યાનુલ કુર્આન, ૪/૪૬૨ થી ૪૬૭)*

હુઝૂર ﷺને રબ તઆલા તરફથી ઈખ્તિયાર અતા થયો છે એ દર્શાવતી અનેક આયતો તથા હદીષો છે તેના પર શું ઈમાન નથી ? જો છે તો રબ તઆલાએ કુર્આનમાં રસૂલે પાક ﷺને ''રહમતુલ્ લિલ્ આલમીન'' કહ્યા છે, તો જેને **રબ સર્વ જહાનો માટે રહમત ફર્માવે તેને જે ''કશાય કામના ન સમજે'' તે ક્યા મોઢે પોતાને મુસલમાન કહે છે ?!** જે કલ્મા ગો ભાઈઓ અમલી ભપકો જોઈને વહાબી દેવબંદીઓ પ્રતિ આકર્ષાયા હોય તેઓને નમ્રતાપૂર્વક દા'વત આપીએ છીએ કે જેમના આવા ખયાલો હોય તે કઈ રીતે મુસલમાન ગણાશે ?! જેથી સમજીને તેમનાથી દૂર થઈ જાવ !



-કાર્યાલય

# ૧૧વીં શરીફ
# અવલિયા તથા ઉલમાની દૃષ્ટિએ

**તુઝસે દર, દરસે સગ, ઔર સગસે હૈ મુઝ કો નિસ્બત**
**મેરી ગરદનમેં ભી હૈ દૂર કા ડોરા તેરા** –(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે અહલે સુન્નત વ જમાઅત છીએ ! સુન્ની સહીહુલ અક઼ીદા છીએ અને અહલે સુન્નતના તરફથી થતાં સર્વ કામો (જેને સુન્ની ઉલમા સમર્થન કરે છે તે) અલ્હમ્દુલિલ્લાહ ! કુર્આન, હદીષના મુતાબિક઼ તથા આગલા બુઝુર્ગોના તરીક઼ા પર ચાલીને જ છે. પણ નજદની ભૂમીથી ઉદ્ભવેલ વહાબી ફિત્ના તથા તેમાંથી ઉદ્ભવેલ અન્ય બાતિલ ફિર્ક઼ાઓ કહેવાતા અહલે હદીષ, વહાબી, દેવબંદી, મૌદૂદી..... વગેરે જેમ ૧૨ રબીઉલ અવ્વલ શરીફમાં મીલાદુન્નબી ﷺ મનાવવા સામે ''હરામ, શિર્ક, બિદઅત.....''નો શોર મચાવે છે તેમ ગ઼ૌષે આ'ઝમ સરકારે બગદાદ હુઝૂર શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہની ગ્યારવીં શરીફ મનાવવા સામે પણ ખૂબ હંગામા કરતા રહે છે. જેથી સુન્ની ભાઈ બહેનોની સમજ માટે તથા જેઓ હક઼્ક઼ની તલાશમાં છે તેમના માર્ગદર્શન માટે ગ્યારહવીં શરીફની સાબિતીમાં અમુક મશ્હૂર અવલિયા તથા ઉલમાના કથનો અત્રે રજૂ કરીએ છીએ.

### ★ ૧૧વીં શરીફ અને અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ★

જો અમે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની વાત લખત તો એવું બહાનુ કાઢીને તેને વિરોધીઓ રદ કરી આપત કે એ તો આ'લા હઝરતે કાઢયું ! પણ એમનાથી પણ આગલા બુઝુર્ગોના કથનો તથા અમલો અત્રે હાજર છે કે જ્યારે ન વહાબી ફિર્ક઼ો હતો ન આ'લા હઝરત હતા ! સાંભળો !

ગ્યારહવીં શરીફ અસલમાં એ જ ''ઈસાલે સવાબ'' છે જે કુર્આન મજીદ તથા મુબારક હદીષોથી સાબિત છે જેને હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہની નિસ્બતથી ૧૧વીં શરીફના નામથી ઓળખવામાં આવે છે. વસ્તુનુ નામ બદલાવાથી કામ નથી બદલાતુ. દા.ત. હુઝૂર ﷺના જમાનામાં તાલીમગાહનુ નામ સુફ઼્ફ઼ા હતું અને હવે એનાં કેટલાંયે નામ છે : મદ્રસો, મક્તબ, દારુલ ઉલૂમ, જામિઆ, સ્કૂલ વગેરે.

હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ ૧૧વીંના દિવસે આવનાર ૧૨મીની રાતની નિસ્બતથી ખૂબ જ શાનો શૌકતથી રસૂલુલ્લાહ ﷺની નિયાઝ પકાવીને ફક઼ીરો મિસ્કીનોને ખવડાવતા. જીવનભર આ તરીક઼ો નિયમિત રહ્યો અને સગાં સંબંધી ચાહકોને આપે એને કાયમ રાખવાની વસિયત કરી. આ અર્થમાં ગ઼ૌષ પાક رضی اللہ عنہ ૧૧વીં વાળાના નામથી મશ્હૂર થઈ ગયા અને ખૂદ ૧૧વીં એમના નામથી મશ્હૂર થઈ ગઈ.

અને આ ૧૧વીં પણ એ જ ઈસાલે સવાબ છે, એનો તરીક઼ો દરેક જગાએ મોટાભાગે એ જ છે કે હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہની સાથે અક઼ીદત તથા મહોબ્બત ધરાવનારા ઈશ્ક઼ો મહોબ્બતના તક઼ાઝા હેઠળ એ દિવસે ગ્યારહવીંનો જશ્ન મનાવે છે જેમાં આપના સવાબ માટે કુર્આન ખ્વાની થાય છે, આપનો ઉલ્લેખ વાઈઝ વઅઝ કરીને તથા નઅતખ્વાં નઅત મન્ક઼બત પઢીને કરે છે, સૌ અદબથી બેસીને સાંભળે છે, હુઝૂર ﷺ પર ખૂબ જ પ્રમાણમાં દુરૂદ પઢવામાં

આવે છે, છેવટમાં ન્યાઝ વહેંચવામાં કે ખવડાવવામાં આવે છે. તો એમાં કાંઈ જ બુરાઈ નથી.

જેમ કે **હઝરત શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ એ (જેમને માનવાનો દાવો દેવબંદીઓ પણ કરે છે તે) ફર્માવ્યું કે, ''દર વરસે એક નિશ્ચિત તારીખે બુઝુર્ગોની કબ્રોની ઝિયારતના માટે જવા સંબંધે સવાલના જવાબમાં આપે ફર્માવ્યું કે, બુઝુર્ગોની ઝિયારત માટે જવા માટેની ત્રણ સ્થિતિઓ છે, **એક** એ કે એક અથવા બે શખ્સો આમ લોકોની મજલિસ વિના બુઝુર્ગોની કબ્રો પર કેવળ ઝિયારત તથા ઈસ્તિગફારના માટે જાય. આટલુ રિવાયતના આધારે સાબિત છે. **બીજી** સ્થિતિ એ છે કે ઘણા બધા લોકો મજલિસની શકલમાં ભેગા થાય અને કલામ શરીફનો ખત્મ કરે અને મીઠાઈ તથા ખાણા પર ફાતિહા પઢીને હાજરજનોમાં વહેંચે. આ રીત પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم, ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સમયમાં અમલમાં ન આવી, પણ **કોઈ જો આ રીતે કરે તો વાંધો નથી, એટલા માટે કે એમાં કોઈ બુરાઈ નથી,** બલ્કે એનાથી **જીવતા** તથા **મુડદાંઓને ફાયદો હાંસલ થાય છે.''**

સાબિત થયું કે આ જ પ્રમાણે જો કોઈ શખ્સ ઘણા બધા લોકોને જમા કરીને હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની રૂહ મુબારકને ઈસાલે સવાબ પહોંચાડવાની નિય્યતથી કલામુલ્લાહ શરીફ ખત્મ કરીને અથવા વઅઝ શરીફ કરાવીને અથવા દુરૂદ શરીફ પઢાવીને અથવા નઅતખ્વાની કરાવીને મીઠાઈ કે ખાવા પર ખતમ શરીફ પઢીને મેહફિલમાં વહેંચે તો કાંઈ જ વાંધો નથી, કેમ કે એમાં કોઈ જ બુરાઈ નથી, બલ્કે એમાં જીવતાં તથા મુડદાંને ફાયદો છે. વળી ગૌષે પાક رضی اللہ عنہ ની સાથે સર્વ બુઝુર્ગો તેમજ સર્વ મર્હૂમોને પણ ઈસાલે સવાબ થાય છે, દુઆઓ થાય છે.

વળી મલ્ફૂઝાતે અઝીઝી ફારસી, પેજ–૨૨ ઉપર છે : ''હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ના રોઝા મુબારક પર ૧૧મી તારીખે બાદશાહ વગેરે શહેરના અગ્રેસરો ભેગા થતા. અસરની નમાઝ બાદ મગરિબ સુધી કલામુલ્લાહ શરીફની તિલાવત કરતા અને હઝરત ગૌષે આ'ઝમની તારીફમાં મન્કબત પઢતા. મગરિબ પછી સજ્જાદાનશીન હાજર રહેતા અને તેમની આસપાસ મુરીદો ટોળામાં જોરથી ઝિક્ર કરતા. એ જ હાલતમાં કેટલાકના પર વજદાની કૈફિયત છવાઈ જતી. ત્યારબાદ ખાણુ, શીરીની જે ન્યાઝ તૈયાર કરેલી હોય તે વહેંચવામાં આવતી અને ઈશાની નમાઝ પઢીને લોકો વિદાય થતા. *(મલ્ફૂઝાતે અઝીઝી, પેજ–૨૨)*

### ★ ૧૧વીંની મજલિસમાં શરીક થવાના ફાયદા ★

હદીષ શરીફમાં પણ છે કે, ''એઓ તે લોકો છે કે એમની પાસે બેસનાર બદબખ્ત નથી રહેતો.'' હુઝૂર صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ''જન્નતમાં લાલ યાકૂતના થાંભલા હશે, તેમના દરવાજા રાખેલા હશે, તે એટલા પ્રમાણમાં રોશન હશે કે જાણે તારાઓ. આપને પૂછવામાં આવ્યું કે એમાં કોણ રહેશે ? આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **જેઓ એકબીજાને કેવળ અલ્લાહને ખાતર જ મળે છે અને મહોબ્બત કરે છે.''** તિબ્રાનીમાં એક હદીષ છે કે, **''જ્યારે એક મુસલમાન, બીજા મુસલમાનની (ઝિયારત) મુલાકાતના માટે ઘરેથી નીકળે છે તો સિત્તેર હજાર ફરિશ્તાઓ એને વિદાય આપે છે** અને **તેના માટે મગફેરતની દુઆ કરે છે.** જો કોઈ **નેક મજલિસ**માં બેસે છે તો એવી **દસ બુરી મજલિસોમાં બેસવાનો કફ્ફારો** થઈ જાય છે. *(૧૧વીં ઔલિયા વ ઉલમા કી નઝરમેં, ફૈઝ અહમદ ઉવૈસી)*

૧૧વીં શરીફની મજલિસ જેમાં અલ્લાહ વ રસૂલ صلی اللہ علیہ وسلم નો ઝિક્ર, અવલિયાના અહવાલ વર્ણન થાય છે, દુરૂદ શરીફ પઢવામાં આવે છે, નઅતખ્વાની થાય છે, ઈમાનવાળાઓ કેવળ અલ્લાહને ખાતર જ એક સાથે મહોબ્બતભેર બેસે છે. જેથી ઉપરોક્ત બશારતોના એઓ હક્કદાર થાય છે.

### ★ દેવબંદી પેશવાઓના પીર હાજી ઈમ્દાદુલ્લાહ શું કહે છે ? ★

હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી (رحمۃ اللہ علیہ)

જે દેવબંદી પેશવા (થાનવી વગેરે)ના પીર છે તે ૧૧વીં શરીફ તથા બુઝુર્ગાને દીનના ઉર્સ શરીફના વિશે ફર્માવે છે : ''તો ઈસાલે સવાબ પહોંચાડવાનો તરીકો કોઈ પ્રકારની સાથે ખાસ નથી, અને ૧૧ વીં હુઝૂર ગૌષ પાક رحمۃ اللہ علیہની, દસમુ, વીસમુ, ચાળીસુ, છમાહી, વરસી વગેરે અને હઝરત શયખ અબ્દુલ હક્ક રૂદોલ્વી رحمۃ اللہ علیہનો તોશો તથા શાહ મિના, હઝરત શાહ અબૂ કલંદરી رحمۃ اللہ علیہ, તથા શબે બરાતનો હલ્વો, અને અન્ય ઈસાલે સવાબનાં તરીકા આ જ કાયદા પર આધારિત છે. *(ફૈસલા હફત મસ્અલા, પેજ : ૮)*

હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કીને અહલે હદીષના ''અલ્ એઅ્તિસામ'' અઠવાડિક (લાહોર)માં ''આસ્માને મિલ્લત પર દીને હૂદાના ચમકતા સિતારા, ઈલ્મો અમલની દુનિયામાં શાનદાર મકામ હાંસલ કરનાર'' લખ્યા છે. *(અલ્એ અ્તિસામ, પેજ : ૭, ૯–માર્ચ, ઈ.સ. ૧૯૫૬)*

છતાં શક્ય છે કે ગૈર મુકલ્લિદ, હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કીની ન માને, પરંતુ **દેવબંદીઓએ તો તેમનું ન માનવામાં શરમ કરવી જોઈએ કે એ તો તેમના પેશવાના પીરો મુર્શિદ છે !** અને જો નથી જ માનવું તો પછી **હિંમત હોય તો તેમને પણ બિદઅતી, હરામ તથા શિર્ક કરનાર જાહેર કરે !**

## ★ ઝબહ વેળા મુસલમાનના હાથે અલ્લાહના નામથી ઝબહ થાય તે સૌ હલાલ છે !! ★

જ્યારે કોઈ જાનવર કે ચીજના માટે બોલવામાં આવે જેમ કે પીરનો બકરો, ઈસ્માઈલની બકરી, અબ્દુલ જબ્બારનુ ઘેટુ, ગૌષ પાકનું ઘેટુ, ગૌષ પાકની ૧૧વીં... અને **જે તે જાનવરને ઝબહ વેળા અલ્લાહના નામ સાથે ઝબહ કરવામાં આવે તો તે હલાલ તથા પાક છે.** ''પીરનો બકરો'' તથા ''ઈસ્માઈલનું ઘેટુ'' કહેવાથી તે હરામ નહીં થઈ જાય, **જ્યારે તેમને અલ્લાહનુ નામ લઈને ઝબહ કરવામાં આવે તો યકીનન હલાલ તથા પાક છે,** હા ! **જો ઝબહ વખતે અલ્લાહના નામને બદલે (''બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર''ને બદલે) પીર સાહબનું નામ લેવામાં આવેતો તે હરામ છે !** પણ એવું કોઈ જાહિલથી જાહિલ પણ નથી કરતો, ઝબહ અલ્લાહના નામથી જ થાય છે.

એક બુઝુર્ગનો વાક્યો અગાઉ આપ્યો તે કિતાબમાં છે કહે છે : હવે એના બારામાં મસ્અલો સંભળાવુ છું તેને ધ્યાનથી સાંભળો ! પંજાબમાં હું એક દિવસ ઘોડા પર સવાર થઈને કોઈ ગામ જઈ રહ્યો હતો. રસ્તામાં એક જમીનદારે એક ખેતરેથી આવીને મારો ઘોડો રોકીને કહ્યું કે, મસ્અલો સમજાવો ! મેં કહ્યું, કયો મસ્અલો ? તેણે કહ્યું કે રાત્રે અમારા ગામમાં એક મોલ્વી આવ્યા તેણે આખી રાત અમારી ઊંઘ ખરાબ કરી, અને એવું જ કહેતો રહ્યો કે જે ચીજ પર ગયરુલ્લાહનું નામ આવે તે હરામ થઈ જાય છે. શું આ સાચુ છે ? મેં કહ્યું કે, આ ખેતર કોનુ છે ? કહેવા લાગ્યો, મારું ! એની સાથે એક બાળક પણ આવ્યો હતો. મેં પૂછયું કે આ બાળક કોનું છે ? તેણે કહ્યું, મારું છે. તેની સાથે બળદ પણ હતા. મેં પૂછયું, આ બળદ કોના છે ? તેણે કહ્યું, મારા છે ! એના પર મેં કહ્યું કે મોલ્વીના કહેવાના આધારે તારુ ખેતર તારા પર હરામ થઈ ગયું, તારો બાળક પણ હરામનો થઈ ગયો, અને તારા બળદ પણ તારા માટે હરામ થઈ ગયા, એ કારણે કે એના પર તારું નામ આવ્યું. જ્યારે કે એવું નથી ! તેણે હાથ જોડીને કહ્યું કે મેં મસ્અલો સમજી લીધો ! મેં તેને કહ્યું કે એની આગળ પણ સમજી લે, એ મોલ્વીને મારા તરફથી પૂછો કે તેની મા પર કોનુ નામ પુકારવામાં આવતુ હતું ? રબની જોરૂ પુકારવામાં આવતી હતી કે તેના બાપની જોરૂ ? યાદ રાખો ! કોઈ ચીજ કોઈ ઈન્સાન પર હલાલ નથી થતી જ્યાં સુધી એ ચીજ પર અલ્લાહ સિવાય કોઈ અન્ય ચીજનું નામ ન આવે. નિકાહ એ ગૈરુલ્લાહના નામને આવવાનું નામ છે, નહીં તો કોઈ સ્ત્રીને અલ્લાહની બંદી કહી દેવામાં આવે અને કોઈના નામ સાથે સંબંધિન ન કરવામાં આવે તો તે કોઈના પર

હલાલ નથી થઈ શકતી. *(મલ્ફૂઝાતે અમીરે મિલ્લત, પેજ : ૧૩૩)*

**★ શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વીનું ૧૧વીં વિશે ફર્માન ★**

જેમને માનવાનો દાવો દેવબંદીઓ પણ કરે છે તો તેમની વાતોને પણ માનશે ! કેમ કે હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના શયખ તથા મુર્શિદ શયખ અબ્દુલ વહ્હાબ ક઼ાદરી મુત્તક઼ી رحمۃ اللہ علیہનો તરીક઼ો પોતાની કિતાબ "મા ષબત બિસ્સુન્નહ", પેજ : ૬૭ ઉપર લખે છે :–

".....મેં મારા પીરો મુર્શિદ સૈયદિના ઈમામ આરિફે કામિલ શયખ અબ્દુલ વહ્હાબ ક઼ાદરી મુત્તક઼ી મક્કી رحمۃ اللہ علیہને જોયા છે કે શયખ رحمۃ اللہ علیہ આપ (ગ઼ૌષે આ'ઝમ)ના ઉર્સના દિવસના માટે આ જ તારીખ યાદ રાખતા હતા. પરંતુ આ રિવાયત પર વિશ્વાસ કરીને અથવા એ સબબે કે પોતાના પીરો મુર્શિદ શયખ કબીર અલી મુત્તક઼ી رحمۃ اللہ علیہ અથવા અન્ય કોઈ બુઝુર્ગોને જોયા હોય." (સારાંશ કે ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہનો દિવસ મનાવતા હતા.)

તેમજ શયખ અમાનુલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہના હાલાતમાં શયખુલ મુહદ્દિષીન અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે માહે રબીઉલ આખર શરીફની ૧૧મી તારીખે ગ઼ૌષુષ્ષકલૈન رضی اللہ عنہનો ઉર્સ મુબારક કર્યા કરતા હતા. *(અખ્બારુલ અખ્યાર શરીફ, પેજ : ૨૪૨)*

આ શયખ અમાનુલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ વલીએ કામિલ **આજથી પોણા છસો વરસો પહેલાં** પાનીપતમાં મશ્હૂર બુઝુર્ગ થઈ ગયા. એ સમયથી ૧૧વીં શરીફના આમિલ હતા, જ્યારે કે હજી વહાબિયત, દેવબંદિયતનું નામો નિશાન પણ ન હતું ! એનાથી સાબિત થયું કે ૧૧ વીં શરીફ તો બિદઅત ન થઈ પણ બાદમાં પેદા થઈને જેઓ શોર મચાવે છે તેઓ જ બિદઅતી છે !

**★ હે વહાબીઓ ! જેમને બુઝુર્ગ માનો છો તેમનું તો માનો ?! ★**

મિર્ઝા મઝહર જાને જાનાં رحمۃ اللہ علیہના વિશે મોલ્વી અબૂ યહયા ઈમામખાં નવશહરીએ (જે "અહલે હદીષ' ખયાલ ધરાવે છે) પોતાની કિતાબ "હિંદુસ્તાનમેં અહલે હદીષ કી ઈલ્મી ખિદમાત"માં તેમને "અહલે હદીષ" ચિતર્યા છે ! (ઉછીના લઈ લીધા !)

ગ઼ૈર મુક઼લ્લિદોએ કેવળ પોતાના અંકના પેજો વધારવા માટે તેમને પોતાના જેવા લખી નાખ્યા, નહીં તો હક઼ીક઼ત એ છે કે **હઝરત મિર્ઝા જાને જાનાં નક઼્શબંદી સિલસિલાના સરતાજ છે.** ક઼ાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہની "તફસીરે મઝહરી" એ એમના જ નામથી સંબંધિત છે. અને મિર્ઝા જાને જાનાં પાયાના વલી અલ્લાહ છે. તેમણે ૧૧વીં શરીફની અઝમત તથા મહાનતા કેવી શાનથી દર્શાવી છે કે, (ખ્વાબનું વર્ણન કરીને) એમાં સૈયદના અલીએ મુર્તઝા رضی اللہ عنہ તથા સૈયદના ઉવૈસ ક઼રની رضی اللہ عنہની શિર્કતનો ઉલ્લેખ કર્યો અને ૧૧વીં શરીફની મહેફિલ પર નૂરની વર્ષાનો અનુભવ કર્યો. પરંતુ અફસોસ કે તેમને પોતાના પેશવા માનીને પણ મહેફિલે ૧૧વીં શરીફ વિરુદ્ધ વહાબીઓ બકવાસ કરે છે !

**★ શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો અમલ ★**

શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہએ મિર્ઝા જાને જાનાં رحمۃ اللہ علیہના મલ્ફૂઝાત પોતાની કિતાબ "કલેમાતે તૈયેબાત"માં ભેગા કર્યા છે અને શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીને પણ દેવબંદીઓ, ગ઼ૈર મુક઼લ્લિદો પોતાના ગણે છે ! અમે કહીએ છીએ કે જો ખરેખર તેમને માનો છો તો કઈ રીતે તેમની માન્યતાઓને શિર્ક, હરામ, બિદઅત કહો છો ! શરમ કરો ! શરમ કરો !

સમજદારો માટે આટલુ પૂરતુ છે અને હઠધર્મીઓ માટે લાયબ્રેરીઓ પણ નકામી છે !

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ શાદી મુબારક ! ★

**દયાદરા** : ખાતે તા. ૨૨–૧૨–૨૦૧૩ના રોજ ડો. સાજિદ યૂસુફ ઈસ્હાક મૂસા (USA)ની નેક દુખ્તર શબાનાના નિકાહ હૈદ્રાબાદ નિવાસી હાજી ગુલામ દસ્તગીર (USA)ના નેક ફરઝંદ અઝહર સાથે ઝહોરની નમાઝ બાદ રાખવામાં આવ્યા. આગલા દિવસે ઈશાની નમાઝ બાદ મહેફિલે નઅત સજાવવામાં આવી જેમાં જનાબ કારી મક્સૂદ સાહબ કાવીવાલા (પેશ ઈમામ–દયાદરા)એ આ'લા હઝરતના તેમજ અન્ય બુઝુર્ગોના કલામ અનોખા અંદાઝમાં પેશ કર્યા હતા. મુબારકબાદ ! સાજિદભાઈ તરફથી શાદીની ખુશીમાં રૂા. ૨૦૦૦/– મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોની જિંદગીને ખુશીઓથી ભરી આપે, બરકતોથી નવાઝે બંને જહાનમાં આબાદ રાખે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ભરૂચમાં જશ્ને આ'લા હઝરત ★

**ભરૂચ** : જૂની કોર્ટ રોડ, લાલ બજાર ખાતે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના યાદમાં ૧૭–૧૨–૨૦૧૩ મંગળવારે ઈશાની નમાઝ બાદ ખૂબ જ શાનો શૌકત "જશ્ને આ'લા હઝરત" હઝરત સૈયદ ઝયનુલ આબેદીનબાવાની સદારતમાં મનાવાયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી મુહમ્મદ રિઝવાનખાં સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લમી)એ આ'લા હઝરતની શાનમાં પોતાની આગવી અદામાં બયાન તથા નઅતો મન્કબત પેશ કરી હતી. અન્ય સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા, મુબલ્લિગોએ હાજરી આપી હતી.

**દયાદરા** : ખાતે ૨૫–સફર હિ.સ. ૧૪૩૫ના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઉર્સના મોકા પર "મેહફિલે નઅત" સજાવવામાં આવી જેમાં અધિક્તર આ'લા હઝરતની લખેલ નઅતો તેમજ મન્કબતોના ગુલદસ્તા કારી મક્સૂદ કાવીવાલા (પેશ ઈમામ–દયાદરા)એ પેશ કરી મજમાને ઝુમાવી દીધો હતો.

### ★ નાપાડમાં જશ્ને ઈમામ અહમદ રઝા ★

**નાપાડ (તા. જિ. આણંદ)** : ખાતે તા. ૨૭–૧૨–૨૦૧૪ (૨૩ સફર હિ.સ. ૧૪૩૫) જશ્ને આ'લા હઝરત رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) ભોલાવવાળાએ નઅતો મન્કબત પેશ કરી હતી અને હઝરત મુફતી મુહમ્મદ અશરફ સાહબ (પોરબંદર)એ આ'લા હઝરતની હયાત તથા ખિદમાત તથા પગયામાતને ખૂબ જ ઈસ્લાહી અંદાઝમાં પેશ કર્યા હતા. શાદીની ગલત રસ્મો પર પણ આ'લા હઝરતના અક્વાલ પેશ કર્યા હતા. –રજૂ *: (મૌલાના) મુહમ્મદ અન્વર રઝા અમજદી (નાપાડ)*

### ★ ઉર્સે દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ★

**બીરપુર શરીફ** : (જિ. મહીસાગર) ખાતે વિશ્વવિખ્યાત બુઝુર્ગ હઝરત સૈયદ ખ્વાજા મહમૂદ મહબૂબે ઈલાહી દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ૪૯૪મો ઉર્સ મુબારક તા. ૭–૨–૨૦૧૪થી ૧૩–૨–૨૦૧૪ ચાંદ ૭–૨બી આખરથી ૧૩ સુધી શાનો શૌકતથી મનાવાશે. ૧૧વીંની રાત્રે ઈશા બાદ કુર્આનખ્વાની, સંદલ શરીફ, ફાતેહા, ગુલપોશી, શજરા શરીફ પઢાશે. અસંખ્ય બીમારો, જિસ્માની, રૂહાની, માનસિક તકલીફવાળા સૌને આ દર પર શિફા મળે છે, બે ઔલાદને બુઝુર્ગના વસીલાથી ઔલાદ નસીબ થાય છે. જેમાં હાજરીની આમ દા'વત આપવામાં આવે છે. રજૂકર્તા : (હઝરત પીરઝાદા સૈયદ હસનમુસન્નામિયાં S/o. હઝરત પીર સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ)

# આલમી સુન્ની ઈજતેમામાં ત્રણ લાખથી વધુ મેદની ઉમટી પડી !

આલમી તેહરીક **"સુન્ની દાવતે ઈસ્લામી"**નો ૨૩મો વાર્ષિક ઈજતેમા વાદીએ "નૂર" આઝાદ મેદાન–મુંબઈ ખાતે યોજાયો જેમાં **પ્રથમ દિવસ** : તા. ૧૩–૧૨–૨૦૧૩ જુમ્આ બાદ બહેનો માટેનો ઈજતેમા કારી રિયાઝુદ્દીન સાહબની તિલાવતથી શરૂ થયો, હઝરત મુફતી ઝુબેર સાહબે ઔરતોના સવાલોના જવાબો આપ્યા. નિઝામત તથા તર્બિયત અલ્હાજ કારી રિઝવાન સાહબે સંભાળી. અસર બાદ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી (સેક્રેટરી વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.)એ જણાવ્યું કે સ્ત્રી જો ધારે તો પૂરો માહોલ ઈસ્લામી પવિત્રતાવાળો બનાવી શકે છે, ઈસ્લામનાં સ્ત્રીઓ પર એહસાનોનો ઉલ્લેખ કર્યો. મગરિબ બાદ અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવીએ "ફુઝૂલખર્ચીની બુરાઈઓ" પર સ્ત્રીઓની તર્બિયત કરતું અસરકારક બયાન કર્યું. ઈશા બાદ ઝિક્રો દુઆમાં બહેનોએ તૌબા કરીને ઈસ્લામી તાલીમાત પર ચાલવા અહદ કર્યો હતો. **બીજો દિવસ** : તા. ૧૪–૧૨–૨૦૧૩ શનિવાર તહજ્જુદથી રવિવાર રાતના ૧૦ વાગ્યા સુધી મર્દો માટે ચાલેલા બે દિવસના ઈજતેમામાં ઝોહર સુધી સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લિગોએ શરીક થનારાઓની તર્બિયત કરી, ઝોહર બાદ મૌલાના ફૈયાઝઅહમદ–રાજસ્થાનનું બયાન થયું. મૌલાના કમરુઝ્ઝમાં આઝમી સાહબે "અઝમતે રસૂલ ઔર મુસ્તશ્રિકીન" વિશે વિવિધ નબી પાક ﷺની ઝાતે પાક પર વાંધાઓના ઈમાન અફરોઝ જવાબો આપ્યા હતા. અસર બાદ મુફતી ઝુબેર સાહબ સાથે સવાલો–જવાબનો પ્રોગ્રામ ચાલ્યો. ત્યાર બાદ મૌલાના ફરોગુલ કાદરી (ગ્લાસગો, યુ.કે.)એ દુનિયાની નજાત કેવળ નબી કરીમ ﷺના બંધારણ પર અમલમાં જ છે એ વિષયે શાનદાર બયાન કર્યું. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ "શાને ઈલાહી" પર બયાન કર્યું. મુફસ્સિરે કુર્આન અલ્લામા કારી ઝહીરુદ્દીન સાહબે ઈબાદત તથા ઈસ્તિઆનત પર અસર અંગેઝ બયાન કર્યું. **ત્રીજો દિવસ** : તા. ૧૫–૧૨–૨૦૧૩ રવિવારે તહજ્જુદથી શરૂ થયો, ઝહોર સુધી મુબલ્લિગો તર્બિયત કરતા રહ્યા, ઝહોર બાદ સુન્ની દા'વતે ઈસ્લામી તેહરીક હેઠળ ચાલતા વિવિધ મદ્રસાના ફારિગ થયેલ તલબાની દસ્તારબંદી તથા ખત્મે બુખારી હઝરત મૌલાના મુહમ્મદ ઐયૂબ મિસ્બાહી (રોનાહી) થકી કરવામાં આવી હતી. આરિફ પટેલ (મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી–યુ.કે.)એ અંગ્રેજીમાં નવા જનરેશનની સુધારણા કરતુ સચોટ બયાન કર્યું હતું. મુહક્કિકે મસાઈલે જદીદા મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબ થકી સવાલો જવાબનો સેશન થયો, જેમાં ઈલ્મના મોતીઓ વરસી રહ્યાં હતાં. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ "બસ્તીયાં ક્યૂં તબાહ હોતી હૈં ?" વિષયે કુર્આનની રોશનીમાં દિલને સ્પર્શનારું બયાન કર્યું. છેવટમાં અલ્લામા આ'ઝમી સાહબે "અઝમતે રિસાલત" ﷺ પર દિલની કળીઓ ખિલવી દેનારું ઈમાન અફરોઝ બયાન કર્યું. અંતમાં ઝિક્ર દરમ્યાન હાજરજનોએ રડી રડીને તૌબા કરી અને દુઆ કરી. છેવટમાં સલાતો સલામ બાદ ઈજતેમાની સફળ તાપૂર્વક પૂર્ણાહૂતી થઈ હતી.

# પીર હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ مدظلہ العالی

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદની વિઝિટે.......

આમોદ : ખાતે તા. ૪–૧–૨૦૧૪ રવિવારે "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ની વિઝિટે પીરે તરીકત હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ (સજ્જાદાનશીન દરગાહ હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ) તશરીફ લાવ્યા હતા. આપ હઝરતે દારુલ ઉલૂમનો મુઆએનો કર્યો હતો અને કામકાજની કાર્યવાહી જોઈ સંતોષ વ્યક્ત કર્યો હતો તથા "હેરા ઈંગ્લિશ સ્કૂલ"ના તથા દારુલ ઉલૂમના ચાલી રહેલા બાંધકામથી ખુશી પ્રદર્શિત કરી હતી. આપે આપના મુરીદો તથા ખલીફા હઝરાતને અપીલ કરી છે કે આ કામોમાં ભરપુર સહાય કરે. આપની આ વિઝિટ બદલ તથા આપે સહકારનું વચન આપીને અમારી હોસલા અફઝાઈ કરી એ બદલ અમો આપના શુક્રગુઝાર છીએ. *લિ. અરાકિને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*

# કોણ છે રાહે ખુદામાં અમારો મદદગાર ?!

આજે લોકો પોતાના ત્યાં શાદી પ્રસંગ કે અન્ય ફંકશન કરે છે તો આંખો મીંચીને રૂપિયા ખર્ચે છે જેમાં જાઈઝ નાજાઈઝ સર્વ કામો થાય છે, લોકોમાં ભપકો પાડવા માટે પણ લાખો રૂપિયા ઉડાડી દેવામાં આવે છે, જ્યારે કે એ દૌલત અલ્લાહની આપેલી છે અને એનો શુક્ર એમાં છે કે જેનાથી એ રાજી થાય તે માર્ગે ખર્ચવામાં આવે. ફુઝૂલખર્ચીમાં લોકો જાહેરમાં તો વાહ વાહ કરી દેશે પણ રબ તઆલાને ત્યાં તમારી પકડ થશે અને અઝાબ પણ વેઠવાનો થાય ! દૌલત ક્યાંથી લાવ્યા અને ક્યાં ખર્ચી ? પાઈ પાઈનો હિસાબ કયામતમાં થશે !

જ્યારે કે એ જ રબની અતા કરેલી દૌલત અલ્લાહની રાહમાં ખર્ચશો, નેક જાઈઝ કામોમાં વાપરશો તો કબ્રમાં, કયામતમાં તમારા માટે એ નેકીઓ અઝાબથી બચવાનો તથા રાહતનો સામાન બનશે અને છેવટે જન્નતમાં પ્રવેશનો સબબ પણ બનશે. જેથી જેમને અલ્લાહે દૌલત આપી છે તેઓ ગંભીરતાથી વિચારી શાદીઓમાં ફુઝૂલખર્ચી, ભપકો પાડી દેવાનું ગાંડપણ છોડીને એ જ દૌલત રાહે ખુદામાં ખર્ચ કરે એવી અપીલ છે. રાહે ખુદામાં તમારો માલ ખર્ચવા માટે અમારી પાસે ઘણા પ્રોજેક્ટો છે જેમાંથી અમુક નીચે પ્રમાણે છે :–

## "હેરા ઈંગ્લિશ સ્કૂલ–આમોદ"

જે દીની દુનિયવી એજ્યુકેશન માટે **"સુન્ની દાવતે ઈસ્લામી" તેહરીકના હેઠળ ચાલશે**, દારુલ ઉલૂમ **બરકાતે ખ્વાજા–આમોદ (જિ. ભરૂચ)** ખાતે જેનું બાંધકામ ચાલે છે અને હાલ સખત જરૂરત છે કે વેળાસર આપની મદદ રોકડ કે મટિરિયલથી પહોંચે. **એક રૂમના રૂા. ૩.૫ લાખ** લેખે જવાબદારી સ્વીકારી અહલે સુન્નતની આ એક સ્કૂલને ચાલુ કરવામાં **ફક્ત લિલ્લાહ** સહાય કરશો.

## ફયઝાને રઝા ઈબાદતગાહ–ભરૂચ

સંચાલિત : "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"

(નેશનલ ટ્રેડ સેન્ટર–પાંચબત્તી) જેની જગા (સ્લેબ)નો લગભગ ત્રીસ લાખમાં સોદો થઈ ગયો છે. સુન્નીઓ માટે એકદમ જરૂરતની જગાએ કે એટલામાં કોઈ સુન્ની મસ્જિદ નથી એવી જગાએ છે. હજી બાંધકામ પણ બાકી છે. તો સુન્નિયતની લાગણી સમજીને ચકાસણી કરીને પછી બને તેટલી અધિક સહાય મોકલશો. **લિલ્લાહ, ઝકાત પણ આપી શકશો.**

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

(ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુ.પો. આમોદ) જગાની તંગી પડવાથી પહેલા માળે નવા ચાર રૂમો બનાવવાનું શરૂ કર્યું છે, તો **તમારા તથા મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહ, ઝકાત, સદકા, ફિદીયા વગેરે આપી ભરપુર સહાય કરશો.**

રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદકામાં બેહતરીન બંને જહાનમાં સહાય કરનારાઓને બદલો આપે. (આમીન) સંપર્ક કરો :

(પ્રમુખ) **પટેલ શબ્બીર અલી રઝવી**, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
(નાઝિમે આ'લા) **હાફિઝ અ. રહીમ ભોલાવવાળા**, મો. ૯૪૨૬૮ ૪૦૨૭૭

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ-૫)"** હાલમાં છપાઈને આવવાની તૈયારી છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. સાડા ત્રણ લાખ** (૩૦૦૦ કોપી)નો ખર્ચ થયો છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/-** ભરી **"અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે. (ભાગ : ૪નો અનુવાદ પણ પૂર્ણ થયો છે.)

**સંપર્ક કરો :-** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## જન્નતમાં ઘર બનાવો !

**માલેગાંવ :** (મહારાષ્ટ્ર) ખાતે અલ્હમ્દુલિલ્લાહ ! "સુન્નિયતની તબ્લીગ"નું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. તેહરીકના મર્કઝ "મસ્જિદે યા રસૂલલ્લાહ" (ﷺ) જેના બાંધકામની અતિશય જરૂરત હોવાથી કામ શરૂ કરી આપેલ છે. એક કરોડ જેટલો ખર્ચ થવા સંભવ છે. સ્થાનિક આબાદી ગરીબ હોઈ સખીદાતાઓને અપીલ છે કે શક્ય તેટલી વધુ સહાય કરીને જન્નતમાં તમારું ઘર બનાવો. મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ સવાબે જારીઆના કામમાં દિલ ખોલીને સાથ આપો એવી નમ્ર અપીલ છે. સહાય મોકલવા સંપર્ક કરો :- મોબાઈલ : ૦૯૪૨૭૪ ૬૪૪૧૧, ૦૯૪૨૬૮૪૦૨૭૭ (ભરૂચ) તથા જમીલભાઈ ૦૯૩૭૧૮૦૮૦૭૦ (માલેગાંવ)

### ★ "મસ્જિદે ઈમામ અહમદ રઝા"ના માટે અપીલ ★

**ભરૂચ** : મુકામે નૂર પાર્ક, ખુશ્બુ પાર્ક પાછળ, શેરપુરા ડુંગરી રોડ ખાતે "મસ્જિદે ઈમામ અહમદ રઝા" (رحمۃ اللہ علیہ)ની સંગે બુન્યાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)ના મુબારક હસ્તે તા. ૭-૧-૨૦૧૪ના રોજ અસર બાદ કરવામાં આવી હતી. તમામ સર્વ સુન્ની ભાઈ બહેનોને અપીલ કરવામાં આવે છે કે રોકડ કે મટિરિયલ રેતી, કપચી, સિમેન્ટ, સ્ટીલ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે આપી અપાવીને જન્નતમાં મહેલ પામો.

સંપર્ક કરો : **પટેલ શબ્બીર અલી રઝવી**, (પ્રમુખ) ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા
(મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૦૨૬૪૨-૨૮૦૦૧૧)

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. રાઠેડ સુન્ની યુવતી (NRI)** : ઉંમર : ૨૯ વર્ષ, નેક સૂરત, નેક સીરત, કેનેડા સ્થિત યુવતી માટે યોગ્ય પાત્ર સુન્ની એજ્યુકેટેડ યુવાનની તલાશ છે : સંપક મોબાઈલ નં. : **9714840277**

**નોંધ :** વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)-કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## ----------------::: ભૂલ સુધારી લેશો :::----------------

"બરકાતે ખ્વાજા" (માસિક), જાન્યુ-૨૦૧૪, પેજ નં. ૬, લીટી નં. ૨૦ને સુધારીને આ પ્રમાણે વાંચવી : "જે નબી કરીમ ﷺનો પોતાને ગુલામ સમજે" *[અમો રબ તઆલાથી આ પ્રિન્ટિંગની ભૂલ બદલ તૌબા કરીએ છીએ અને સૌ વાંચકોને વિનંતિ કે જરૂરથી આ પ્રમાણે સુધારણા કરી લેશે. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*